# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

17 MARCH, 2026 TUESDAY



પેજ 2  બરોડા ક્રિકેટ એસોસિયેશનની ચૂંટણી સંદર્ભે સિંગલ જજનો ચુકાદો કર્યા છે

પેજ 3  ડભોઈ તાલુકાના સાઠોદ ગામ પાસે નર્મદા કેનાલના રિપેરીંગમાં ભ્રષ્ટાચારની ગંધ?

પેજ 7  રાજકોટમાં 6 શખસોએ કુહાડી-પાઈપના ઘા ફટકારી યુવકનું ખૂન કર્યું

પેજ 5  જેતપુરના નંદાણીયા નગરમાં શોર્ટ સર્કિટથી ખેતરમાં ભીષણ આગ, હજારોનું નુકસાન



I Pakkogujarat/ I VOL : 11 I Issue : 02 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### તાલિબાનનો આરોપ- કાબુલમાં હોસ્પિટલ પર બોમ્બ ફેંક્યા, સારવાર લઈ રહેલા અનેક લોકો માર્યા ગયા

# પાકિસ્તાનની અફઘાનિસ્તાન પર ફરી એરસ્ટ્રાઈક

### દારુલઅમાન, અરજાન કીમત, ખૈરખાના અને કાબુલ ઇન્ટરનેશનલ એરપોર્ટની આસપાસ ઘણી જગ્યાએ વિસ્ફોટો અને ગોળીબારના અવાજો સંભળાયા હતા

• કાબુલ

પાકિસ્તાને સોમવારે રાત્રે ફરી એકવાર અફઘાનિસ્તાન પર હવાઈ હુમલો કર્યો છે. સ્થાનિક મીડિયા અનુસાર, પાકિસ્તાની વાયુસેનાના લડાકુ વિમાનોએ રાજધાની કાબુલના ઘણા વિસ્તારોને નિશાન બનાવ્યા છે.રિપોર્ટ્સ અનુસાર, દારુલઅમાન, અરજાન કીમત, ખૈરખાના અને કાબુલ ઈન્ટરનેશનલ એરપોર્ટની આસપાસ ઘણી જગ્યાએ વિસ્ફોટો અને ગોળીબારના અવાજો સંભળાયા હતા. તાલિબાન સરકારના પ્રવક્તાઝબીહુલ્લાહ મુજાહિદે આરોપ લગાવ્યો છે કે પાકિસ્તાની સેનાએ કાબુલમાં એક નશા મુક્તિ હોસ્પિટલ પર બોમ્બ ફેંક્યા. તેમના મતે, હુમલા સમયે ત્યાં સારવાર લઈ રહેલા ઘણા લોકો માર્યા ગયા અને ઘાયલ થયા.

તાલિબાને આ હુમલાની સખત નિંદા કરતા તેને માનવતા વિરુદ્ધનો ગુનો ગણાવ્યો છે અને કહ્યું કે પાકિસ્તાને અફઘાનિસ્તાનની હવાઈ સીમાનું ઉલ્લંઘન કર્યું છે. જોકે, પાકિસ્તાન તરફથી આ હુમલા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.

રાજધાની કાબુલમાં PAK એરફોર્સના ફાઈટર જેટ્સે અનેક હુમલા કર્યા.(સોર્સ- આમજ ન્યૂઝ)



રાજધાની કાબુલમાં PAK એરફોર્સના ફાઈટર જેટ્સે અનેક હુમલા કર્યા. પાકિસ્તાને રવિવારે રાતભર કંધાર પ્રાંતમાં એર સ્ટ્રાઈક કરીને આતંકી ઠેકાણાઓને નિશાન બનાવવાનો દાવો કર્યો. પાકિસ્તાને આ કાર્યવાહી ઓપરેશન ગજબ-લિલ-હક હેઠળ કરી. તેના જવાબમાં અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે પાકિસ્તાનના સૈન્ય કેમ્પ પર હુમલો કર્યો.

પાકિસ્તાનના સૂચના મંત્રી અતાઉલ્લાહ તરાર મુજબ, હુમલામાં તે ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા જેનો ઉપયોગ તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) જેવા સંગઠનો સરહદ પાર હુમલાઓની તૈયારી માટે કરતા હતા.

પાકિસ્તાને એવો પણ આરોપ લગાવ્યો છે કે શુક્રવારે રાત્રે અફઘાનિસ્તાન તરફથી ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો, જેનો કાટમાળ પડવાથી ક્વેટામાં બે બાળકો સહિત કેટલાક નાગરિકો ઘાયલ થયા હતા.

પાકિસ્તાન-અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિપાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સંઘર્ષની શરૂઆત 22 ફેબ્રુઆરીએ થઈ હતી. પાકિસ્તાને અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં એરસ્ટ્રાઈક કરી હતી. પાકિસ્તાનના ઉપ ગૃહ મંત્રી તલાલ ચૌધરીએ દાવો કર્યો હતો કે સરહદી વિસ્તારોમાં TTPના ઠેકાણાઓ પર કાર્યવાહીમાં ઓછામાં ઓછા 70 લડવૈયાઓ માર્યા ગયા. બાદમાં પાકિસ્તાની અખબાર ડોને આ સંખ્યા 80 સુધી પહોંચવાનો દાવો કર્યો હતો. તેના જવાબમાં અફઘાનિસ્તાને 27 ફેબ્રુઆરીએ પાકિસ્તાન પર હુમલો કર્યો.અફઘાન સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે પાકિસ્તાનને 'યોગ્ય સમયે સણસણતો જવાબ' આપવામાં આવશે. મંત્રાલયે આ હુમલાઓને દેશની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું હતું.પાકિસ્તાન લાંબા સમયથી અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર પર દબાણ કરતું રહ્યું છે કે તે પોતાની જમીનનો ઉપયોગ કોઈ પણ આતંકવાદી સંગઠનને ન કરવા દે. ઈસ્લામાબાદનો આરોપ છે કે TTP અફઘાનિસ્તાનથી કાર્યરત છે, જ્યારે તાલિબાન સરકાર આ આરોપોને સતત નકારતી રહી છે.છેલ્લા કેટલાક અઠવાડિયામાં અફઘાન અને પાકિસ્તાની સુરક્ષા દળો વચ્ચે સરહદ પર ઘણી વખત અથડામણો થઈ છે. સંયુક્ત રાષ્ટ્રના અફઘાનિસ્તાન મિશન (UNAMA) અનુસાર, 26 ફેબ્રુઆરીથી 5 માર્ચની વચ્ચે પાકિસ્તાનની સૈન્ય કાર્યવાહીમાં 56 નાગરિકો માર્યા ગયા છે. આમાં 24 બાળકો પણ સામેલ છે.સંયુક્ત રાષ્ટ્ર શરણાર્થી એજન્સી અનુસાર, આ હુમલાઓના કારણે લગભગ 1.15 લાખ લોકો પોતાના ઘર છોડીને સુરક્ષિત સ્થળોએ જવા મજબૂર થયા છે.2001માં અમેરિકાના અફઘાનિસ્તાન પર હુમલા પછી પાકિસ્તાને અમેરિકાનો સાથ આપ્યો. આનાથી TTP નારાજ થઈ ગયું, તે તેને ઈસ્લામ વિરુદ્ધ માનતું હતું.TTP માને છે કે પાકિસ્તાન સરકાર સાચો ઈસ્લામ માનતી નથી, તેથી તે તેની વિરુદ્ધ હુમલો કરે છે.

### સુવેન્દુ અધિકારીને મમતાની બંને બેઠકો ભવાનીપુર-નંદીગ્રામથી ટિકિટ

## બંગાળમાં ભાજપે 144 ઉમેદવારોની પહેલી યાદી બહાર પાડી, કેરળમાં 47 ઉમેદવારોની જાહેરાત

• નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટી (BJP) એ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. પ્રથમ યાદીમાં 144 ઉમેદવારોના નામ છે. પાર્ટીએ સુવેન્દુ અધિકારીને નંદીગ્રામ અને ભવાનીપુરથી ટિકિટ આપી છે. આ બંને બેઠકો બંગાળના CM મમતા બેનર્જીની છે. સુવેન્દુ અધિકારીએ 2021 વિધાનસભા ચૂંટણીમાં મમતાને નંદીગ્રામ બેઠક પરથી હરાવ્યા હતા. નંદીગ્રામમાં હાર પછી મમતા ભવાનીપુરથી પેટાચૂંટણી જીત્યા હતા. ભવાનીપુર બેઠક TMCનો મજબૂત ગઢ માનવામાં આવે છે. મમતા 2011 થી 2021 સુધી સતત અહીંથી ધારાસભ્ય રહ્યા છે.

ભાજપે ડાયમંડ હાર્બરથી દીપક કુમાર હાલદારને ટિકિટ આપી છે. આ વિસ્તાર મમતાના ભત્રીજા અભિષેક બેનર્જીના લોકસભા ક્ષેત્રમાં આવે છે. હાલમાં અહીંથી TMCના પન્નાલાલ હલદર ધારાસભ્ય છે. ભાજપે બંગાળ ભાજપના પૂર્વ અધ્યક્ષ દિલીપ ઘોષને ખડગપુર સદરથી ટિકિટ આપી છે. ભાજપે બંગાળ પહેલાં કેરળમાં પણ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી. 140 માંથી 47 ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. પાર્ટીએ રાજ્યના ભાજપ અધ્યક્ષ રાજીવ ચંદ્રશેખરને નેમોમ બેઠક પરથી મેદાનમાં ઉતાર્યા છે. ચંદ્રશેખર 2024 ની લોકસભા ચૂંટણીમાં તિરુવનંતપુરમ બેઠક પરથી કોંગ્રેસના સાંસદ શશિ થરૂર સામે હારી ગયા હતા.14 વર્ષથી CM મમતા સામે BJP મુખ્ય પડકાર છે. 2026ની ચૂંટણીમાં TMC જીતશે તો મમતા બેનર્જી સતત ચોથી વખત મુખ્યમંત્રી બનશે. તેઓ આવું કરનાર દેશના પ્રથમ મહિલા હશે. જયલલિતાના નામે 5 વખત તમિલનાડુના મુખ્યમંત્રી બનવાનો રેકોર્ડ છે. જોકે, તેઓ 1991 થી 2016 સુધી અલગ-અલગ કાર્યકાળ (સતત નહીં) માં મુખ્યમંત્રી પદ પર રહ્યા હતા. દેશનું એકમાત્ર રાજ્ય છે, જ્યાં આજે પણ લેફ્ટ સત્તામાં છે. અહીં સત્તા બદલવાની પરંપરા રહી છે, પરંતુ 2021માં LDF એ આ ટ્રેન્ડને તોડીને સતત બીજી વખત સરકાર બનાવી. કોંગ્રેસ ગઠબંધનનો પ્રયાસ આ વખતે એન્ટી ઈન્કમ્બન્સીને રોકડ કરવાનો રહેશે.તેમજ, ભાજપ અત્યાર સુધી કેરળમાં એક પણ વિધાનસભા બેઠક જીતી શક્યું નથી. છેલ્લી લોકસભા ચૂંટણીમાં તેણે અહીં ત્રિશૂર લોકસભા બેઠક જીતી હતી.

## રાજ્યસભા ચૂંટણી 2026- NDAને 11માંથી 9 બેઠકો મળી:કોંગ્રેસ-BJDને 1-1 બેઠક

• નવી દિલ્હી

હરિયાણા, બિહાર અને ઓડિશાની 11 રાજ્યસભા બેઠકો પર સોમવારે ચૂંટણી યોજાઈ. NDAએ 11માંથી 9 બેઠકો પર જીત મેળવી. બિહારની તમામ પાંચ બેઠકો પર NDAના ઉમેદવારો વિજયી રહ્યા. ઓડિશાની 4 બેઠકોમાંથી 3 NDA અને 1 BJDએ જીતી. કોંગ્રેસે હરિયાણામાં એક બેઠક પર જીત મેળવી. હરિયાણામાં 88 મતોની ગણતરીમાં 8 કલાકનો સમય લાગ્યો.ચૂંટણી પંચે 18 ફેબ્રુઆરીએ 10 રાજ્યોમાં રાજ્યસભાની 37 બેઠકો માટે ચૂંટણીની જાહેરાત કરી હતી. આમાંથી 26 બેઠકો પર ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા, કારણ કે આ બેઠકો પર જેટલી બેઠકો હતી તેટલા જ ઉમેદવારો મેદાનમાં હતા. તેથી અહીં મતદાનની જરૂર પડી ન હતી.

બિહારઃ CM નીતિશ, ભાજપ અધ્યક્ષને 44-44 મત; મહાગઠબંધનના 4 ધારાસભ્યોએ મતદાન ન કર્યું બિહારમાં મુખ્યમંત્રી નીતિશ કુમાર અને નેશનલ બીજેપી પ્રેસિડેન્ટ નિતિન નવીને 44-44 મતો સાથે જીત નોંધાવી છે. JDUના રામનાથ ઠાકુરને 42 મત અને RLSM ચીફ ઉપેન્દ્ર કુશવાહાને 42 મત મળ્યા. ભાજપના ઉમેદવાર શિવેશ રામને 30 મત મળ્યા હતા.જોકે, બીજી પસંદગીના આધારે તેમણે 37 મત મેળવનાર RJDના એડી સિંહને હરાવ્યા. NDAના તમામ 202 ધારાસભ્યોએ મતદાન કર્યું હતું. મહાગઠબંધન તરફથી 37 ધારાસભ્યોએ જ મતદાન કર્યું. જીત માટે 41 ધારાસભ્યોની જરૂર હતી.

### ફોર્બ્સ 2026- ભારતમાં એક વર્ષમાં અબજોપતિ વધ્યા

## લક્ષ્મી મિત્તલ રોજ 274 કરોડ કમાઈને દેશના ચોથા સૌથી ધનિક બન્યા, સાવિત્રી જિંદલ ધનિક મહિલા

• નવી દિલ્હી

વિશ્વમાં ધનિક મહિલાઓની સંખ્યા સતત વધી રહી છે. ફોર્બ્સની 2026ની અબજોપતિઓની યાદી મુજબ વિશ્વના કુલ અબજોપતિઓમાંથી 481 મહિલાઓ છે, જે લગભગ 14% છે. ગયા વર્ષે, આ સંખ્યા 406 અથવા 13.4% હતી. આ વર્ષે, યુનાઈટેડ સ્ટેટ્સની એલિસ વોલ્ટન લગભગ $134 બિલિયનની કુલ સંપત્તિ સાથે વિશ્વની સૌથી ધનિક મહિલા બની રહી છે. દરમિયાન, ભારતની સાવિત્રી જિંદાલ લગભગ 3.62 લાખ કરોડની કુલ સંપત્તિ સાથે આ યાદીમાં સાતમા ક્રમે છે. જ્યારે સાવિત્રી જિંદાલ ભારતની સૌથી ધનિક મહિલા છે.

ફોર્બ્સ વર્લ્ડ્સ બિલિયોનેર્સ 2026ની યાદી મુજબ ભારતમાં એક વર્ષમાં 24 અબજોપતિ વધ્યા છે. દેશના ચોથા સૌથી ધનિક લક્ષ્મી મિત્તલની સંપત્તિમાં આ વર્ષે સૌથી ઝડપી ઉછાળો જોવા મળ્યો. તેમની કંપની આર્સેલરમિત્તલના શેરોમાં 80%થી વધુનો ઉછાળો આવતા તેમની કુલ સંપત્તિ 31 અબજ ડોલર, એટલે કે 2.87 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. છેલ્લા એક વર્ષમાં તેમની સંપત્તિમાં 20 અબજ ડોલર, એટલે કે 1.85 લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે.

આ હિસાબે મિત્તલે આખા વર્ષ દરમિયાન દરરોજ સરેરાશ 274 કરોડ રૂપિયાની રેકોર્ડ કમાણી કરી છે. આ યાદીમાં ફિઝિક્સવાલાના ફાઉન્ડર્સ અલખ પાંડે અને પ્રતીક બૂમ્બ પણ સામેલ થઈ ગયા છે.

સાવિત્રી જિંદાલ ભારતની સૌથી ધનિક મહિલા છે. જિંદાલ ગ્રુપની સ્થાપના તેમના પતિ ઓપી જિંદાલે કરી હતી. આ પરિવાર આ મોટા ઔદ્યોગિક સમૂહનું સંચાલન કરે છે. કંપનીના વ્યવસાયો સ્ટીલ, પાવર, સિમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ક્ષેત્રોમાં ફેલાયેલા છે. એલિસ વોલ્ટન રિટેલ જાયન્ટ વોલમાર્ટના સ્થાપક સેમ વોલ્ટનની પુત્રી છે. કંપનીના શેરના ભાવને કારણે ગયા વર્ષે તેમની સંપત્તિમાં આશરે $33 બિલિયનનો વધારો થયો હતો. તે યુનાઈટેડ સ્ટેટ્સમાં અનેક કલા પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપે છે.

ત્રીજા નંબર પર ઓપી જિંદલ ગ્રુપના ચેરપર્સન સાવિત્રી જિંદલ છે. તેઓ ભારતના સૌથી ધનિક મહિલા બન્યા છે. આ યાદીમાં 20 ભારતીય મહિલા અબજોપતિઓનો સમાવેશ થાય છે.કોટક મહિન્દ્રા બેંકના સ્થાપક ઉદય કોટક આ વર્ષે ટોપ-10માં સામેલ થયા છે. હાલમાં તેમને પદ્મ ભૂષણ મળ્યો હતો. તેમની એન્ટ્રીથી DLF પાછળ રહેલા પ્રોપર્ટી ડેવલપર કુશલ પાલ સિંહ 12મા નંબર પર સરકી ગયા.

## અમદાવાદ પોલીસમાં 'વહીવટદારો'નું સમાંતર શાસન? સરખેજથી એરપોર્ટ સુધી કાળો કારોબાર!



• અમદાવાદઃ

શહેરમાં પોલીસ સ્ટેશનો હવે કાયદો જાળવવા માટે નહીં, પરંતુ ગેરકાયદેસર અડ્ડાઓના 'વહીવટ' માટે ઓળખાઈ રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સૂત્રો દ્વારા મળતી ચોંકાવનારી વિગત મુજબ, અમદાવાદના અનેક પોલીસ સ્ટેશનોમાં સત્તાવાર અધિકારીઓ કરતા 'વહીવટદારો'નું જોર વધી ગયું છે.

વહીવટનો મુખ્ય સૂત્રધારઃ વિપુલ આહીર

K-ડિવિઝનમાં ફરજ બજાવતા વિપુલ આહીર નામના કર્મચારીએ સમગ્ર વિસ્તારમાં પોતાની પકડ જમાવી છે. આરોપ છે કે વિપુલ આહીર માત્ર સરખેજ કે એરપોર્ટ પોલીસ સ્ટેશન પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે ઉચ્ચ અધિકારીઓ વતી પણ વહીવટ સંભાળી રહ્યો છે. પોલીસ વિભાગમાં ચાલતી ચર્ચા મુજબ, ઉચ્ચ કક્ષાએ પહોંચતા હપ્તાઓના દોરીસંચારમાં વિપુલની ભૂમિકા અત્યંત મહત્વની છે.

પેટા-વહીવટદારોની જાળઃ એરપોર્ટમાં અલ્પેશ સિંહ

સિસ્ટમ એટલી હદે ગોઠવાયેલી છે કે દરેક પોલીસ સ્ટેશન દીઠ 'પેટા વહીવટદાર' નિમવામાં આવ્યા છે.

* એરપોર્ટ પોલીસ સ્ટેશનઃ અહીં અલ્પેશ સિંહ નામનો શખ્સ વહીવટદાર તરીકે સક્રિય છે, જે વિપુલ આહીરના સીધા સંપર્કમાં રહીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે.

* સરખેજ પોલીસ સ્ટેશનઃ નવા PI એલ. એલ. ચાવડાના આવતાની સાથે જ અહીં વહીવટી તંત્ર ગોઠવાઈ ગયું છે, જેના કારણે ઈરફાન (જુગાર) અને આસિફ (ઈંગ્લિશ દારૂ) જેવા તત્વો બેફામ બન્યા છે.

ગંભીર સવાલોઃ શું પોલીસ કમિશનર અજાણ છે?

* MD ડ્રગ્સનું દૂષણઃ સરખેજ જેવા સંવેદનશીલ વિસ્તારમાં એમ.ડી. ડ્રગ્સના અડ્ડા શરૂ થવા એ આવનારી પેઢી માટે ઘાતક છે. શું વહીવટના મોહમાં પોલીસ યુવાનોની જિંદગી દાવ પર લગાવી રહી છે?

* PCB અને LCB ની મિલીભગતઃ પોલીસ કમિશનરની સ્પેશિયલ સ્ક્વોડ (PCB) અને લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) આટલી બધી વિગતો હોવા છતાં કેમ રેડ પાડતી નથી? શું 'વહીવટ' આ એજન્સીઓ સુધી પણ પહોંચી ગયો છે?

* SMC ની આબરૂ દાવ પરઃ સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) જો આ 'વહીવટદારો'ના નેટવર્કને તોડી ન શકે, તો જનતાનો પોલીસ તંત્ર પરથી વિશ્વાસ ઉઠી જશે.

નિષ્કર્ષઃ

પોલીસ વિભાગમાં ચાલતી આ 'વહીવટદાર પ્રથા' હવે કેન્સરની જેમ ફેલાઈ રહી છે. જો તાત્કાલિક ધોરણે વિપુલ આહીર અને અલ્પેશ સિંહ જેવા વહીવટદારો સામે તપાસ ન થઈ, તો અમદાવાદ ગુનાખોરીનું એપીસેન્ટર બની જશે.

## ટ્રમ્પનું 'મિશન ઈમ્પોસિબલ':ઈરાનને હરાવવાની ઉતાવળમાં US પોતે જ ગૂંચવાયું

### એક્સપર્ટ્સે કહ્યું- તેહરાન પાસે હજુ પણ બાજી પલટાવવાની તાકાત

• વોશિંગ્ટન ડીસી

બે અઠવાડિયા સુધી ઈરાન સામે યુદ્ધ ચાલ્યા બાદ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ટૂંક સમયમાં જીતની ઘોષણા કરી શકે છે. જોકે, અંતિમ પરિણામ એ વાત પર પણ નિર્ભર કરશે કે ઈરાન આગળ શું કરે છે.

વોશિંગ્ટન પોસ્ટ અનુસાર, જો ઈરાન લડાઈ ચાલુ રાખે છે, જહાજો પર હુમલા કરે છે અથવા વળતો પ્રહાર કરે છે, તો યુદ્ધ ખરેખરમાં સમાપ્ત થશે નહીં. રિપોર્ટ અનુસાર, ઈરાનના નૌકાદળનો મોટો ભાગ નષ્ટ કરી દેવામાં આવ્યો છે. તેની ઘણી મિસાઈલો ખતમ થઈ ગઈ છે અને તેના ઘણા ટોચના નેતાઓ માર્યા ગયા છે. આમ છતાં, ટ્રમ્પના તે મોટા રાજકીય ઉદ્દેશ્યો હજુ સુધી પૂરા થયા નથી જેની તેમણે ઘણી વાર વાત કરી હતી. ઈરાનમાં હજુ પણ જૂનું શાસન જ કાયમ છે. આ સાથે જ ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં ઓઈલના દરિયાઈ માર્ગને અવરોધીને વૈશ્વિક ઓઈલ બજારમાં ઉથલપાથલ મચાવી દીધી છે. નિષ્ણાતોનું માનવું છે કે ઈરાનમાં હજુ પણ રમત પલટાવવાની તાકાત છે. આ સ્થિતિ ટ્રમ્પ માટે મુશ્કેલી ઊભી કરે છે, કારણ કે તેમની પોતાની પાર્ટીના લોકો હવે તેમને યુદ્ધ સમાપ્ત કરીને અર્થતંત્ર પર ધ્યાન કેન્દ્રિત કરવાની માંગ કરી રહ્યા છે. આ વર્ષે નવેમ્બરમાં અમેરિકામાં મિડટર્મ ચૂંટણીઓ યોજાવાની છે. યુદ્ધની અસર અમેરિકાની અંદર પણ દેખાવા લાગી છે. અમેરિકા અને ઈઝરાયેલના હુમલા શરૂ થયા પછી પેટ્રોલની કિંમતોમાં લગભગ 25 ટકા સુધીનો વધારો થયો છે. ખેડૂતો માટે ખાતર મોંઘા થઈ ગયા છે અને અમેરિકી સૈનિકોના મૃત્યુનો આંકડો પણ વધીને 13 પર પહોંચી ગયો છે. રક્ષા મંત્રી પીટ હેગસેથ ડેલવેરના ડોવર એરફોર્સ બેઝ પર એક સૈનિકના પાર્થિવ શરીરને સલામી આપતા. સૈનિક સાઉદી અરેબિયાના પ્રિન્સ સુલતાન એર બેઝ પર ઈરાનના હુમલામાં માર્યો ગયો હતો.રક્ષા મંત્રી પીટ હેગસેથ ડેલવેરના ડોવર એરફોર્સ બેઝ પર એક સૈનિકના પાર્થિવ શરીરને સલામી આપતા. સૈનિક સાઉદી અરેબિયાના પ્રિન્સ સુલતાન એર બેઝ પર ઈરાનના હુમલામાં માર્યો ગયો હતો.એકલા યુદ્ધ રોકીને ઓઈલની વધતી કિંમતો ટ્રમ્પ રોકી શકે નહીં.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

# બાપુનગરમાં ટ્યુશનમાં બેસવા જેવી નજીવી બાબતે ધોરણ 11ના વિદ્યાર્થી પર છરીથી હુમલો

• અમદાવાદ

અમદાવાદના બાપુનગરરમાં સામાન્ય બોલાચાલીએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હોવાની ઘટના સામે આવી છે. ટ્યુશન ક્લાસમાં બેસવાની જગ્યા બાબતે થયેલા ઝઘડાની અદાવત રાખી એક વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થી પર છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. ધોરણ 11માં અભ્યાસ કરતા બે સહાધ્યાયીઓ વચ્ચે થયેલી આ ઝઘડાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. હાલ ઈજાગ્રસ્ત વિદ્યાર્થી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, આ ઘટનામાં ભોગ બનનાર ફરિયાદી 17 વર્ષીય વિદ્યાર્થી છે, જે બાપુનગરના હીરાવાડી વિસ્તારમાં આવેલ શુકલેશ્વર મહાદેવ મંદિર નજીક રહે છે અને વિદ્યાર્થી ભગવતી વિદ્યાલયમાં ધોરણ 11માં અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થી જ્યારે ટ્યુશન ક્લાસમાં હતો ત્યારે તેની જ સ્કૂલમાં અલગ ક્લાસમાં ભણતા અન્ય વિદ્યાર્થીએ સાથે બેસવાની જગ્યા બાબતે વિવાદ થયો હતો.

15મી માર્ચ 2026ના રોજ પીડિત વિદ્યાર્થી જ્યારે ટ્યુશન ક્લાસમાં હતો, ત્યારે અન્ય એક વિદ્યાર્થી ત્યાં આવ્યો હતો. ક્લાસરૂમમાં જગ્યા ન હોવાથી પીડિત વિદ્યાર્થીએ તેને બીજા રૂમમાં બેસવા માટે કહ્યું હતું, જેનાથી ઉશ્કેરાઈને વિદ્યાર્થી ગાળાગાળી કરી હતી. ત્યારબાદ બપોરના આશરે સવા એક વાગ્યે જ્યારે પીડિત વિદ્યાર્થી હીરાવાડીમાં ભોમિયા ડેરી પાસે ઉભો હતો. ત્યારે અન્ય વિદ્યાર્થી ત્યાં પહોંચ્યો હતો. ટ્યુશનમાં થયેલી બોલાચાલીની અદાવત રાખી તેણે કમરના ભાગેથી છરો કાઢી વિદ્યાર્થીના પેટના ડાબા ભાગે એક ઘા ઝીંકી દીધો હતો. બૂમાબૂમ કરતા આરોપી ત્યાંથી નાસી છૂટ્યો હતો. લોહીલુહાણ હાલતમાં વિદ્યાર્થીને તેના મિત્ર રિક્ષામાં સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યો હતો, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે.એચ. ડિવિઝન ઈન્ચાર્જ એસીપી કૃણાલ દેસાઈએ જણાવ્યું હતું કે, 'આરોપી સગીર ક્યાંથી છરી લાવ્યો હતો તેની માતા-પિતાની હાજરીમાં પૂછપરછ કરવામાં આવી છે. ટ્યુશન કલાસીસના સંચાલક અને અન્ય વિદ્યાથીઓની પૂછપરછ કરતાં તેઓ વચ્ચે 15મી માર્ચના રોજ પહેલી વખત જ મારામારી થઈ હતી. ટ્યુશન કલાસીસ અને તેની સાથે ભણતા અન્ય વિદ્યાર્થીઓની વધારે પૂછપરછ કરી અગાઉ આ બાબતે ઝઘડો થયો હતો કે કેમ તેની તપાસ કરવામાં આવશે.' હાલ આ મામલે ગુનો નોંધી સગીરને અટક કરી આગળની કાર્યવાહી કરવામાં આવી છે.

# વાવ- સુઈગામ નેશનલ હાઈવે પર અધુરી કામગીરીથી વાહન ચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

વાવ -સુઈગામ નેશનલ હાઈવે પર ચાલી રહેલી રોડની અધુરી કામગીરી ને કારણે વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે. રોડ પર કપચી અને ઢીલું મટીરિયલ પડેલું હોવાનો કારણે ખાસ કરીને જ્યારે મોટરસાયકલ ચાલકો માટે પસાર થવું મુશ્કેલ બન્યું છે. ઘણી જગ્યાએ વાહનો સ્લિપ થવાની શક્યતા હોવાથી અકસ્માત નો ભય પણ સર્જાયો છે.લોકો દ્વારા કોન્ટ્રાકટર સામે આક્ષેપ કરવામાં આવ્યો છે કે કામ ધીમી ગતિએ ચાલી રહ્યું છે. અને યોગ્ય દેખરેખ પણ રાખવામાં આવતી નથી. સ્થાનિક અગ્રણી રામસિંહ ભાઈ રાજપૂત જણાવ્યું હતું કે ખીમાણા વાસ, રબારીવાસ,ભાટવર, નજીક સહિત વાવ અને સુઈગામ વચ્ચે પાંચ જેટલીએ આવીજ પરિસ્થિતિ છે.

ચૂંટણી

'સુપ્રીમ કોર્ટના નિર્દેશ અનુસાર મેમોરેન્ડમ ઓફ એસોસિયેશનને સુધારાયું'

# બરોડા ક્રિકેટ એસોસિયેશનની ચૂંટણી સંદર્ભે સિંગલ જજનો ચુકાદો કર્યા છે

## વચગાળાની વ્યવસ્થા બે અઠવાડિયા સુધી યથાવત; કિરણ મોરે, અમુલ જીકાર, અનંત ઈન્દુલકર, અમર પેટીવાલા ચૂંટણી લડવા અયોગ્ય જાહેર

• અમદાવાદ

બરોડા ક્રિકેટ એસોસિયેશનની ચૂંટણી સંદર્ભે થયેલી અરજી ઉપર આજે(16માર્ચ) હાઈકોર્ટના સિંગલ જજે ચુકાદો જાહેર કર્યો છે. વડોદરાથી અરજદાર પ્રદિપસિંહ સોલંકી અને રામચંદ્ર પ્રજાપતિ દ્વારા દાખલ કરાયેલી અરજી ઉપર હાઈકોર્ટે લંબાણપૂર્વક સુનાવણી બાદ પૂર્વ ક્રિકેટર કિરણ મોરે, અમુલ જીકાર, અનંત ઈન્દુલકર, અમર પેટીવાલાને BCAની ચૂંટણી લડવા અયોગ્ય જાહેર કર્યા છે. આ ઉમેદવારોના નોમિનેશન ફોર્મ સ્વીકાર કરવાનો રિટર્નિંગ ઓફિસરનો નિર્ણય હાઈકોર્ટે રદ્દ કર્યો છે. પરિણામ જાહેર કરવામાં ચૂંટણી અધિકારીને સૂચના આપવામાં આવી છે.જો કે રિસ્પોન્ડન્ટની વિનંતી ઉપર વચગાળાની વ્યવસ્થા બે અઠવાડિયા વધારવામા આવી છે. પૂર્વ ક્રિકેટર કિરણ મોરે, અમુલ જીકાર, અનંત ઈન્દુલકર, અમર પેટીવાલા ડબલ જજની બેન્ચમાં સિંગલ જજના ચુકાદા સામે અપીલમાં જશે. હજુ પણ આગામી બે અઠવાડિયા બરોડા ક્રિકેટ એસોસિયેશનની વર્તમાન કમિટી કાર્યકારી કમિટી તરીકે ડે ટુ ડેના કાર્ય કરશે. વર્તમાન કાર્યકારી બોડી કોઈ મહત્વના કે પોલિસી સાથે




સંકળાયેલ નિર્ણયો લઈ શકશે નહીં.હાઈકોર્ટના ચુકાદા અંગે ઉમેદવાર અનંત ઈન્દુલકરે જણાવ્યું હતું કે, કોર્ટે અપીલ કરવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો છે. ત્યાં સુધી ઈન્ટરિમ મેનેજમેન્ટ પર જે સ્ટે છે તે ચાલુ રાખવામાં આવ્યો છે. આ ઓર્ડર સામે ડિવિઝન બેન્ચમાં અપીલ થઈ શકે છે અને અમે અપીલ કરીશું. અમે અમારી લડત ચાલુ રાખીશું.ઉમેદવાર અમર પેટીવાલાએ જણાવ્યું હતું કે, કોર્ટે 15 દિવસનો સમય આપ્યો છે, એટલે હજુ તો કોઈ નિર્ણય લીધો નથી. અમે શાંતિથી વિચારીશું અને પછી આગળનો નિર્ણય લઈશું. હજુ ઓર્ડરની કોપી પણ મળી નથી. સાંજે ઓર્ડરની કોપી મળશે, એટલે એમાં કયા કારણોસર અને કયા આધાર પર આ નિર્ણય લેવાયો છે, તે જાણીશું અને પછી જ બધું નક્કી થશે. અત્યારના તબક્કે અમે શું કરીશું તે કહેવું મુશ્કેલ છે.મૂળ ગુજરાત હાઈકોર્ટમાં વડોદરાથી અરજદાર પ્રદિપસિંહ સોલંકી અને રામચંદ્ર પ્રજાપતિ દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં BCCI, બરોડા ક્રિકેટ એસોસિયેશન, પૂર્વ ક્રિકેટર કિરણ મોરે, અમુલ જીકાર, અનંત ઈન્દુલકર, અમર પેટીવાલાને પક્ષકાર બનાવવામાં આવ્યા હતા. બરોડા ક્રિકેટ એસોસિયેશનની ચૂંટણી પ્રમુખ, સેક્રેટરી, ખજાનચી જેવા પદો માટે યોજાઇ હતી. જેમાં પક્ષકારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. જો કે સુપ્રીમ કોર્ટના વર્ષ 2022ના ચુકાદા મુજબ ૯ વર્ષ સુધી હોદ્દા પર રહેનાર વ્યક્તિ ચૂંટણી માટે આપોઆપ અયોગ્ય બને છે. વળી હોદ્દા ઉપર સતત બે ટર્મ પછી 3 વર્ષનો કુલિંગ પિરિયડ જરૂરી છે.જેથી અરજદારો દ્વારા ચૂંટણી ઓફિસર સમક્ષ સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર પક્ષકાર કિરણ મોરે, અમુલ જીકાર, અનંત ઈન્દુલકર, અમર પેટીવાલાને અયોગ્ય જાહેર કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી. જો કે ચૂંટણી ઓફિસર દ્વારા અરજદારે રજૂ કરેલા વાંધા ઉપર કોઈ નિર્ણય લેવાયો નહોતો અને વળી ઉમેદવારોની ફાઈનલ યાદી જાહેર કરાઈ છે. બીજી વખત પણ વાંધો રજૂ કરવા છતાં અરજદારોની વાતને ગણકારવામાં આવી નહોતી. બરોડા ક્રિકેટ એસોસિયેશન વતી રજૂઆત કરવામાં આવી હતી કે સુપ્રીમ કોર્ટના નિર્દેશ અનુસાર મેમોરેન્ડમ ઓફ એસોસિયેશનને સુધારવામાં આવ્યું છે. ફરિયાદો માટે ઓમ્બ્યુસમેન્ટની રચના છે. જેના ચેરમેન તરીકે કેરળ હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ એ.જે.દેસાઈ કાર્યરત છે. જ્યારે અરજદારો પાસે બીજી કાનૂની પ્રક્રિયા ઉપલબ્ધ છે, ત્યારે હાઈકોર્ટમાં સીધી અરજી ટકવા પાત્ર નથી.સામે પક્ષે અરજદારો દ્વારા રજૂઆત કરાઈ હતી કે BCCI અને BCA સંપૂર્ણપણે ખાનગી વ્યક્તિઓ નથી. ભારતમાં ઓર્ગેનાઈઝ ક્રિકેટ ઉપર ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડનો સંપૂર્ણ કાબૂ છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશોનો ક્રિકેટ બોડી ભંગ કરી શકે નહીં. અરજદારોના વાંધા ઉપર નિર્ણય લીધા વગર ઉમેદવારોની ફાઈનલ યાદી જાહેર કરવી તે લોકશાહીના સિદ્ધાંતોનો ભંગ છે.

ગુજરાત હાઈકોર્ટે બંને પક્ષકારોને સાંભળીને પ્રાથમિક દ્રષ્ટિએ નોંધ્યું હતું કે BCCI અને BCA સંપૂર્ણ પ્રાઈવેટ વ્યક્તિ નથી. બરોડા ક્રિકેટ એસોસિયેશનના પ્રતિનિધિ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડમાં પણ હોય છે.

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીમાં વધારો જોવા મળી રહ્યો છે

# હવામાન વિભાગે આગામી દિવસોમાં 18મીથી 20મી માર્ચ દરમિયાન કમોસમી વરસાદની આગાહી

આગાહી

## કેટલાક વિસ્તારોમાં પવનની ઝડપ 30થી 40 કિ.મી. પ્રતિ કલાક સુધી રહેવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે

• અમદાવાદ

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે આગામી દિવસોમાં વરસાદની આગાહી વ્યક્ત કરી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવને કારણે 18મીથી 20મી માર્ચ દરમિયાન ગુજરાતના અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ સાથે કેટલાક વિસ્તારોમાં પવનની ઝડપ 30થી 40 કિ.મી. પ્રતિ કલાક સુધી રહેવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગ અનુસાર, 18મી માર્ચે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં



હળવો વરસાદ પડી શકે છે. જેમાં બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠા ઉપરાંત સૌરાષ્ટ્રના જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા અને કચ્છ જિલ્લાનો સમાવેશ થાય છે.

19મી માર્ચે વરસાદનું પ્રમાણ વધુ વિસ્તારોમાં જોવા મળી શકે છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠા ઉપરાંત દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડમાં મધ્યમ વરસાદની શક્યતા છે. આ સાથે દમણ અને દાદરા નગર હવેલીમાં પણ વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ અને બોટાદ સહિત કચ્છ અને દીવ વિસ્તારમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે.

20મી માર્ચે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, અરવલ્લી અને મહેસાણા સહિત કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના અનુમાન અનુસાર આ વરસાદથી ગરમીમાં થોડો ઘટાડો થવાની શક્યતા છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું કે, 'આવનારા 16મીથી 22મી માર્ચના સાત દિવસ માટે અમારું અનુમાન છે કે 16-17 તારીખે હવામાનમાં પલટો આવશે અને 18મી, 19મી તથા 20મી તારીખે હળવાથી મધ્યમ વરસાદની સાથે 40થી 50 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે અને ગાજવીજ થવાની સંભાવના છે. આ વરસાદનું મુખ્ય કારણ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છે જે ગુજરાત સુધી વિસ્તરાયેલું છે. આ ફેરફારોને કારણે આગામી ચાર દિવસમાં મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થશે, જોકે હાલમાં રાજકોટમાં સૌથી વધુ 39.2 ડિગ્રી તાપમાન નોંધાયું છે અને અમદાવાદમાં 39 ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.'

# આઈપીએસ પરીક્ષીતા રાઠોડ ગુજરાત પોલીસ દળના એક એવા અધિકારી છે

## પરીક્ષીતા રાઠોડઃ ખાખી પાછળનું સાહસ અને સંવેદનશીલ વ્યક્તિત્વ

આઈપીએસ પરીક્ષીતા રાઠોડ ગુજરાત પોલીસ દળના એક એવા અધિકારી છે જેમના નામ સાથે શિસ્ત, સાહસ અને સંવેદનશીલતા જોડાયેલી છે. તેમના જીવન અને કારકિર્દી પર આધારિત એક ખાસ આર્ટિકલ નીચે મુજબ છે:

ગુજરાત કેડરના ૨૦૦૧ની બેચના આઈપીએસ (IPS) અધિકારી પરીક્ષીતા રાઠોડ એટલે એક એવું નામ, જેણે સાબિત કર્યું છે કે કાયદો અને વ્યવસ્થા જાળવવાની સાથે સમાજ પ્રત્યેની માનવીય અભિગમ કેવી રીતે જાળવી શકાય. તેમની સફર માત્ર એક અધિકારી તરીકેની નથી, પણ અનેક યુવાઓ માટે પ્રેરણાસ્ત્રોત છે.

પરીક્ષીતા રાઠોડની કારકિર્દીમાં અનેક મહત્વના વળાંકો આવ્યા છે. તેમણે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં એસ.પી. (SP) તરીકે અને ત્યારબાદ ઉચ્ચ હોદ્દાઓ પર સેવા આપી છે. ગુનાખોરી ડામવામાં તેમની કડક છબી અને કેસના મૂળ સુધી પહોંચવાની તેમની પદ્ધતિ ગુનેગારોમાં




ફાળ પેદા કરે તેવી રહી છે.

મુખ્ય વિશેષતાઓ:

* નિર્ભયતા: કઠીન ઓપરેશન્સ દરમિયાન સ્થળ પર રહીને નેતૃત્વ કરવાની તેમની ક્ષમતા કાબિલેદાદ છે.
* મહિલા સશક્તિકરણ: પોલીસ દળમાં મહિલાઓની ભૂમિકા વધારવા અને તેમને આત્મનિર્ભર બનાવવા માટે તેઓ હંમેશા કાર્યરત રહ્યા છે.
* તપાસમાં ઝીણવટ: જટિલ કેસોના ઉકેલ લાવવા માટે ટેકનોલોજી અને પરંપરાગત બાતમીદારોના સંયોજનમાં તેઓ માહેર ગણાય છે.

સમાજ પ્રત્યેનો દૃષ્ટિકોણ

એક કડક પોલીસ અધિકારીની સાથે સાથે પરીક્ષીતા રાઠોડ એક અત્યંત સંવેદનશીલ વ્યક્તિ પણ છે. ખાસ કરીને છેવાડાના માણસને ન્યાય મળે અને પોલીસ પ્રત્યે સામાન્ય જનતાનો વિશ્વાસ વધે તે માટે તેમણે અનેક પ્રશંસનીય પગલાં લીધા છે. સોશિયલ મીડિયા હોય કે ફિલ્ડ વર્ક, તેઓ હંમેશા લોકો સાથે સીધો સંવાદ સાધવામાં માને છે.

# જામ્યો ક્રિકેટનો રંગ વિરમગામના આંગણે, સામાજિક એકતા ક્રિકેટ ટુર્નામેન્ટનો થયો પ્રારંભ

## ગુજરાત સરકારના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા તથા ભાજપ યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ હેમાંગભાઈ જોશીના હસ્તે ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાયો

(વંદના નીલકંઠ વાસુકીયા) વિરમગામ : પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'ખેલો ભારત' અભિયાન અંતર્ગત ગુજરાત સરકારના રમત-ગમત અને યુવક સેવા વિભાગના સહયોગ તથા ધારાસભ્ય હાર્દિક પટેલ દ્વારા આયોજીત સામાજિક એકતા ક્રિકેટ ટુર્નામેન્ટનો રવિવારથી પ્રારંભ થયો છે. ગુજરાત સરકારના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા તથા ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ અને વડોદરાના સાંસદ હેમાંગભાઈ જોશીના હસ્તે રવિવારે વિરમગામ ખાતે પ્રારંભ કરવામાં આવ્યો છે. વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે કહ્યું કે દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'ખેલો ભારત અભિયાન' ને ગ્રામીણ સ્તરે પહોચાડવાના હેતુથી છેલ્લા ત્રણ વર્ષથી વિરમગામ ખાતે વિરમગામ વિધાનસભાના ખેલાડીઓને સાથે રાખીને આ સામાજિક એકતા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે વિરમગામ, માંડલ,દેત્રોજ અને નળકાંઠા વિસ્તારની ૧૨૦ ટીમોએ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો છે, વિરમગામના યુવા બંકાઓ ક્રિકેટ ટુર્નામેન્ટના માધ્યમથી સામાજિક એકતાને રંગે રંગાશે અને વિકસિત વિરમગામના સંકલ્પને મજબૂત બનાવશે. ઉપસ્થિત મહેમાનોએ કહ્યું કે ગ્રામીણ સ્તરે અત્યાધુનિક આયોજન સાથે યુવાનોને ક્રિકેટનું મેદાન પૂરું પાડવામાં આવ્યું છે. આ પ્રસંગે વિરમગામ વિધાનસભાના યુવાનોને ઉત્સાહને વધારવા માટે શ્રી ભાર્ગવલાલજી મહારાજ, શ્રી ચિતરંજનદાસ બાપુ, શ્રી પ્રેમદાસ બાપુ, શ્રી કેહુ ભગત, સુરેન્દ્રનગરના સાંસદ ચંદુભાઈ શિહોરા, ગુજરાત ભાજપના પ્રદેશ ઉપપ્રમુખ ભરતભાઈ પંડ્યા, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, જિલ્લા ભાજપના પ્રમુખ શૈલેષભાઈ દાવડા, ધારાસભ્યો કિરીટસિંહ ડાભી, કનુભાઈ કોળી પટેલ, પીકે પરમાર તેમજ સાધુ સંતો, જિલ્લા ભાજપના આગેવાનોએ તથા વિધાનસભાના હોદ્દેદારો સહિત ક્રિકેટપ્રેમીઓએ હાજરી આપી હતી.

# પાલનપુર નજીકથી વિદેશી દારૂ ભરેલી રિક્ષા ઝડપાઇ: LCB એ 1.99 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો



• પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં દારૂબંધીના કડક અમલ માટે પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેની સૂચના હેઠળ એલ.સી.બી. (LCB) ટીમે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી છે. માલણથી કુંપર ગામ તરફ વિદેશી દારૂ ભરીને જતી એક ઓટો રિક્ષાને ઝડપી પાડી કુલ 1,99,732 નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. સરહદી રેંજ આઈ.જી. ચિરાગ કોરડીયા અને એસ.પી. પ્રશાંત સુંબેની દારૂ-જુગારની પ્રવૃત્તિઓ નાબૂદ કરવાની સૂચના અન્વયે એલ.સી.બી. પી.આઈ. એ.વી. દેસાઈના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. આ દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે, એક ઓટો રિક્ષા નંબર GJ.08.AX.5710 માં વિદેશી દારૂનો જથ્થો ભરી માલણથી કુંપર તરફ જઈ રહી છે.

વન વિભાગના નિયમોમાં ફેરફાર કરી, આદિવાસીઓ પ્રત્યે ઓરમાયું વર્તન ન રાખી,

# જંગલની જમીન ખેડતા આદિવાસીઓ પ્રત્યે વન વિભાગ હંમેશા ઓરમાયું વર્તન રાખે છે : ડૉ. તુષાર ચૌધરી

આજે વિધાનસભા ગૃહમાં વન અને પર્યાવરણ વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર એ. ચૌધરીએ જણાવ્યું હતું કે, સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના બારા ગામના માંડફળિયામાં લગભગ ૧૦૦ જેટલાં કુટુંબો વસવાટ કરે છે અને તેમની અંદાજિત વસતી ૫૦૦ કરતાં વધારે છે. માંડફળિયામાં જવા માટે લોકોને જંગલમાંથી પસાર થવું પડે છે. આઝાદીના ૭૫ વર્ષ પછી પણ માંડફળિયા જતો રસ્તો પાકો બની શક્યો નથી. માંડફળિયામાં ૫૦૦ જેટલાં લોકો રહેતાં હોવા છતાં ત્યાં કોઈ આંગણવાડી કે શાળા નથી કે વીજળી પણ પહોંચી નથી. રસ્તાના અભાવે લોકોએ તબીબી સારવાર માટે ઈમરજન્સીમાં જવું હોય તો દર્દીને જોળી કરીને લઈ જવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. વન વિભાગના કડક નિયમોના કારણે લોકો રસ્તા, શિક્ષણ, વીજળી, આરોગ્ય અને અન્ય સુવિધાથી વંચિત રહેતા હોય ત્યારે નિયમોમાં ફેરફાર કરીને પણ માનવતાના ધોરણે આદિવાસીઓને પ્રાથમિક સુવિધા મળવી જોઈએ.

ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, મારા વિધાનસભા મતવિસ્તારમાં ૧૧ જેટલા રસ્તાઓ રૂ. ૧૦ કરોડના મંજૂર થયા હતા અને તેના જોબ નંબર પણ આવી ગયા હતા. આ મંજૂર થયેલ રસ્તાઓમાં લગભગ જંગલની ૨૪.૯૧ હેક્ટર જમીન આવતી હતી. આ જમીન સંપાદન કરવામાં આવે તો જ રસ્તા બનાવવા શક્ય હતા. આ માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા કલેક્ટરશ્રીને વિનંતી કરતાં કલેક્ટરશ્રીએ પોશીના તાલુકાના કાળાખેતરા ગામમાં ૨૬ હેક્ટર જમીન આપવાનું ઠરાવ્યું અને જમીનની બજાર કિંમત રૂ. ૧૨૬૦ પ્રતિ ચો.મી. નક્કી કરવામાં આવી, જે અન્વયે માર્ગ અને મકાન વિભાગે લગભગ રૂ. ૩૪ કરોડની રકમ ચૂકવવાની થતી હતી. રૂ. ૧૦ કરોડની કિંમતના રસ્તાઓ માટે રૂ. ૩૪ કરોડની રકમ ચૂકવવી માર્ગ અને મકાન વિભાગ માટે શક્ય ન હતી. આ જ પોશીના તાલુકામાંથી તારંગા હિલ-અંબાજી-આબુ રેલવે લાઈન પ્રોજેક્ટ પસાર થતો હતો. પોશીના તાલુકાના ગામોમાંથી રેલવે માટે જમીન સંપાદન કરવામાં આવી, જેના માટે પ્રતિ ચો.મી. રૂ. ૩૧થી ૪૫નું ચુકવણું કરવામાં આવેલ. એનો મતલબ કે આદિવાસીઓને રસ્તા બનાવવા માટે વન વિભાગની જમીન જોઈતી હોય તો એનો ભાવ રૂ. ૧૨૬૦ પણ આદિવાસીઓની જમીન કોઈ બીજા વિભાગને જોઈતી હોય તો એનો ભાવ રૂ. ૩૧થી ૪૫ ? જો જમીનની બજારકિંમત રૂ. ૧૨૬૦ હોય તો રેલવે પાસેથી પણ રૂ. ૧૨૬૦ પ્રમાણેનું વળતર મળવું જોઈએ, કારણ કે જમીન સંપાદન અને કલેક્ટર કચેરી એક જ છે, જેથી જમીનના ભાવ નક્કી કરતી વખતે આવી વિસંગતતા ન હોવી જોઈએ. પાંચ વર્ષ સુધી નિર્ણય ન લેવાવાના કારણે ભાવવધારો થતો જાય છે. ૧૦-૧૫ વર્ષ સુધી નિર્ણયમાં વિલંબ થવાના કારણે સમયસર રસ્તાની સુવિધા પૂરી પાડી શકાતી નથી.

# ડભોઇ તાલુકાના સાઠોદ ગામ પાસે નર્મદા કેનાલના રિપેરીંગમાં ભ્રષ્ટાચારની ગંધ?

• ફકીરા ખત્રી ડભોઇ

ડભોઇ તાલુકાના સાઠોદ ગામ પાસે નર્મદા કેનાલના રિપેરીંગમાં ભ્રષ્ટાચારની ગંધ? અધૂરું કામ છોડી કોન્ટ્રાક્ટર રફુચક્કર ડભોઇ તાલુકાના સાઠોદ ગામ પાસેથી પસાર થતી ધારીયા નર્મદાની શાખા કેનાલમાં ભ્રષ્ટાચાર અને તંત્રની મિલીભગતનો જીવંત નમૂનો જોવા મળી રહ્યો છે. અગાઉ મીડિયામાં અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ તંત્ર સફાળું જાગ્યું તો ખરું, પણ રિપેરીંગના નામે માત્ર વેઠ ઉતારવામાં આવી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે રિપેરીંગ કે માત્ર દેખાવ સ્થાનિકોના જણાવ્યા અનુસાર, કેનાલનું રિપેરીંગ કામ શરૂ તો કરવામાં આવ્યું હતું, પરંતુ તે પૂર્ણ કર્યા વગર જ અધવચ્ચે છોડી દેવામાં આવ્યું છે. કેનાલ હજુ પણ અનેક જગ્યાએથી તૂટેલી હાલતમાં છે. નવાઈની વાત તો એ છે કે, જે કામ થયું છે તે પણ અત્યંત



હલકી ગુણવત્તાનું હોવાની બૂમો ઉઠી રહી છેજનતાના વેધક સવાલો

કેનાલની હાલત જોઈને જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને લોકો નર્મદા નિગમના અધિકારીઓ સામે સીધા સવાલો ઉઠાવી રહ્યા છે શું અધિકારીઓ એસી ઓફિસમાંથી બહાર નીકળીને ક્યારેય સાઈટ વિઝિટ કરે છે કોન્ટ્રાક્ટરે કામ અધૂરું છોડ્યું હોવા છતાં તેને પેમેન્ટ કેવી રીતે કરી દેવામાં આવે છે શું કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ વચ્ચે કોઈ 'ઘી-કેળા' જેવી ગોઠવણ છેઅધૂરું અને ખરાબ કામ શું વિકાસની વ્યાખ્યામાં આવે છેભ્રષ્ટાચારનો 'અનોખો ખેલ'વાહ ભ્રષ્ટાચાર વાહ આ શબ્દો આજે સાઠોદના ખેડૂતો અને જનતાના મુખે સાંભળવા મળી રહ્યા છે જ્યારે કેનાલ હજુ પણ તૂટેલી છે, ત્યારે કયા આધારે આ કામને પૂર્ણ બતાવવામાં આવ્યું જો અધિકારીઓ ખરેખર જાગૃત હોત, તો કોન્ટ્રાક્ટરની હિંમત ન હોત કે તે જનતાના પૈસાનો આવો વેડફાટ કરે.

લોકમુખે ચચા સાહેબો, જરા એસી ઓફિસમાંથી બહાર નીકળો અને જમીની હકીકત જુઓ. ખેડૂતોના હિત માટે બનેલી કેનાલો જો ભ્રષ્ટાચારની ભેટ ચડી જશે, તો વિકાસના દાવા પોકળ સાબિત થશે. હવે જોવાનું એ રહે છે કે આ અહેવાલ બાદ નર્મદા નિગમના ઉચ્ચ અધિકારીઓ કુંભ કર્ણની નિદ્રામાંથી જાગીને કોન્ટ્રાક્ટર પર કડક પગલાં લે છે.




સિનિયર સિટીઝન વડીલ પરિવાર દ્વારા દર માસની પંદર મી તારીખે હાઉસિંગ ની સભ્યો ને રમત રમાડવા માં આવે છે. તેમાં જીતનાર સભ્યો ને ઈનામ વિતરણ કરવામાં આવે છે. તેમજ દર માસ ના છેલ્લા રવિવારે જે સભ્યો નો માસ દરમ્યાન જન્મોત્સવ આવતો હોય તેની ઉજવણી કરવામાં આવે છે. તેમજ દરરોજ આવતા સભ્યો ને કેરમ અને પત્તાની રમતો રમાડવામાં આવે છે. તારીખ 15/3/26 ના રોજ સભ્યો ને હાઉસિંગ ની રમતો રમાડી જીતનાર સભ્યો ને ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા.

PNG-LPG

LPGનો પુરવઠો સામાન્ય કરતાં લગભગ 20 ટકા વધાર્યો

# PNG-LPG બંને કનેક્શન હોય તો બુધવાર સુધીમાં સરેન્ડર કરવું પડશે

## પરિવાર દીઠ 5 લિટર કેરોસીન અપાશે, ગુજરાતમાં ગેસ પુરવઠા પર સરકારનો નિર્ણય

• ગાંધીનગર

ગુજરાતમાં ગેસ પુરવઠા અંગે ઉભી થયેલી સ્થિતિ વચ્ચે રાજ્ય સરકાર સક્રિય બની છે. હાલની આ પરિસ્થિતિને લઈ રાજ્ય સરકારે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. ગાંધીનગર વિધાનસભા પરિસર ખાતે રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા વર્ષ 2026-27ના અંદાજપત્ર અંતર્ગત અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યમાં LPG અંગેના કોઈ પ્રશ્ન માટે નાગરિકોને રાજ્ય હેલ્પલાઈન નંબર 1800-232-0222નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.આ પત્રકાર પરિષદમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધારે LPGના પુરવઠા અંગેના પ્રશ્નો અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં નાગરિકો માટે ઘરેલુ LPG સિલિન્ડરનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે અને બફર સ્ટોકમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર સાથે સતત સંકલનમાં રહીને રાજ્ય સરકાર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. રાજ્યમાં ઘરેલુ તેમજ કોમર્શિયલ હેતુ માટે



PNGનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.સરકારે સ્પષ્ટ કર્યું છે કે હાલમાં રાજ્યમાં LPGનો પુરવઠો સામાન્ય કરતાં લગભગ 20 ટકા વધુ કરવામાં આવ્યો છે. જોકે PNG નેટવર્ક ઉપલબ્ધ ન હોય તેવા વિસ્તારોમાં 70 ટકા મર્યાદામાં LPG કનેક્શન આપવા નિર્ણય લેવાયો છે. ઉપરાંત એક વર્ષથી સતત ભોજન સેવા આપતી ધાર્મિક સંસ્થાઓને 10 ટકા મર્યાદામાં કોમર્શિયલ LPG કનેક્શન આપવાની પણ મંજૂરી આપવામાં આવી છે.મોના ખંધારે જણાવ્યું હતું કે, અત્યારે LPGના ઘરેલુ તથા કોમર્શિયલ વપરાશકર્તાઓને PNGમાં કન્વર્ટ કરવાની પ્રક્રિયાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જેમની પાસે PNG અને LPG એમ બંને કનેક્શન છે, તેમણે બુધવાર સુધી LPG કનેક્શન સરેન્ડર કરવાનું રહેશે. રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં LPGના પુરવઠાની સાથોસાથ વધારાના વિકલ્પ તરીકે કેરોસીનના વિતરણ અંગેની વ્યવસ્થા પણ શરૂ કરવામાં આવી રહી છે. મોના ખંધારના જણાવ્યા અનાસાર, "LPG ઉપરાંત આ જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા 1452 KL (14,52,000 લિટર) કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો છે, જેમાંથી દરેક જિલ્લાને 36 હજાર લિટર કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે. તેમાં પરિવાર દીઠ 5 લિટર અને સંસ્થા દીઠ 25 લીટર કેરોસીન ફાળવવામાં આવશે. તેના માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે."રાજ્યમાં હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓમાં 100 ટકા જ્યારે ફાર્મા, ડેરી ઉદ્યોગ, સીડ પ્રોસેસ ઈન્ડસ્ટ્રી, એરલાઈન/રેલવે કેન્ટીનમાં 70 ટકા તેમજ મત્સ્યોદ્યોગ જેવી આવશ્યક સેવાઓમાં 10 ટકા કેપ સાથે કોમર્શિયલ LPG પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. આ સિવાય અર્ધ આવશ્યક સેવાઓ જેમ કે રેસ્ટોરાં/ઢાબા, હોટેલ્સ, કોર્પોરેટ કેન્ટીન, ઔદ્યોગિક કેન્ટીન, કોર્પોરેટ ગેસ્ટ હાઉસ અને ફુડ પ્રોસેસિંગમાં 10 ટકા કેપ સાથે પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા પૂરતા પગલા લેવામાં આવ્યા છે, જેથી જરૂરિયાત અનુસાર તમામ ક્ષેત્રોને જરૂરી પુરવઠો મળી રહે.રાજ્યની તમામ જાહેર ક્ષેત્રની તેમજ ખાનગી ગેસ એજન્સીઓમાં કડક દેખરેખ અને મોનિટરિંગ માટે રેવન્યૂ તથા પોલીસ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. તેમના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે નાગરિકોને સમયસર LPG પુરવઠો મળે અને ગેરરીતિને અટકાવી શકાય. છેલ્લા 12 દિવસમાં જિલ્લા કક્ષાએ 912 અને રાજ્ય કક્ષાએ ટીમ દ્વારા 17 કિસ્સાઓમાં તપાસની કામગીરી કરવામાં આવી છે. એક જ ગ્રાહક દ્વારા બે સિલિન્ડરના બુકીંગ વચ્ચે શહેરી વિસ્તારમાં 25 દિવસ તથા ગ્રામીણ વિસ્તારમાં 45 દિવસનું અંતર રાખવા બાબતની સૂચના આપવામાં આવેલ છે. જેથી ગ્રાહકો દ્વારા સૂચવેલ સમયમર્યાદા પહેલાં બિનજરૂરી ઓનલાઈન બુકીંગ માટે પ્રયત્ન કરવામાં ન આવે જેથી સર્વર પરનો લોડ ઘટાડી શકાય.રાંધણ ગેસનો બચાવ કરવા બને ત્યાં સુધી કુકરનો ઉપયોગ કરવો, કઠોળને પલાળીને બાફવા જેવી કાર્યક્ષમ રાંધણ પધ્ધતિ અપનાવવી. તેમજ વૈકલ્પિક ઉર્જાસ્ત્રોત તરીકે સોલર કુકર વિગેરેનો ઉપયોગ વધારી શકાય.

ઓવરસ્પીડમાં વાહન ચાલકને રોકતા હોબાળો

# પરિવારે સાબરમતી રિવરફ્રન્ટ પીઆઈ અને સ્ટાફને પટ્ટા અને વર્દી ઉતરાવી લેવાની ધમકી આપી

ફરિયાદ | સાબરમતી રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા જગદીશભાઇએ ફરિયાદ નોંધાવી છે

• અમદાવાદ

અમદાવાદ શહેરના રીવરફ્રન્ટ પર નાઈટમાં નોકરી દરમિયાન ઓવર સ્પીડમાં આવનાર વાહન ચાલકને રોકતા પરિવારે સાબરમતી પીઆઈ અને પોલીસ સ્ટાફને પટ્ટા અને વર્દી ઉતરવાની ધમકી આપી હતી.દંપતી અને તેમના દીકરાઓએ પોલીસને ગાળ આપી ખોટા આક્ષેપો કરીને ટોળું પણ ભેગું કર્યું હતું.આ અંગે પોલીસે ગુનો નોધી ચારેયની ધરપકડ કરી છે.

પોલીસે લાઈસન્સ માગતા જોરથી બૂમો પાડવા લાગ્યા સાબરમતી રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા જગદીશભાઈએ ફરિયાદ નોંધાવી છે કે ગત મોડી રાતે તેઓ




સાબરમતી રીવરફ્રન્ટ પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એન વાઘેલા અને સ્ટાફના કર્મચારીઓ હાજર હતા ત્યારે વલ્લભસદન પાસે રાતે 12:30 વાગે ઊભા રહીને રોંગ સાઈડમાં આવતા વાહનો ચાલકોને સમજાવીને મોકલવામાં આવતા હતા. દરમિયાન એક ટુ વ્હીલર ઉપર બે યુવકો આવ્યા હતા જે રોંગ સાઈડમાં હોવાથી તેમને રોકીને તેમની પાસે લાયસન્સ અને કાગળ માંગ્યા હતા પરંતુ કાગળ ન હોવાથી બંને જણાએ પોલીસ પર ઉશ્કેરાઈને જોરથી બૂમો પાડવા લાગ્યા અને આક્ષેપો કરી અપશબ્દો બોલવા લાગ્યા હતા.

દીકરાઓનું ઉપરાણું લઈ માતાપિતાએ પોલીસને ધમકાવ્યા

બંને યુવકોના માતા-પિતા પણ ત્યાં પહોંચ્યા હતા અને તેમના દીકરાનો ઉપરાણું લઈને પોલીસની ફરજમાં રૂકાવટ કરી મોબાઈલ ફોનથી પોલીસનો વીડિયો ઉતારીને બોલવા લાગ્યા હતા કે તમારા પટ્ટા તેમજ વર્ધી ઉતારવી દઈશું. આસપાસ લોકોનું ટોળું પણ ભેગું થઈ ગયું હતું જેથી પોલીસે બીજી ગાડી બોલાવીને જાણ કરી હતી.પોલીસ દ્વારા માતા-પિતા અને તેમના બંને દીકરાઓને પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા હતા.પોલીસની ફરજમાં રૂકાવટ બદલ યજ્ઞેશ પંડ્યા તેમના પત્ની બીના પંડ્યા પુત્ર ગૌરવ પંડ્યા અને દેવ પંડ્યા વિરુદ્ધ રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી ચારેની ધરપકડ કરવામાં આવી છે.

# ગણપત યુનિવર્સિટીમાં "અટલ બિહારી વાજપેયી પબ્લિક પોલિસી ટોક સિરીઝ" નું 11મું સંસ્કરણ યોજાયું

## આધાર, યુ.પી.આઈ અને ડીજી-લોકર ભારતના ડીજીટલ ગવર્નન્સ નાં મહત્વપૂર્ણ સ્તંભો છે : શ્રી પ્રકાશકુમાર

ગણપત યુનિવર્સિટી દ્વારા "ડીજીટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ધી ફ્યુચર ઓફ ગવર્નન્સ ઈન ઈન્ડિયા : પાથવેઝ ટુ વિકસિત ભારત-૨૦૪૭" વિષય પર 11મી બાય-મન્થલી અટલ બિહારી વાજપેયી પબ્લિક પોલિસી ટોક સિરીઝનું તાજેતર માં સફળ આયોજન કરવામાં આવ્યું.આ કાર્યક્રમ ગણપત યુનિવર્સિટીના MBA Seminar હોલ માં યુ. વી. પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગના નેજા હેઠળ યોજાયો હતો.આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોમાં ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) અંગે જાગૃતિ ફેલાવવાનો હતો તથા ડિજિટલ ટેક્નોલોજી દ્વારા સશક્ત શાસન વ્યવસ્થા અને "વિકસિત ભારત ૨૦૪૭" ના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા સમજાવવાનો હતો. મિકેનિકલ એન્જિનિયરિંગ, મેકેટ્રોનિક્સ એન્જિનિયરિંગ અને ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થી એન્કર હીરવા અને અભિષેક દ્વારા કરવામાં આવી હતી,



જેમણે ઉપસ્થિત મહાનુભાવોને આવકાર આપ્યો અને પબ્લિક પોલિસી ટોક સિરીઝના મહત્વ વિશે પ્રકાશ પાડ્યો. ત્યારબાદ ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી નાં એક્ઝિક્યુટિવ ડીન ડૉ. કિરણ અમીન દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું, જેમાં તેમણે રાષ્ટ્રીય વિકાસમાં ડિજિટલ ટેક્નોલોજી અને જાહેર નીતિ જાગૃતિના વધતા મહત્વ પર ભાર મૂક્યો હતો.આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે નિવૃત આઈ. એ. એસ. અધિકારી શ્રી પ્રકાશ કુમાર હાજર રહ્યા હતા. તેઓ વાધવાની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી એન્ડ પોલિસી ના સીઈઓ તેમજ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ નેટવર્ક ના સ્થાપક સીઈઓ તરીકે જાણીતા છે. પોતાના વ્યાખ્યાનમાં તેમણે સમજાવ્યું કે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર કેવી રીતે ભારતની શાસન વ્યવસ્થામાં પરિવર્તન લાવી રહ્યું છે અને કરોડો નાગરિકોને ડિજિટલ સેવાઓ સરળતાથી ઉપલબ્ધ બનાવે છે.તેમણે ભારતના ડિજિટલ ગવર્નન્સના મહત્વપૂર્ણ સ્તંભો તરીકે આધાર, યુ.પી.આઈ અને ડીજી-લોકરનો ઉલ્લેખ કર્યો, જેનાથી નાણાકીય સમાવેશ, પારદર્શિતા અને સરકારની કલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલમાં મોટી મદદ મળી છે.

# વસ્ત્રાપુરમાં રિટાયર્ડ ડીજીના ઘરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

## ઘરઘાટીએ વતનમાં રોલો પાડવા પિસ્ટલની ચોરી કરી રાજસ્થાન જતો રહ્યો હતો

• અમદાવાદ

અમદાવાદ શહેરના વસ્ત્રાપુરમાં નિવૃત ડીજીના ઘરે ઘરઘાટીએ ચોરી કરી હોવાનો બનાવ બન્યો છે.ગોયલ ઈન્ટરસિટીમાં રહેતા નિવૃત ડીજીના પુત્ર લાયસન્સવાળી પિસ્ટલ અને રાઉન્ડ જમા કરાવવા જવાના હતા પરંતુ આ હથિયાર કબાટમાંથી ગાયબ હતા જેથી તેમણે ઘરઘાટીને પૂછતા તેણે અજાણ હોવાનું જણાવ્યું હતું.જ્યારે પોલીસને જાણ કરવામાં આવી ત્યારે પોલીસે ઘરઘાટી પર શંકા રાખીને પૂછપરછ કરતા તેણે હથિયાર ચોરી કર્યાની કબૂલાત કરી હતી.

વસ્ત્રાપુરમાં આવેલા ગોયલ ઈન્ટરસિટીમાં રહેતા અમનદિપસિંગ રિટાયર્ડ ડીજી ગુરુદયાલસિંગના પુત્ર છે.અમનદિપસિંગ ગૌશાળા ધરાવીને દૂધ અને ઘીનો વેપાર કરે છે.અમનદીપસિંગની માતાએ વર્ષ 2004માં સ્વરક્ષણ માટે લાયસન્સ વાળી કોલ્ટ પોઈન્ટ 25 પિસ્ટલ ખરીદી હતી.અમનદિપસિંગના ઘરે પહેલા ઘરકામ માટે એક મહિલા કામ કરતી હતી. પરંતુ તે બે માસથી આવતી ન હોવાથી તેમણે ઓળખીતા દ્વારા મહીપાલસિંહ સીસોદીયા (રહે. રાજસ્થાન)ને 15 હજારના પગારે નોકરીએ રાખ્યો હતો.મહિપાલસિંહ બે માસથી મકાનમાલિક અમનદિપસિંગના ઘરે જ રહેતો હતો. થોડા દિવસ પહેલા હથિયાર ડીલરને જમા કરાવવાનું હોવાથી અમનદિપસિંગ કબાટમાંથી હથિયાર લેવા જતા પિસ્ટલ અને રાઉન્ડ મળી આવ્યા નહોતા. ઘરઘાટી મહિપાલસિંહને હથિયાર બાબતે પૂછતા તેણે અજાણ હોવાનું જણાવ્યુ હતું.જેથી અમનદીપસિંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘરઘાટી મહિપાલસિંહની ઉંડાણપુર્વક પૂછપરછ કરતા ઘરઘાટી મહિપાલસિંહ સીસોદીયાએ ચોરી કર્યાની કબૂલાત કરી હતી. આરોપી હથિયાર ચોરી કરીને હોળી સમયે વતન રાજસ્થાન ગયો હતો.ત્યારે ત્યાંના મકાનમાં હથિયાર મૂકી દીધા હતા. વતનમાં હથિયાર સાથે રોલો પાડવા અને ફોટો પડાવાવવાનો શોખ પૂરો કરવા ચોરી કર્યાની કબૂલાત કરી છે.

# ઘનશ્યામભાઈ રાવ તરફ થી કરસનભાઈ ને બુકે આપી જન્મદિવસની શુભેચ્છા વ્યક્ત કરી હતી




તારીખ 11/3/26 ને બુધવાર ના રોજ સિનિયર સિટીઝન મંડળ ગોત્રી દ્વારા વડીલશ્રી કરસનભાઈ પટેલ ના જન્મદિવસ ની ખુબજ ધામધૂમ થી ઉજવણી કરવામાં આવી. જેમાં સભ્યો દ્વારા ગીત સંગીત નો સુંદર પ્રોગ્રામ કરવામાં આવ્યો . પ્રોગ્રામ ની સાથે સાથે મંડળ ના પ્રમુખ કનુભાઈ પટેલ તથા કોર્પોરેટર નરસિંહભાઈ તથા મંડળ ના ઉપપ્રમુખ અજીતભાઈ વાઘેલા, તથા મહામંત્રી કૌશિકભાઈ જોશી, તથા ટ્રેઝરર રશ્મિકાન્તભાઈ ભટ્ટ દ્વારા બુકે આપી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી. કરસનભાઈ એ તેમના જન્મદિવસ નિમિતે બધા સભ્યો નો આભાર વ્યક્ત કર્યો. આ કાર્યકમ માં વડીલ સભ્ય શ્રી કરસનભાઈ તરફ થી સભ્યો ને શ્રીખંડ /પુરી નું ભોજન જમાડવામાં આવ્યું. શ્રી કરસનભાઈ એ સંસ્થા ને રૂપિયા 1000/- ની ભેટ આપી.

માનવ સર્જિત ઉર્જા સંકટ માટે મોદી સરકાર સીધી જવાબદાર : ડૉ. મનીષ દોશી

# ગેસની અછતને કારણે આમ જનતા પુનઃ લાઈનમાં ઉભી રહેવા મજબુર

કેન્દ્રની મોદી સરકાર - ભાજપા સરકારના અવિચારી પગલા અને આયોજનના અભાવે દેશની જનતાને નોટબંધી, GST, કોરોના - લોકડાઉન, ઓક્સીજન, ઈન્જેક્શન, SIR અને હવે ગેસની લાઈનમાં ઉભા રહેવા મજબુર કર્યા ત્યારે માનવ સર્જિત ઉર્જા સંકટ માટે મોદી સરકાર સીધી જવાબદાર હોવાનો સીધો આરોપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, રાજ્ય અને કેન્દ્રની ભાજપ સરકાર ગેસના પૂરતો પુરવઠાના સંગ્રહ માટે આગોતરા આયોજનના અભાવે સમયસર ઉપલબ્ધ કરાવવામાં નિષ્ફળ ગઈ છે. ગેસની અછતને કારણે સામાન્ય જનતા ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે. ગેસ સિલિન્ડર મેળવવા માટે લોકો લાંબી લાઈનોમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. ઈન્ડસ્ટ્રીઝમાં ગેસ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો છે, જેના કારણે સિરામીક સહિત અનેક ઉદ્યોગો બંધ થઈ ગયા છે. કોમર્શિયલમાં ગેસનો સપ્લાય બંધ કરી દેવાના કારણે અનેક હોટેલ અને રેસ્ટોરન્ટ અને ખાસ કરીને વિદ્યાર્થીઓની મેસ - કેન્ટીન, સેવાકીય અન્નક્ષેત્રો બંધ થઈ રહ્યા છે.

ભારતમાં રસોઈ માટે ઉપયોગમાં આવતો લીક્વીફાઈડ પેટ્રોલીયમ ગેસ ૬૦ ટકા થી વધુ આયાત કરવામાં આવે છે. દેશમાં સતત એલપીજી (LPG)ની માંગ ની સામે ઉત્પાદન ઘટી ગયું છે. દેશમાં એલપીજી આયાતમાં ૧૨ ગણો વધારો થયો છે. એટલે કે ભારત દેશ એક વર્ષમાં ૨૦૦૦ થી ૨૦૧૦ વચ્ચેના દાયકાના LPG ઉત્પાદન ઝડપ થી વધ્યું હતું. પરંતુ વર્ષ ૨૦૧૭-૧૮ પછી ઉત્પાદન ઘટી ગયું છે. લગભગ સ્થિર થઈ ગયું છે. કેન્દ્રમાં કોંગ્રેસ સરકારમાં રીફાઈનરીના ઉત્પાદનમાં ૫.૫ ટકા જેટલો LPGનો ભાગ હતો જે છેલ્લા પાંચ વર્ષમાં ૪.૨ ટકા જ LPG નો ભાગ છે જે કેન્દ્ર મોદી સરકારની નીતિ અને નિયતને ઉજાગર કરે છે

દેશના વડાપ્રધાન અમેરિકા સામે સરેન્ડર થઈ ગયા છે અને તેની સીધી અસર દેશના ગેસ પુરવઠા પર પડી રહી છે. ગેસની તંગીની અસર માત્ર ઘર વપરાશ પર નહીં પરંતુ ઉદ્યોગો પર પણ પડી રહી છે. મોંઘવારીના કઠીન સમયમાં લોકોને સરકાર દ્વારા ખાસ કોઈ રાહત મળતી નથી અને ગૃહિણીઓને પણ ગેસ સિલિન્ડર મેળવવા માટે વિકટ પરિસ્થિતિમાંથી પસાર થવું પડી રહ્યું છે. ગેસની અછતની સીધી અસર માત્ર ઘર વપરાશ પર નહીં પરંતુ ઔદ્યોગિક વપરાશ પર પણ પડી રહી છે. સરકાર તાત્કાલિક ગેસનો પુરતો પુરવઠો સમયસર ઉપલબ્ધ કરાવે તેવી કોંગ્રેસ પક્ષની માંગણી છે.

પૂર્વ કોર્પોરેટરોને શહેર સંગઠનમાં સ્થાન

# AMCના પૂર્વ હોદ્દેદારો- સંગઠનના નેતાઓને શહેર કારોબારીમાં સ્થાન મળતા ટિકિટ મળવાની શક્યતા ઓછી

• અમદાવાદ

રાજ્યમાં આગામી મહાનગરપાલિકા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થવાની છે ત્યારે ચૂંટણીઓના પડઘમ વચ્ચે અમદાવાદ શહેર ભાજપ પ્રમુખ દ્વારા 70 સભ્યોની કારોબારી યાદી જાહેર કરવામાં આવી છે. કારોબારી સભ્યોની સાથે વિશેષ આમંત્રિત સભ્યોની પણ જાહેરાત કરવામાં આવી છે. શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહ દ્વારા કારોબારી સભ્યોની યાદી જાહેર કરવામાં આવી છે, જેમાં તાજેતરમાં જ ટર્મ પૂરી થઈ હોય એવા કોર્પોરેટરોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

શહેર ભાજપ દ્વારા કરવામાં આવેલી કારોબારી સભ્યોની જાહેર કરવામાં આવેલી યાદીમાં વર્ષ 2021થી 2026 સુધીની તાજેતરમાં જ પૂર્ણ થયેલી ટર્મમાં કોર્પોરેટર તરીકે રહી ચૂકેલા લોકોને સ્થાન આપવામાં આવ્યું છે. પૂર્વ ડેપ્યુટી મેયર જતીન પટેલ, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણી, પૂર્વ દંડક શીતલ ડાગા, પૂર્વ કોર્પોરેટર મીનાક્ષીબેન નાયક સહિતના કોર્પોરેટરોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી આગામી ચૂંટણીમાં ટિકિટ મળવી મુશ્કેલ લાગી રહ્યું છે. મોટા નેતાઓને કારોબારીમાં સ્થાન મળતા ચૂંટણી લડવાના સપના પર પાણી ફરી શકે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હોદ્દેદાર તરીકે રહી ચૂકેલા હોદ્દેદારો તેમજ અગાઉ પણ કોર્પોરેટર તરીકે રહી ચૂકેલા એવા મોટા નેતાઓને કારોબારીમાં સ્થાન મળતા ચૂંટણી લડવાના સપના પર પાણી ફરી શકે છે. ભાજપની યાદીમાં અનેક એવા લોકોના નામ જોવા મળ્યા છે જેના નામ અગાઉથી જ કોર્પોરેશનની ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ચર્ચા રહ્યા હતા. શહેર ભાજપમાં વિશેષ આમંત્રિત સભ્યો તરીકે અમદાવાદ શહેરના મોટાભાગના ધારાસભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે જ્યારે પૂર્વ ધારાસભ્ય રાકેશ શાહ, ભૂષણ ભટ્ટ, અરવિંદ પટેલ સુરેશભાઈ પટેલ, જગદીશ પટેલ, પૂર્વ મંત્રી પ્રદીપ પરમાર, ડો . નિર્મલાબેન વાધવાણી, ડો. માયાબેન કોડનાની, પૂર્વ મેયર પ્રતિભા જૈન અને સ્ટેન્ડિંગ ચેરમેન હિતેશ બારોટને સ્થાન આપવામાં આવ્યું છે.

# શહેરા પંથકમાં MGVCLનું વીજ ચોરી સામે મેગા સર્ચ ઓપરેશન, રૂ. ૧૦.૯૬ લાખનો દંડ ફટકારાયો

• શહેરા,

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) દ્વારા વીજ ચોરીના દૂષણને ડામવા માટે ગોધરા વિભાગ હેઠળની શહેરા-૧ અને શહેરા-૨ પેટા વિભાગીય કચેરીના વિસ્તારોમાં સઘન ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન દરમિયાન વીજ કંપનીની વિજિલન્સ ટીમોએ અનેક ગામોમાં ધામા નાખી વીજ જોડાણોની ઝીણવટભરી તપાસ કરી હતી આ ટીમોએ નવાગામ, પાનમ-૨, ખાટકપુર અને ખોજલવાસા ફીડર હેઠળ આવતા ૩૦થી વધુ ગામો જેવા કે મીરાપુર, અણિયાદ, કવાલી, સેવાલિયા, વાંટા વાછોડા, સંભાલી, ખોજલવાસા અને નાંદરવા સહિતના વિસ્તારોમાં આકસ્મિક તપાસ કરી હતી.

**નરમાઈ**

બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 38122 પોઇન્ટના સ્તરે

# સોનાના વાયદામાં રૂ.2263 અને ચાંદીના વાયદામાં રૂ.6835ની નરમાઈ: ક્રૂડ તેલનો વાયદો રૂ.39 ઢીલો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.33765.42 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.257137.85 કરોડનું ટર્નઓવર

સોનાના વાયદામાં રૂ.2263 અને ચાંદીના વાયદામાં રૂ.6835ની નરમાઈ: ક્રૂડ તેલનો વાયદો રૂ.39 ઢીલો કોમોડિટી વાયદાઓમાં રૂ.33765.42 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.257137.85 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 22416.91 કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 38122 પોઈન્ટના સ્તરે દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.290904.31 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.33765.42 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.257137.85 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો 38122 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.4937.22 કરોડનું થયું હતું.




કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 22416.91 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.157347ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.157523 અને નીચામાં રૂ.154925ના સ્તરને સ્પર્શી, રૂ.158466ના આગલા બંધ સામે રૂ.2263 ઘટી રૂ.156203ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો 8 ગ્રામદીઠ રૂ.2022 ઘટી રૂ.127825ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો 1 ગ્રામદીઠ રૂ.262 ઘટી રૂ.16029ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.2278 ઘટી રૂ.156249ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો 10 ગ્રામદીઠ રૂ.159002ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.159002 અને નીચામાં રૂ.155700ના મથાળે અથડાઈ, રૂ.159582ના આગલા બંધ સામે રૂ.2599 ઘટી રૂ.156983ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.255101ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.257161 અને નીચામાં રૂ.246862ના મથાળે અથડાઈ, રૂ.259435ના આગલા બંધ સામે રૂ.6835 ઘટી રૂ.252600ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.7678 ઘટી રૂ.257990ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.7718 ઘટી રૂ.258179ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.2812.79 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.10.9 ઘટી રૂ.1176.5 થયો હતો. જસત માર્ચ વાયદો રૂ.1.9 ઘટી રૂ.322.55ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.4.05 ઘટી રૂ.342.05ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું માર્ચ વાયદો રૂ.2.2 ઘટી રૂ.186.4 થયો હતો.

ચિત્ર-સંગીતના બેરોજગાર શિક્ષકોનો ગાંધીનગરમાં હુંકાર

# કાયમી ભરતી કરવા શિક્ષણ મંત્રીને ઉગ્ર રજૂઆત, વિધાનસભા ગેટ પાસે આત્મવિલોપનની ચીમકી

**રજૂઆત**

ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં છુપાયેલી કલા સંગીતની શક્તિને યોગ્ય માર્ગદર્શન

• ગાંધીનગર

રાજ્યની સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વર્ષોથી ખાલી પડેલી ચિત્ર અને સંગીત શિક્ષકોની જગ્યાઓ ભરવા માટે બેરોજગાર ઉમેદવારોએ સરકાર સામે મોરચો માંડ્યો છે. આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી એકઠા થયેલા શિક્ષિત બેરોજગારોએ શિક્ષણ મંત્રીને આવેદનપત્ર પાઠવી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 મુજબ કાયમી સીધી ભરતી કરવા ઉગ્ર રજૂઆત કરી હતી.




ચિત્ર-સંગીત શિક્ષકોની જગ્યાઓ ભરવા આવેદન આપી રજૂઆત સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વર્ષોથી ખાલી પડેલી ચિત્ર અને સંગીત શિક્ષકોની જગ્યાઓ ભરવા માટે બેરોજગાર ઉમેદવારોએ આજે વધુ એક વખત સરકારને આવેદન આપી રજૂઆત કરી છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, ભારત સરકારની નવી શિક્ષણ નીતિમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં કલા, સંગીત અને શારીરિક શિક્ષણને મુખ્ય વિષયોની સમકક્ષ ગણવામાં આવ્યા છે. તેમ છતાં ગુજરાતની અનેક સરકારી શાળાઓમાં આ વિષયો માટે કાયમી શિક્ષકોની નિમણૂક કરવામાં આવી નથી.

હજારો યુવાનો લાંબા સમયથી ભરતીની રાહ જોઈ રહ્યા છે જે નીતિના મૂળ ઉદ્દેશ્યો સામે સવાલ ઊભા કરે છે. ઉમેદવારોની મુખ્ય માંગણીઓ છે કે, ATD અને સંગીત વિશારદ જેવી લાયકાત ધરાવતા હજારો યુવાનો લાંબા સમયથી ભરતીની રાહ જોઈ રહ્યા છે. ભરતીમાં વિલંબને કારણે અનેક ઉમેદવારો વયમર્યાદા વટાવી રહ્યા છે. હાલમાં પ્રવાસી શિક્ષકો કે વૈકલ્પિક વ્યવસ્થાથી કામ ચલાવવામાં આવે છે. જો કાયમી શિક્ષકોની નિમણૂક થાય તો જ શિક્ષણની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થઈ શકે.

વિધાનસભા ગેટ આગળ આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં છુપાયેલી કલા સંગીતની શક્તિને યોગ્ય માર્ગદર્શન આપવા માટે નિષ્ણાત અને કાયમી શિક્ષકોની હાજરી અનિવાર્ય છે. ઉમેદવારોએ શિક્ષણ મંત્રીને વિનંતી કરી છે કે લાખો વિદ્યાર્થીઓના હિતમાં અને NEP 2020 ના પાયાના સિદ્ધાંતોને અનુસરીને રાજ્યની શાળાઓમાં સત્વરે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે. ખાસ કરીને કાયમી સીધી ભરતી માટેના નિયમો વહેલી તકે જાહેર કરવામાં આવે નહીં તો ચાલુ બજેટ સત્ર દરમિયાન વિધાનસભા ગેટ આગળ આત્મવિલોપનની ચીમકી પણ ઉચ્ચારી છે.

# ડભોઈ નગરપાલિકા દ્વારા 10 દિવસીય સ્વદેશી મેળા ની પુર્ણાહુતી પ્રસંગે સ્ટોલધારકો દ્વારા અનોખી ઉજવણી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ નગરપાલિકા દ્વારા 10 દિવસીય સ્વદેશી મેળા ની પુર્ણાહુતી પ્રસંગે સ્ટોલધારકો દ્વારા અનોખી ઉજવણી શહેરી વિકાસ વર્ષની ઉજવણી ના ભાગરૂપે ગુજરાત શહેરી આજીવિકા મિશન, ગાંધીનગરની મળેલ સૂચના અનુસાર ડભોઈ નગરપાલિકાના એ.પી. એમ.સી. માર્કેટ, સરદાર બાગ ખાતે તા.૦૬/૦૩/૨૦૨૬ થી ૧૫/૦૩/૨૦૨૬ દરમ્યાન ‘સ્વદેશી મેળો’ (શોપિંગ ફેસ્ટીવલ) નું આયોજન કરવામાં આવ્યું હતું જેનો શુભારંભ ધારાસભ્ય ના હસ્તે દીપપ્રાગટય દ્વારા તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું હતું. આ ‘સ્વદેશી મેળો’ (શોપિંગ ફેસ્ટીવલ) મેળામાં વિવિધ સ્વદેશી ઉત્પાદનો, હસ્તકલા અને સ્થાનિક વેપારીઓ દ્વારા ૫૦ થઈ વધુ જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતાં. સાથે સાથે બાળકો માટે કિડ્ઝ ઝોન, ફુડ ઝોન વગેરે આકર્ષણોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સિવાય મેળામાં રોજબરોજ જાહેર જનતા મેળા વધુ ને વધુ મેળાની મુલાકાત લઈ શકે તે માટે સંગીત સંધ્યા, મહિલા દિવસની ઉજવણી વગેરે જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ હતું. આ સઘળા પ્રયાસોના પરિણામ સ્વરૂપ આ ૧૦ દિવસ દરમ્યાન અંદાજિત 20 હજારથી વધુ લોકોએ મેળાની મુલાકાત લીધી હતી. અને સ્ટોલધારકો પાસેથી સ્વદેશી ચીજ વસ્તુની ખરીદી કરી હતી જેથી સ્ટોલધારકોને મોટી સંખ્યામાં માર્કેટ મળી રહેતા તેઓને ખુબ સારું વેચાણ થયું હતુ જેથી તમામ સ્ટોલધારકો આ સ્વદેશી મેળાના આયોજનથી ખુબ જ આનંદિત થયા હતા.મેળાના પુર્ણાહુતિ સમયે તમામ સ્ટોલધારકો દ્વારા તેઓની ખુશી અને આભાર વ્યક્ત કરવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નગરપાલિકાના પ્રમુખશ્રી બિરેનભાઈ શાહ, વિશાલભાઈ શાહ, હર્ષાબેન ચૌહાણ તથા કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન સ્ટોલધારકશ્રીઓ દ્વારા જ કરવામાં આવ્યું હતું. સાથે સાથે સ્ટોલધારકશ્રીઓ દ્વારા મહાનુભાવો તથા આ મેળાને સફળ બનાવવા માટે યોગદાન આપનાર નગરપાલિકાના કર્મચારીઓનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. મેળાનું સમાપન કાર્યક્રમમા સ્વદેશી મેળાના આયોજન અર્થે માર્ગદર્શન આપનાર વહીવટી વાળા ચીફ ઓફિસર શ્રી જયકિશન તડવી, મેળાનું આયોજન કરનાર પ્રોજેક્ટ મેનેજર અર્ચનાબેન પરમાર તથા મહેશભાઈ પરમાર અને તેમની ટીમના તમામ કર્મચારીશ્રીઓનું ફુલોના બુકે દ્વારા સન્માન કરવામાં આવ્યું .



# આગામી ૧૯ માર્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો પોરબંદરનો સંભવિત પ્રવાસ

## તાજાવાલા હોલ ખાતે વિવિધ વિકાસકાર્યોનો લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમ

• ગોસા(ઘેડ)તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આગામી ૧૯ માર્ચના રોજના સંભવિત પોરબંદર પ્રવાસ દરમિયાન તાજાવાલા હોલ ખાતે વિવિધ વિકાસલક્ષી કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાનાર છે. આ સંભવિત કાર્યક્રમના સુચારુ આયોજન અને પૂર્વ તૈયારીઓના ભાગરૂપે જિલ્લા કલેક્ટર એસ. ડી. ધાનાણીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ - ખાતમુહૂર્ત સહિતના તમામ કાર્યક્રમોને સફળ બનાવવા માટે વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરએ તાજાવાલા હોલ ખાતે કાર્યક્રમ સ્થળની વ્યવસ્થા, સ્વાગત, પ્રોટોકોલ મુજબ સુરક્ષા બંદોબસ્ત, ટ્રાફિક નિયંત્રણ અને સ્વચ્છતા સહિતના પાયાના મુદ્દાઓ પર ગહન સમીક્ષા કરી હતી. વધુમાં, કલેક્ટર એસ. ડી. ધાનાણીએ સમગ્ર આયોજન દરમિયાન આરોગ્ય સુવિધાઓ સજ્જ રાખવા અને તમામ વ્યવસ્થાઓ કરવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે તમામ સંબંધિત વિભાગોને પરસ્પર સંકલન સાધીને સોંપાયેલી કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા તાકીદ કરી હતી. જિલ્લા કલેક્ટરએ તાજાવાલા હોલ ખાતે કાર્યક્રમ સ્થળની વ્યવસ્થા, સ્વાગત, પ્રોટોકોલ મુજબ સુરક્ષા બંદોબસ્ત, ટ્રાફિક નિયંત્રણ અને સ્વચ્છતા સહિતના પાયાના મુદ્દાઓ પર ગહન સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી બી.બી. ચૌધરી, જિલ્લા પોલીસ અધિક્ષક બી.યુ. જાડેજા, નિવાસી અધિક કલેક્ટર રેખાબા સરવૈયા, પ્રાંત અધિકારી સંદીપ જાદવ, નાયબ મ્યુનિસિપલ કમિશનર મનન ચતુર્વેદી, જિલ્લા આયોજન અધિકારી જે.સી. ઠાકોર સહિત વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને વિવિધ અમલીકરણ વિભાગોના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ ની જગન્નાથપુરી-ગંગાસાગર યાત્રા




શુભેચ્છક શ્રી ડો.નિતીન સુમંત શાહ, ચેરમેન, હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ તરફ થી નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડો.હરિકૃષ્ણ ડાહ્યાભાઈ સ્વામી સ્કુલ ફોર ઈન્ટેલેકટચ્યુઅલ ડિસેબલ્ડ નાં 25 મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે જગન્નાથપુરી-ગંગાસાગર યાત્રા નું આયોજન તા.19/3/26 થી તા.27/3/26 દરમિયાન કરેલ છે.વિદ્યાર્થીઓ માટે રહેવા-જમવા અને સાઈટસીન સભર આ યાત્રા નું આયોજન એમણે કરેલ છે.વિદ્યાર્થીઓ સહ નવજીવન નાં સંચાલક શ્રી નિલેશ પંચાલ અને સંસ્થા નાં બીજા 3 શિક્ષક પણ જશે. આભાર ડો.નિતીન સુમંત શાહ નો અને મનોદિવ્યાંગ લાભાર્થીઓ ને યાત્રા ની શુભેચ્છાઓ.

BDDS અને ડોગ સ્ક્વોડ દ્વારા સર્ચ ઓપરેશન

# કર્મયોગી ભવનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી સેક્ટર-10ના તોલમાપ વિભાગને ધમકીભર્યો ઈમેલ મળ્યો

• ગાંધીનગર

ગાંધીનગરમાં આવેલું અને મહત્વની સરકારી કચેરીઓ ધરાવતું કર્મયોગી ભવન આજે બોમ્બની ધમકીને પગલે હચમચી ગયું હતું. સેક્ટર-10 સ્થિત આ ભવનના બ્લોક નંબર 2માં કાર્યરત તોલ-માપ વિભાગની કચેરીને એક અનામી ઈમેલ દ્વારા બિલ્ડિંગ ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર વહીવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ હતી.તોલ-માપ વિભાગના ઈમેલ આઈડીપર બોમ્બ થ્રેટ મેઈલ મળતી માહિતી મુજબ, આજે સવારે તોલ-માપ વિભાગના સત્તાવાર ઈમેલ આઈડી પર એક સંદેશો મળ્યો હતો, જેમાં વિસ્ફોટ કરવાની




ગંભીર ચેતવણી આપવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતા જ કર્મચારીઓમાં ભારે ડરનો માહોલ ફેલાયો હતો. તકેદારીના ભાગરૂપે તાત્કાલિક ધોરણે તમામ બ્લોક અને કચેરીઓમાંથી કર્મચારીઓને બહાર કાઢવામાં આવ્યા હતા અને સમગ્ર કેમ્પસ ખાલી કરાવી દેવામાં આવ્યું હતું.બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા તપાસ આ ધમકી ભર્યા ઈમેઈલની જાણ થતા જ ગાંધીનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. તપાસ માટે બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા બિલ્ડિંગના ખૂણે-ખૂણાની તપાસ કરવામાં આવી રહી છે. જ્યારે શંકાસ્પદ વસ્તુઓની તપાસ માટે ડોગ સ્ક્વોડ મદદ લેવાઈ છે. બીજી તરફ ઈમેલનું આઈપી એડ્રેસ ટ્રેસ કરીને મોકલનાર સુધી પહોંચવાના પ્રયાસો શરૂ કરાયા છે.અગાઉ પણ પોસ્ટ ઓફિસો, પાસપોર્ટ કચેરીઓને બોમ્બ થ્રેટ નોંધનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી પાટનગર સહિત ગુજરાતની મહત્વની સંસ્થાઓને નિશાન બનાવવાનું ષડયંત્ર વધી રહ્યું હોય તેમ જણાય છે. અગાઉ પણ રાજ્યની વિવિધ પોસ્ટ ઓફિસો, પાસપોર્ટ કચેરીઓ અને પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓને આ પ્રકારે ફેક ઈમેલ દ્વારા ધમકાવવામાં આવી હતી.

# ડાંગની ધરા પર પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માનું ભવ્ય આગમન: યુવા મોરચા દ્વારા કેસરીયો માહોલ

• આહવા,

ડાંગ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા જીના ડાંગ જિલ્લાના પ્રથમ આગમન નિમિત્તે જિલ્લામાં ઉત્સાહનો જ્વર જોવા મળ્યો હતો. પ્રદેશ અધ્યક્ષના સ્વાગતાર્થે ભારતીય જનતા યુવા મોરચા (BJYM) ડાંગ દ્વારા એક ભવ્ય અને શક્તિશાળી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેણે સમગ્ર વાતાવરણને ભાજપમય બનાવી દીધું હતું.યુવાનોનો અદભૂત ઉત્સાહ ડાંગની પવિત્ર અને પ્રાકૃતિક ધરતી પર પ્રદેશ અધ્યક્ષનું ઉષ્માભર્યું સ્વાગત કરવા માટે સેંકડોની સંખ્યામાં યુવાનો પોતાના બાઈક સાથે ઉમટી પડ્યા હતા. આ બાઈક રેલીમાં કાર્યકરોનો ઉત્સાહ અને ઉમંગ ચરમસીમાએ હતો. કેસરીયા સાફા અને પક્ષના ઝંડાઓ સાથે નીકળેલી આ રેલી ડાંગના મુખ્ય માર્ગો પર આકર્ષણનું કેન્દ્ર બની હતી. ઠેર-ઠેર ફૂલહાર અને નારાઓ સાથે અધ્યક્ષશ્રીનું ભવ્ય અભિવાદન કરવામાં આવ્યું હતું.આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન ડાંગ જિલ્લા યુવા મોરચાના પ્રમુખ શ્રી આઝાદસિંહ બઘેલ જી ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. રેલીની વ્યવસ્થા અને કાર્યક્રમની રૂપરેખાને આખરી ઓપ આપવામાં જિલ્લા યુવા મોરચાના મહામંત્રીઓ શ્રી નરેશભાઈ ભોયે અને શ્રી શૈલેશભાઈ ચૌધરી એ મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમે સંગઠનશક્તિનો પરિચય આપ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત કાર્યકરોને સંબોધતા પ્રદેશ અધ્યક્ષે ડાંગના કાર્યકરોની મહેનત અને સમર્પણની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપના અન્ય વરિષ્ઠ આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ ભવ્ય કાર્યક્રમ અને બાઈક રેલીથી આગામી સમયમાં ડાંગ જિલ્લામાં પક્ષના સંગઠનને નવી મજબૂતી અને યુવાનોમાં એક નવી ઉર્જાનો સંચાર થયો હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.



આજ રોજ કપડવંજ તાલુકા ના મહુડીયા (નરસિંહપુર) ગામ ખાતે ધુળસિંહ. સોલંકી અશોકસિંહ.સોલંકી ભુગળિયા અને મોટીજેરના સચિનસિંહ.પરમાર બાર બીજના ધણી રામાપીર મંદિર ની પ્રાણ પ્રતિષ્ઠા માં હાજરી આપી રામાપીર ના દર્શન કરી આશીર્વાદ લીધા અને બાર બીજ ના ધણી રામાપીર ની મૂર્તિ ના દાતા બનવા નો અવસર પ્રાપ્ત થયો ત્યારે સમસ્ત ગ્રામ જનો અને આયોજક મિત્રો દ્વારા ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું સર્વે ભાવિભકતો ની રામાધાણી મનોકામના
પુરી કરે...
જય જય બાબારી
રિપોર્ટર દિપક પરમાર ઘડિયા

૩૪૫ મંદિરોનું નિર્માણ

પૂર્વ રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદનો ડાંગ જિલ્લાનો પ્રવાસ : બીજો દિવસ

# ડાંગ જિલ્લામાં ૩૧૧ હનુમાન મંદિરોના નિર્માણ યજ્ઞ 'ડાંગ પ્રયાગ હનુમાન યાગ' અંતર્ગત ૧૭૫માં હનુમાન મંદિરના લોકાર્પણ સમારોહ ભક્તિભાવ સાથે યોજાયો

## પ્રાકૃતિક જીવન ખરા અર્થમાં સ્વર્ગ સમાન છે, તેની સમીપ રહેવાથી જીવન સ્વસ્થ, શાંત અને સૌભાગ્યશાળી રહે છેઃ પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ

• આહવા / ડાંગ

'પ્રાકૃતિક જીવન ખરા અર્થમાં સ્વર્ગ સમાન છે.તેની નજીક રહેવાથી જીવન સ્વસ્થ,શાંત અને સૌભાગ્યશાળી રહે છે. શહેરમાં લોકો બીમારી અને ચિંતાથી પીડાઈ છે, ત્યારે ડાંગ જિલ્લાના આવા વાતાવરણમાં સાચું સુખ અને આનંદ મળે છે.પ્રકૃતિ આપણને અનુશાસન શીખવે છે. ભગવાન રામે પણ પ્રકૃતિના સાંનિધ્યમાં રહેવાનું પસંદ કર્યું હતું. રાષ્ટ્રપતિ તરીકેના કાર્યકાળમાં આવવાનો સંયોગ ન રચાયો પણ આજે હનુમાન દાદાની કૃપાથી અહીં આવવાનું મને સૌભાગ્ય મળ્યું છે.' ઉપરોક્ત શબ્દો સંપૂર્ણ આદિવાસી અને દંડકારણ્યની પાવન ધરા પર ૩૧૧ હનુમાન મંદિરોના નિર્માણ યજ્ઞ 'ડાંગ પ્રયાગ હનુમાન યાગ'ના ૧૭૫માં હનુમાન મંદિરના લોકાર્પણ સમારોહ પ્રસંગે ઈસદર ગામે પધારેલા ભારતના ૧૪માં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદજીએ ઉચ્ચાર્યા હતા. પૂર્વ રાષ્ટ્રપતિશ્રીએ શુભાષિશ પાઠવતા વધુમાં જણાવ્યું કે, આજે ગામમાં હર્ષોલ્લાસ સાથે હનુમાન દાદાની ભક્તિ જોઈ મનને પરમ શાંતિની થઈ છે. આ રાષ્ટ્રભક્તિનું પરમ ઉદાહરણ છે. ગતરોજથી અનેક મંદિરોમાં જવાનું સૌભાગ્ય મળ્યું છે ત્યારે મને મારુ બાળપણ યાદ આવી ગયું હતું. મારા ગામમાં પણ હનુમાનજી દાદાનું મંદિર હતું જેમાં હું નિયમિત હનુમાન ચાલીસાના પાઠ કરતો હતો. હનુમાન ચાલીસાના પઠન અંગે સ્પર્ધા પણ થતી જેમાં હું પ્રથમ નંબરે આવતો હતો. હનુમાન દાદા સંકટ મોચન છે, સમર્પણ ભાવથી નિયમિત તેમની પૂજા કરવાથી કૃપા થાય છે, જેના પ્રતાપે હું રાષ્ટ્રપતિના સર્વોચ્ચ પદ સુધી પહોંચ્યો હતો. આપણા હનુમાન દાદા માત્ર ભારત પૂરતા સીમિત નથી પરંતુ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી બરાક ઓબામા પણ અતૂટ શ્રદ્ધા ધરાવે છે. હનુમાનજી મહારાજ સમગ્ર વિશ્વના અધિષ્ઠાતા દેવ છે. હનુમાનજી દાદાના સાદગી, સરળતા અને ભોળપણના ગુણ આજે પણ ડાંગની પ્રજામાં જોવા મળે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ઉલ્લેખ કરતા પૂર્વ રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું કે, મારા પિતાજી અલગ અલગ તીર્થ સ્થળોએ જતા ત્યાંથી પથ્થર લઈ આવતા અને તેનું મંદિર બનાવી પૂજા કરતા હતા. આ મંદિરની વડાપ્રધાનશ્રીએ પણ મુલાકાત લઈ દર્શન કર્યા હતા. દીકરીઓના શિક્ષણ પર ભાર મૂકી પોતાનું દ્રષ્ટાંત આપતા વધુમાં તેમણે જણાવ્યું કે, મારા ગામમાં દીકરીઓને શિક્ષણ મળે એ માટે મારા સાંસદ તરીકેના કાર્યકાળમાં બે કન્યા વિદ્યાલયો બનાવ્યા હતા. તેની પણ મોદીજીએ



મુલાકાત લીધી હતી. રાજ્યસભાના સાંસદશ્રી ગોવિંદભાઈના સેવા કાર્યોને બિરદાવતા પૂર્વ રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું કે, ગોવિંદકાકા એ માત્ર ડાંગ જિલ્લામાં જ ૩૧૧ મંદિર બનાવવાનો સંકલ્પ લઈ શ્રીગણેશ કર્યા છે. પરંતુ તેમના આ સેવાભાવને લાભ સમગ્ર ગુજરાત અને દેશના લોકોને મળે તે માટે દેશભરમાં મંદિરો બનાવવાના ભગીરથ કાર્યમાં આગળ વધે તેવી શુભેચ્છા પાઠવું છું. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે શબરી ઘરે રામ પધાર્યાનું ભજનની પંક્તિ ગાઈ ડાંગ જિલ્લામાં દેશના ૧૪માં રાષ્ટ્રપતિ પધાર્યા તે અંગેનો અહોભાવ પ્રગટ કરી મંદિરોના નિર્માણથી ગામોમાં એકતા અને સંગઠનની તાકત વધી રહી હોવાની સાથે ગામો વ્યસનમુક્ત બની રહ્યા હોવાની ખુશી વ્યક્ત કરી હતી. રાજ્યસભાના સાંસદ અને ૩૧૧ મંદિરના સંકલ્પકર્તા શ્રી ગોવિંદભાઈ ધોળકીયાએ જણાવ્યું કે, આજે ડાંગની ધરતી પર દેશના ૧૪માં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી પધાર્યા છે તે ભગવાનની કૃપાથી શક્ય બન્યું છે. આ તમારા તપનું પરિણામ છે. શ્રી પી.પી.સ્વામી ડાંગમાં આવ્યા ન હોત તો આ ભગીરથ કાર્ય શક્ય બન્યું ના હોત. આ મંદિરના નિર્માણ માટે સહયોગી દાતાઓ મળી કુલ ૩૦૦ પરિવાર ડાંગ જિલ્લાના વિકાસ માટે તમારી સાથે જોડાયા છે. ડાંગ જિલ્લામાં ૩૧૧ હનુમાન મંદિરના પ્રેરણામૂર્તિ શ્રી પી.પી.સ્વામીજીએ જણાવ્યું કે, ગામોમાં મંદિરો બનવાથી માત્ર પૂજાપાઠ જ નહીં, પરંતુ સમાજના સર્વાંગી વિકાસ માટે આરોગ્ય અને શિક્ષણ સહિતના કાર્યો તેમજ ગામના સામાજિક કાર્યો પણ થઈ રહ્યા છે. મંદિરો બનવાથી ગામડામાં આમૂલ પરિવર્તન આવ્યું છે. મંદિરો દ્વારા ગામોમાં ભક્તિ અને સંસ્કારનું સંવર્ધન થઈ રહ્યું છે. આજે દેશના ૧૪માં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીના હસ્તે ૧૭૫ માં મંદિરનું લોકાર્પણ થઈ રહ્યું છે. ડાંગ જિલ્લામાં કુલ ૩૧૧ ગામો છે, જેમાં ૩૪૫ મંદિરોનું નિર્માણ થશે.

વીજ વાયર તૂટી પડતાં મોટર-સાધનો બળીને ખાખ

# જેતપુરના નંદાણીયા નગરમાં શોર્ટ સર્કિટથી ખેતરમાં ભીષણ આગ, હજારોનું નુકસાન

ગરીબ શ્રમિકની માથે આભ તૂટી પડ્યું

## ખેતર માલિકે ગરીબ મજૂર પર દોષનો ટોપલો ઢોળતા શ્રમિકની વળતરની માંગ

• જેતપુર, તા. ૧૬

જેતપુરના નંદાણીયા નગર વિસ્તારમાં આવેલા એક ખેતરમાં ઉપરથી પસાર થતા વીજ વાયરમાં શોર્ટ સર્કિટ સર્જાતા જીવંત વાયર નીચે ખાબક્યો હતો, જેના કારણે ખેતરમાં ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. ફાયર બ્રિગેડની ટીમે સમયસર પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ આ દુર્ઘટનામાં ખેતીના સાધનો બળીને ખાખ થઈ જતાં એક ગરીબ શ્રમિકને મોટું આર્થિક નુકસાન તેમજ ખેતર માલિકનો ઠપકો સહન કરવાનો વારો આવ્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, નંદાણીયા નગર વિસ્તારમાં ખેતરમાં દૈનિક માત્ર રૂ. ૨૫૦ની મજૂરી કરતા શ્રમિક સુરેશભાઈ નંદાણીયા જ્યારે ખેતરમાં પાણી વાળી રહ્યા હતા, ત્યારે અચાનક કૂવા પાસે જોરદાર ધડાકો થયો હતો. વીજ વાયરમાં શોર્ટ સર્કિટ થતાં જીવંત તાર ખેતરમાં પડ્યો હતો. તાર પડતાની સાથે જ નીચે પડેલા નીલગીરીના



સૂકા પાંદડાઓ અને લાકડાઓએ આગ પકડી લીધી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા અડધા ખેતરમાં આગ પ્રસરી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ ફાયર ઓફિસર જીગ્નેશ ગોસ્વામીની આગેવાનીમાં ફાયર વિભાગનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવીને મહામહેનતે આગ પર કાબૂ મેળવ્યો હતો અને આગને વધુ પ્રસરતી અટકાવી હતી.

આગ ભલે કાબૂમાં આવી ગઈ, પરંતુ આ ગોઝારી ઘટના એક ગરીબ મજૂર માટે આફત બનીને આવી છે. આગમાં કૂવાની મોટર, વાયર, ફ્યુઝ અને સ્ટાર્ટર બળી જવાથી અંદાજે ૨૫ હજાર રૂપિયાનું નુકસાન થયું છે. આશ્ચર્યજનક અને દુ:ખદ બાબત એ છે કે, શોર્ટ સર્કિટને કારણે સર્જાયેલી આ દુર્ઘટનાનો દોષ ખેતર માલિકે ગરીબ મજૂર સુરેશભાઈ પર ઢોળ્યો છે. ખેતર માલિકે શ્રમિકને જ મોટર બાળી નાખવાનો આરોપ લગાવતા મજૂર ભારે આર્થિક અને માનસિક મુશ્કેલીમાં મુકાયો છે.

દૈનિક નજીવી મજૂરી અને દવા છાંટવાનું કામ કરી માંડ ગુજરાન ચલાવતા સુરેશભાઈએ ભારે હૈયે પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, મારી નજર સામે જ તાર પડ્યો અને બધું સળગી ગયું. મારા જેવા ગરીબ મજૂર પાસે ૨૫ હજાર રૂપિયા ક્યાંથી હોય? તંત્ર અને સંજોગોનો ભોગ બનેલા આ ગરીબ પરિવારે હવે લાચારી સાથે સરકાર સમક્ષ નુકસાનીનું યોગ્ય વળતર ચૂકવવા આજીજી કરી છે. જોવાનું એ રહે છે કે તંત્ર આ ગરીબ પરિવારની વ્હારે ક્યારે આવે છે.

# રાણાવાવ જાંબુવન ગુફા ખાતે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત યોગ ઉત્સવ

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે '૧૦૦ ડેઝ કાઉન્ટડાઉન' કાર્યક્રમનો પ્રારંભ, ૨૦૦ જેટલા યોગ સાધકો જોડાયા

• ગોસા(ઘેડ) તા.૧૬

ગુજરાત સરકારના 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનને વેગ આપવા તેમજ આવનારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને અનુલક્ષીને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ પોરબંદર પરિવાર દ્વારા રાણાવાવ તાલુકાની ઐતિહાસિક જાંબુવન ગુફા ખાતે '૧૦૦ ડેઝ કાઉન્ટડાઉન' કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શિશપાલજીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યોગના માધ્યમથી લોકોને નિરોગી જીવનશૈલી તરફ પ્રેરિત કરી મેદસ્વિતા મુક્ત સમાજનું નિર્માણ કરવાનો છે.ઝોન કોર્ડિનેટર ચેતનાબેન ગજેરાના અધ્યક્ષ સ્થાને તથા ડિસ્ટ્રિક્ટ કોર્ડિનેટર કેતન કોટિયાના નેતૃત્વમાં યોજાયેલા આકાર્યક્રમમાં આશરે ૨૦૦ જેટલાબી યોગ સાધકો જોડાયા હતા. કુદરતી અને શાંત વાતાવરણ વચ્ચે યોગાભ્યાસ, ધ્યાન અને આરોગ્ય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ પર્યાવરણ સંરક્ષણ



અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન નિયમિત યોગાભ્યાસ દ્વારા શરીરને સ્વસ્થ રાખી મેદસ્વિતા સામે લડવા માટે લોકોમાં જાગૃતિ લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે પરંપરાગત વનભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું અને સાધકો દ્વારા સમાજમાં આરોગ્ય જાગૃતિ ફેલાવવાનો સંકલ્પ લેવાયો હતો.આ આયોજનને સફળ બનાવવા માટે યોગ કોચ ઉર્મિષાબેન પાંજરી, કિરણબેન થાકવાની, ભાવનાબેન બાદરશાહી, ઉષાબેન વાંદરીયા, જીગ્નાબેન ગોસ્વામી, નફીસાબેન ઢાલાની, જયનભાઈ જોશી સહિત અનેક યોગ ટ્રેનરો અને સાધકોએ જહેમત ઉઠાવી હતી. સ્ટેટ કોર્ડિનેટર અનિલભાઈ ત્રિવેદી તથા સમગ્ર ગુજરાત યોગ બોર્ડના સહયોગથી પોરબંદર યોગ પરિવાર 'સ્વસ્થ ગુજરાત'ના સ્વપ્નને સાકાર કરવા સતત પ્રયત્નશીલ છે.

# 'દીકરીઓને બચાવીએ દૂષણોને ભગાવીએ' થીમ પર વાસાપુર ખાતે એનએસએસ કેમ્પનું આયોજન




• ગોધરા

ગોધરાની જાણીતી શેઠ પીટી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ના એનએસએસ વિભાગ દ્વારા સતત ત્રીજા વર્ષે વાસાપુર પ્રાથમિક શાળા ખાતે વાસાપુર ગામ માટે એનએસએસ ની વાર્ષિક શિબિરનું આયોજન તારીખ 16 થી 22 માર્ચ સુધી કરવામા આવ્યુ છે. ગામના શિક્ષણવિદ ભાઈલાલભાઈ તેમજ સમિતિના ચેરમેન કિશોરભાઈ, વાસાપુર પ્રાથમિક શાળાના આચાર્ય મનીષાબેન અને સમગ્ર સ્ટાફની હાજરીમાં એનએસએસ કેમ્પનું ઉદઘાટન સમારોહનું આયોજન થયું હતું. મનિષા બેને સ્કૂલ વતી સૌનું સ્વાગત અભિવાદન કર્યું હતું. જ્યારે ગામ વતી પ્રતિભાવો ભાઈલાલભાઈ દ્વારા આપવામાં આવ્યો હતો. પ્રોગ્રામનું સંચાલન ડો ગૌતમ ચૌહાણે કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે એનએસએસના સ્વયંસેવકો દ્વારા ગામમાં અને શાળાના બાળકો માટે ખજૂર વિતરણ, હેલ્થ ચેકઅપ કેમ્પ સાંસ્કૃતિક કાર્યક્રમ, રેલી, બોધિક વ્યાખ્યાનો જેવા કાર્યક્રમોનું આયોજન આગામી દિવસોમાં થનાર છે.

# સચિવાલયમાં વટવાના રહેવાસીનો આત્મહત્યાનો પ્રયાસ, હાલ સારવાર હેઠળ



• ગાંધીનગર

ગાંધીનગરમાં આવેલા સચિવાલય સંકુલમાં આજે (16 માર્ચ) એક ચોંકાવનારી ઘટના બની છે, જેમાં એક 40 વર્ષીય વ્યક્તિએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. અમદાવાદના વટવા વિસ્તારના રહેવાસી મકસૂદ ગુલઝાર નામની વ્યક્તિએ સચિવાલયમાં ગળાના ભાગે પતરીથી ઈજા પહોંચાડી હતી. આ ઘટનાને પગલે સચિવાલયમાં હોબાળો મચી ગયો હતો. મળતી માહિતી અનુસાર, ગાંધીનગરમાં સચિવાલયના સ્વર્ણિમ સંકુલ-1 ખાતે મંત્રીની ઓફિસમાં રજૂઆત કરવા આવેલા વટવાના એક અરજદારે કોઈ કારણોસર મંત્રીની ઓફિસ બહાર આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાની જાણ થતા જ લોહીલુહાણ હાલતમાં મકસૂદને તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેની હાલત ગંભીર હોવાનું જણાય રહ્યું છે.

હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓને તેમની જરૂરિયાત મુજબ 100% જથ્થો મળશે

# રાજ્યમાં કેરોસીન અને LPG વિતરણ માટે નવી ગાઈડલાઈન, જાણો કોને કેટલો ગેસ મળશે

• ગાંધીનગર

રાજ્યમાં ઘરેલું તેમજ કોમર્શિયલ હેતુ માટે ગેસનો પુરવઠો સુચારૂ રૂપે જળવાઈ રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વના પગલાં લેવામાં આવ્યા છે. રાજ્યમાં ઘરેલું વપરાશ માટે LPG સિલિન્ડરનો પૂરતો બફર સ્ટોક ઉપલબ્ધ છે, પરંતુ કોમર્શિયલ વપરાશ પર ચોક્કસ મર્યાદાઓ અને પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવી છે. સોમવાર 16 માર્ચ 2026ના રોજ ગાંધીનગર વિધાનસભા પરિસર ખાતે રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા વર્ષ 2026-27ના અંદાજપત્ર અંતર્ગત અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના અધિક મુખ્ય સચિવ સુશ્રી મોના ખંધારે LPGના પુરવઠા અંગેના પ્રશ્નો અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, રાજ્યમાં નાગરિકો માટે ઘરેલુ LPG સિલિન્ડરનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે અને બફર સ્ટોકમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર સાથે સતત સંકલનમાં રહીને રાજ્ય સરકાર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. રાજ્યમાં ઘરેલુ તેમજ કોમર્શિયલ હેતુ માટે PNGનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

રકારના આદેશ અનુસાર, જે સ્થળોએ PNG નેટવર્ક ઉપલબ્ધ નથી, ત્યાં કોમર્શિયલ LPG રીફિલની ફાળવણી કરવામાં આવશે.હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓને તેમની જરૂરિયાત મુજબ 100% જથ્થો મળશે. ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ, ડેરી ઉદ્યોગ, સીડ પ્રોસેસિંગ અને એરલાઈન કે રેલ્વે કેન્ટીનને 70% જથ્થો અપાશે. હોટલ, રેસ્ટોરન્ટ, ધાબા, કોર્પોરેટ કેન્ટીન અને ફૂડ પ્રોસેસિંગ એકમોને હવે માત્ર 10% જથ્થો ફાળવવામાં આવશે. છેલ્લા 1 વર્ષથી કાર્યરત અને ભોજન આપતી સંસ્થાઓને છેલ્લા 6 મહિનાના વપરાશના આધારે 10% ની મર્યાદામાં જથ્થો મળશે. LPGને PNGમાં કન્વર્ટ કરવામાં પ્રાથમિકતા સુશ્રી મોના ખંધારના જણાવ્યા અનુસાર અત્યારે LPGના ઘરેલુ તથા કોમર્શિયલ વપરાશકર્તાઓને PNGમાં કન્વર્ટ કરવાની પ્રક્રિયાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જે વપરાશકર્તાઓ LPG સાથે PNG કનેક્શન ધરાવતા હોય તેમણે બુધવાર સુધીમાં LPG કનેક્શન સરેન્ડર કરવાના રહેશે. દરેક જિલ્લામાં 36 હજાર લિટર કેરોસીનની ફાળવણી રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં LPGના પુરવઠાની સાથોસાથ વધારાના વિકલ્પ તરીકે કેરોસીનના વિતરણ અંગેની વ્યવસ્થા પણ શરૂ કરવામાં આવી રહી છે. સુશ્રી મોના ખંધારના જણાવ્યા અનાસાર, 'LPG ઉપરાંત આ જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા 1452 કિલો લીટર (14,52,000 લિટર) કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો છે, જેમાંથી દરેક જિલ્લાને 36 હજાર લિટર કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે. તેમાં પરિવાર દીઠ 5 લિટર અને સંસ્થા દીઠ 25 લીટર કેરોસીન ફાળવવામાં આવશે. તેના માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.'

**બ્રહ્માંડમાં પાઈ ()નું વિશેષ મહત્વ** બ્રહ્માંડ માપવાનાં બધાં જ સૂત્રો જેવા કે ક્ષેત્રફળ, ઘનફળ, ગુરુત્વાકર્ષણનું બળ, વિદ્યુત-ચુંબકીયબળ બધામાં પાઈ ()ની સંખ્યા આવે છે.

# વર્તુળ ગમે તેવું મોટું કે નાનું કે અતિ વિશાળ હોય પણ તેના પરિઘનો વ્યાસ સાથેનો ગુણોત્તર લગભગ સરખો ૩.૧૪૨૮ની આસપાસ જ આવે છે.!

## જુલાઈ 2024 સુધીમાં, ની ગણતરી202,112,290,000,000 (આશરે 202 ટ્રિલિયન) દશાંશ અંકો સુધી કરવામાં આવી છે. નવીનતમ વિશ્વ રેકોર્ડ ગણતરીના છેલ્લા 100 દશાંશ અંકો છે

• લેખક :દીપક જગતાપ

વિશ્વ પાઈ દિવસ દર વર્ષે 14 માર્ચે 1:59:26 ક્લાકે ઉજવવામાં આવે છે. કારણ કે આ સમયે દિવસ અને સમયનું મૂલ્ય 3.1415926 છે. 14 માર્ચે, પાઇ ()નું મૂલ્ય સાત અંકો સુધી સચોટ હોવાનું જાણવા મળે છે. અર્થ 3.1415926 કહો કેપાઇ એ ગ્રીક અક્ષર છે, જેનો ઉપયોગ મૈથેમેટીક કોન્સ્ટૈંટ તરીકે થાય છે.પાઈનું મૂલ્ય સૌપ્રથમ ગણિતશાસ્ત્રી આર્કિમિડીઝ ઓફ સિરાક્યુઝ દ્વારા ગણવામાં આવ્યું હતું. 1737માં જ્યારે લિયોનહાર્ડ યુલરે પાઇ પ્રતીકનો ઉપયોગ કર્યો ત્યારે તેને વૈજ્ઞાનિક સમુદાય દ્વારા સ્વીકારવામાં આવ્યું. આજનો દિવસ એટલા માટે પણ ખાસ છે કારણ કે આ દિવસે મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો જન્મ થયો હતો.

આર્યભટ્ટ એ પહેલા ગણિતશાસ્ત્રી હતા જેણે પાઈનો પ્રયોગ ગણિતમાં કર્યો. આર્યભટ્ટે પાઈને ૩.૧૪૧૬ બરાબર ગણીને જવાબ શોધ્યો.

વર્તુળનો પરિઘ, ક્ષેત્રફળ કે ગોળાનું ઘનફળ માપવું હોય તો પાઈનો ઉપયોગ થાય છે.આજથી લગભગ 1500 વર્ષ પહેલાં આર્યભટ્ટે આ શોધ કરીહતી

જ્યારે ભૌતિકશાસ્ત્રી લેરી શોએ 1988માં આ દિવસને માન્યતા આપી હતી. યુનાઈટેડ સ્ટેટ્સ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે 14 માર્ચને પાઇ ડે તરીકે ઉજવવાનું શરૂ કર્યું અને તે જ રીતે યુનેસ્કોએ પાઇ ડેને 'આંતરરાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવવાનું શરૂ કર્યું.આમ તો પાઈમાં 4,000 વર્ષથી વધુ સમયથી વિશ્વભરના લોકોને રસ છે. ઘણા ગણિતશાસ્ત્રીઓ - ફિબોનાકી, ન્યૂટન, લીબનીઝ અને ગૌસ જેવા પ્રખ્યાત ગણિતશાસ્ત્રીઓથી લઈને ઓછા જાણીતા ગાણિતિકોએ પાઇ પર મહેનત કરી છે, તેના અંકોની ગણતરી કરી છે અને ગણિતના અસંખ્ય ક્ષેત્રોમાં તેનો ઉપયોગ કર્યો છે. કેટલાકે તેમના જીવનના શ્રેષ્ઠ ભાગો ફક્ત થોડા અંકોની ગણતરી કરવામાં વિતાવ્યા છે. અહીં પાઈના જીવનના ઘણા સીમાચિહ્નોના નમૂના છે.

આર્કિમિડીઝના સમયથી (લગભગ 250 બીસીઈ) થી 1600 ના દાયકાની શરૂઆત સુધી, વિશ્વભરના દેશોમાં ગણિતશાસ્ત્રીઓ પાઇનો અંદાજ કાઢવા માટે આર્કિમિડીઝ જેવી જ પદ્ધતિઓનો ઉપયોગ કરતા હતા, જેના પરિણામો વધુને વધુ કાર્યક્ષમ અને સચોટ બન્યા. 1630 માં, ઑસ્ટ્રિયન ખગોળશાસ્ત્રી ક્રિસ્ટોફ ગ્રીનબર્ગરે 10 40 બાજુઓવાળા બહુકોણનો ઉપયોગ કરીને પાઇના 38 અંકોની ગણતરી કરી, જે આ બહુકોણીય પદ્ધતિનો ઉપયોગ કરીને પાઇની શ્રેષ્ઠ ગણતરી છે. પ્રથમ તેની લગભગ કિંમત કાઢનાર ભારતીય હતો પણ તેનું ચોક્કસ નામ જાણીતું નથી. ઈ.સ. પૂર્વે ત્રીજી સદીમાં થયેલ આર્કિમીડીઝે તેની લગભગ કિંમત કાઢી અને પછી તેની વધારે ચોક્કસ કિંમત ઈસુની પાંચમી-છઠ્ઠી સદીમાં થઈ ગયેલ ભારતીય ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી આર્યભટ્ટે કાઢી. પછી રામાનુજને રેકર્ડ તોડ્યો અને (પાઈ) ની દશાંશબિન્દુ પછી કેટલીય અંકસંખ્યા સુધી કિંમત કાઢી. હાલમાં કમ્પ્યુટરે દશાંશબિંન્દુ પછી અબજોને અબજો આંકડા સુધીની કિંમત કાઢી છે અને બધાને પાઈ વિશે આશ્ચર્યમાં નાખી દીધાં છે.

ભારતમાં કેરળમાં પ્રાચીન કાળથી જ ગણિત અને ખગોળશાસ્ત્રના અભ્યાસની એક પરંપરા રહી હતી.ચૌદમી સદીના અંતમાં કેરળમાં માધવ નામના ગણિતજ્ઞ



**વિજ્ઞાનજગત**

**લેખક :દીપક જગતાપ**

થઈ ગયા. એમણે અનંત શ્રેણીઓ વિશે કામ કર્યું. એમણે લખેલા એક પુસ્તકમાં પાઈનું લગભગ સચોટ મૂલ્ય દર્શાવ્યું હોવાનું જણાય છે. પરંતુ આપણે ત્યાં ઈતિહાસ તરફ એવી બેદરકારી સેવાતી રહી છે કે એ પુસ્તક એમનું જ છે કે કેમ, અથવા શુદ્ધ રૂપે રહ્યું છે કે કેમ તે પણ નક્કી થઈ શકતું નથી.જો કે માધવને આંતરરાષ્ટ્રીય માન્યતા મળી છે. એમની એક અનંત શ્રેણી આજે 'માધવ-લાઈબનિત્સ' શ્રેણી તરીકે ઓળખાય છે.બીજી બાજુ, એટલું તો નક્કી થઈ શક્યું છે કે બેબિલોનમાં પાઇ વિશે માહિતી હતી અને ઈજિપ્તમાં પણ હતી. ત્યાંના રાજવી 'ફેરાઓ'નાં સિંહાસનોમાં પુરાતત્ત્વશાસ્ત્રીઓને અમુક ગાણિતિક પૅટર્ન જોવા મળી છે. ની ખૂબીઓથી (કદાચ)આકર્ષાઇને કેનેડીયન લેખક યાન માર્ટેલે (Yann Martel) ૨૦૦૧માં લખેલી પોતાની નવલકથા Life of Piના નાયકનું નામ પાઈસાયન મૉલિટૉર 'પાઈ' પટેલ (Piscine Molitor Pi Patel) રાખ્યું.

આધુનિક ટેકનોલોજીકલ પ્રગતિ સાથે, પાઈની ગણતરી હવે તો 31 ટ્રિલિયન અંકો સુધી કરવામાં આવી છે . જોકે, આપણા અવલોકનક્ષમ બ્રહ્માંડમાં લગભગ કોઈ ભૂલ વિના બધી ગણતરીઓ કરવા માટે ફક્ત પહેલા 39 અંકોની જરૂર છે. જોકે જ્યારે પણ અંકનો રેકોર્ડ તૂટે છે ત્યારે તે સમાચાર બને છે, આપણે હવે પાઈના અન્ય પાસાઓનું અન્વેષણ કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી શકીએ છીએ.આમ તો 'પાઈ'() એટલે વર્તુળના પરિઘ કે પરિધિ અથવા ઘેરાવાના માપ અને વ્યાસનો ગુણોત્તર છે . ઘેરાવો ભાગ્યા વ્યાસ છે. એ ગ્રીક બારાખડીનો ૧૬મો અક્ષર છે, જે અંગ્રેજી બારાખડીના P (Perimeter) ની સમકક્ષ છે.પાઇ એ ગણિતમાં એક સ્થિરાંક છે. જે એ હકીકતને રજૂ કરે છે કે વર્તુળનો પરિઘ તેના વ્યાસ કરતાં ત્રણ ગણો થોડો વધારે છે. આ સ્થિરાંકને પાઇ કહેવામાં આવે છે, કારણ કે તે ગ્રીક અક્ષર દ્વારા રજૂ થાય છે. પાઇ એક અતાર્કિક સંખ્યા છે. જે મોટાભાગે 3.14 સુધી ટૂંકી કરવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં કોઈ અંત નથી (ન તો પુનરાવર્તિત પેટર્ન). જો કેલ્ક્યુલેટર પર પ્રદર્શિત કરવામાં આવે, તો તે સામાન્ય રીતે 10 અંકોમાં પ્રદર્શિત થાય છે - 3.141592654

બ્રહ્માંડમાં સપાટ આકૃતિ ક્યાંય છે જ નહીં. જે છે તે વક્રકાર આકૃતિ છે, માટે ખૂણા અને પાઈ માંથી છટકી શકાય જ નહીં. માટે આ પાઈ દિવ્ય સંખ્યા છે, તે દિવ્ય બ્રહ્માંડ સાથે સંલગ્ન છે. પાઈની સંખ્યાનો પાર પામી શકાય તેમ નથી. તે સર્વત્ર દર્શન દે છે. નળાકાર, શંકુ, દડા આ બધાનાં જ ક્ષેત્રફળો અને ઘનફળોમાં પાઈ બેઠી જ છે.પુરાતન માનવીને વર્તુળની ઓળખ સૂર્ય-ચંદ્રના આકારો પરથી થઈ. તેની આસપાસ તે ક્ષિતિજ જોતો તેણે પણ માનવીને વર્તુળની ઓળખ આપી. છેવટે ચક્રની શોધ થઈ અને સામયિક ક્રિયાને માનવી સમજી શક્યો.માનવીએ પછી નાનાં મોટાં વર્તુળો બનાવ્યાં અને તેનાં પરિઘો (પરિધી) માપ્યાં, તેનાં વ્યાસો માપ્યાં અને જોયું તો તેને આશ્ચર્ય થયું કે વર્તુળ ગમે તેવું હોય, મોટું કે નાનું કે અતિ વિશાળ પણ તેના પરિઘનો વ્યાસ સાથેનો ગુણોત્તર લગભગ સરખો ૩.૧૪૨૮ની આસપાસ જ આવે છે. જેટલી વાર એક જ વર્તુળના પરિઘ અને વ્યાસ માપી તેનો ગુણોત્તર ગણિતજ્ઞ લેતો તેટલી વાર તે અલગ અલગ આવે, પણ ૩.૧૪૨૮ની આસપાસ જ આવે. તમે ગમે તેટલું મોટું વર્તુળ બનાવો, આ મૂલ્ય બદલાતું નથી. 'પાઈ' પર વર્તુળની સાઈઝની કશી અસર પડતી નથી. એ તમારી નોટબુકમાં બનાવ્યું હોય કે આખું ક્રિકેટનું મેદાન સમાઈ જાય એવડું હોય. ઘેરાવા અને વ્યાસનો ગુણોત્તર એ જ રહેવાનો. એનું મૂલ્ય આશરે ૩.૧૪ છે.ગ્રીક ગણિતશાસ્ત્રીઓએ વર્તુળના પરિઘ અને વ્યાસના ગુણોત્તરને (પાઈ) નું ચિહ્ન આપ્યું કારણ કે તે ખરેખર પૂર્ણાંક પણ નથી અને અપૂર્ણાંક પણ નથી અને વાસ્તવિકત અંક, સંખ્યા પણ નથી. તે એવી સંખ્યાને પ્રદર્શિત કરે છે જેનો દર દસ બિંદુ પછી અંત જ નથી. ૩.૧૪૨૮૫૭... અંત જ નથી. દશાંશબિંદુ પછી અબજો ને અબજો સંખ્યા આવે. આવી વિચિત્ર આ અંકસંખ્યા છે, હકીકતમાં તે અંક સંખ્યા નથી. નું એવું છે કે એમાં દશાંશચિહ્ન પછી આંકડાઓ ઉમેરતા જશો તો પણ એ રકમ નિ:શેષ નથી બનવાની. આથી દશાંશ ચિહ્ન પછી કેટલા આંકડા ઉમેરી શકાય છે તે શોધવામાં ગણિતશાસ્ત્રીઓને બહુ રસ પડે છે, કારણ કે એ મનનો વ્યાયામ છે.આમ અત્યાર સુધી દશાંશચિહ્ન પછી તેર હજાર અબજ આંકડા ઉમેરાઈ ગયા છે, પણ હજી શેષ વધે જ છે અને આંકડા-યાત્રા ચાલુ રહે છે. બીજી વાત એ છે કે આંકડાઓની આખી વણઝારમાં એક વાર પણ એકસરખા આંકડાની શ્રેણી નથી આવતી.પાઈની આટલી બધી અગત્યતા શું છે કે તેની કિંમત દશાંશબિન્દુ પછી કેટલીય સંખ્યા સુધી કાઢવી પડે છે? જો પાઈની કિંમત ૩.૧૪ લઈને તેને ૧૦૦ એ ગુણીએ તો જવાબ કામ આવે, પણ ની કિંમત ૩.૧૪૨ લઈને ૧૦૦ એ ગુણીએ તો તેની કિંમત ૩૧૪.૨ આવે એટલે કે ૦.૨ વધારે આવે.

# 'અમદાવાદ: સ્માર્ટ સિટીના નામે 'કમિશન સિટી', જનતા ખાડામાં અને કોર્પોરેટરો બંગલામાં!'

• અમદાવાદ

માત્ર કાગળ પર ચમકતા અમદાવાદની અસલી તસવીર ગલીઓમાં અને ઉભરાતી ગટરોમાં જોવા મળી રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) માં વર્ષોથી ભાજપનું એકહથ્થુ શાસન છે, છતાં જનતા પાયાની સુવિધાઓ માટે વલખાં મારી રહી છે. વિકાસના દાવાઓ વચ્ચે ભ્રષ્ટાચારના 'ખાડા' હવે છૂપા રહ્યા નથી.

ગેરકાયદે બાંધકામ: હપ્તાખોરીનું હબશહેરના દરેક ઝોનમાં ગેરકાયદેસર બાંધકામોનો રાફડો ફાટ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એસ્ટેટ વિભાગના અધિકારીઓ અને સ્થાનિક કોર્પોરેટરો વચ્ચે ફિક્સ 'વહીવટ' ચાલે છે. જે નેતાઓ અગાઉ સાધારણ હાલતમાં હતા, તેઓ આજે લક્ઝરી ગાડીઓ અને કરોડોના ફાર્મહાઉસના માલિક બની ગયા છે. આ અઢળક સંપત્તિ ક્યાંથી આવી? એ મોટો સવાલ છે.

ભ્રષ્ટાચારના 'બ્રિજ' અને તૂટતા રસ્તાકરોડોના ટેન્ડરો બહાર પડે છે, પણ રસ્તા પર ડામર ઓછો અને ભ્રષ્ટાચાર વધારે દેખાય છે. નવા બનેલા બ્રિજોમાં ગણતરીના સમયમાં તિરાડો પડવી એ સાબિત કરે છે કે કોન્ટ્રાક્ટરો પાસેથી તગડું કમિશન લેવામાં આવ્યું છે. જનતાના ટેક્સના પૈસાથી નેતાઓ પોતાની દિવાળી સુધારી રહ્યા છે, જ્યારે સામાન્ય માણસ રોડ પર જીવ જોખમમાં મૂકીને ફરે છે.

પાણી અને ગટરનો ત્રાસ સ્માર્ટ સિટીના નામે ટેક્સ પૂરો વસૂલાય છે, પણ બદલામાં જનતાને પ્રદૂષિત પાણી અને ઉભરાતી ગટરો મળે છે. પૂર્વથી પશ્ચિમ સુધી અનેક વિસ્તારોમાં પીવાના પાણીમાં ગટરનું મિશ્રણ આવવું એ અમદાવાદીઓની રોજની પીડા બની ગઈ છે.

જનતાના આકરા સવાલો:

1. કમિશન રાજ: શું ભાજપના શાસનમાં લેવાતું 'ટકાવારી' કમિશન જ નબળા કામનું મુખ્ય કારણ છે?
2. રાતોરાત પૈસાવાળા: સામાન્ય પગારદાર અધિકારીઓ અને કોર્પોરેટરો પાસે આટલી મિલકતો ક્યાંથી આવી?
3. જવાબદારી કોની? શું જનતાએ માત્ર ટેક્સ ભરવા અને ખાડા વેઠવામાં જ વોટ આપ્યા છે?

## પ્રતિબંધિત ગોગો કોન-પ્રિ-રોલ સ્ટિકનું વેચાણ કરતો શખસ ઝડપાયો:ગધેડા માર્કેટ ચાર રસ્તા પાસે પાનની દુકાનમાં પોલીસની રેડ




• વડોદરા

વડોદરા શહેરના કિશનવાડી વિસ્તારમાં આવેલા ગધેડા માર્કેટ ચાર રસ્તા પાસેની 'જય અંબે પાન એન્ડ કોલ્ડ ડ્રિન્ક' નામની પાનની દુકાનમાં વારસિયા પોલીસે દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે રોલિંગ પેપર તેમજ ગોગો કોન (પ્રિ-રોલ્ડ સ્મોકિંગ કોન) જેવા પ્રતિબંધિત સ્મોકિંગ સામગ્રીનું વેચાણ કરતા એક ઈસમને ઝડપી પાડ્યો હતો.પોલીસ પેટ્રોલિંગ દરમિયાન ગધેડા માર્કેટ વિસ્તારમાં પહોંચી ત્યારે બાતમી મળી હતી કે, આ દુકાનમાં ગોગો રોલિંગ પેપર અને સંબંધિત પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ થઈ રહ્યું છે. આ બાતમીના આધારે વારસિયા પોલીસે દુકાન પર રેડ કરી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન દુકાનદાર ધર્મેશ જગદીશ રાજપૂત (ઉંમર 26, રહે સતાધાર સોસાયટી, બાપોદ જકાતનાકા, વડોદરા)ને ઝડપી પાડ્યો હતો. દુકાનના કાઉન્ટર પરથી પોલીસને ગોગો કોન અને પ્રિ-રોલ સ્ટિકના 8 નંગ તથા રોલિંગ પેપરના 8 નંગ મળી આવ્યા હતા.

# આપણે સૌ સવારથી સાંજ સુધી દુનિયાને જીતવાની મથામણમાં એટલા ખૂંપી ગયા છીએ કે, આપણી પોતાની જ કિંમત આંકવાનું ભૂલી ગયા છીએ



આપણે સૌ સવારથી સાંજ સુધી દુનિયાને જીતવાની મથામણમાં એટલા ખૂંપી ગયા છીએ કે, આપણી પોતાની જ કિંમત આંકવાનું ભૂલી ગયા છીએ . અરીસા સામે ઊભા રહીને આપણે અવારનવાર આપણા ચહેરાની કરચલીઓ કે ખામીઓ તો ગણીએ છીએ, પણ એ જ અરીસામાં પ્રતિબિંબિત થતા અદમ્ય આત્માને જોવાની દરકાર ક્યારેય કરી છે ખરી? આજના દોડધામભર્યા યુગમાં માણસનો સૌથી મોટો શત્રુ બહારની દુનિયા નથી, પરંતુ તેની ભીતર સતત ચાલતો નકારાત્મક વિચારોનો ઘોંઘાટ છે. 'મારાથી આ નહીં થાય,' 'હું દેખાવમાં સામાન્ય છું,' અથવા 'મારું નસીબ જ ખરાબ છે' - આવા વાક્યો વાસ્તવમાં વિચારો નથી, પણ આપણી આસપાસ આપણે પોતે જ ચણેલી જેલની દીવાલો છે. યાદ રાખજો, દુનિયાને હરાવતા પહેલા પોતાની અંદર રહેલા 'હું નહીં કરી શકું' એવા ડરને હરાવો, કારણ કે બહારના યુદ્ધ કરતા મનની અંદરનું યુદ્ધ જીતવું વધુ જરૂરી છે.જરા વિચારો, ઈશ્વરે આ સૃષ્ટિમાં કોઈ પણ વસ્તુ નકામી બનાવી નથી, તો પછી તમે નિરર્થક કેવી રીતે હોઈ શકો? ક્યારેક આપણને લાગે છે કે આપણું જીવન જ સંઘર્ષોથી ભરેલું છે, પણ જરા ઈતિહાસ અને પુરાણોમાં નજર તો નાખો. ભગવાનને પણ ક્યાં બધા ગમ્યા હતા? રામને વનવાસ મળ્યો અને કૃષ્ણને જેલ. જો ભગવાનના જીવનમાં સંઘર્ષ હોય, તો તમે તો માણસ છો. તમારી પીડાને તમારી શક્તિ બનાવો. તમારી આંગળીઓની છાપથી માંડીને તમારા હૃદયના ધબકારા સુધી બધું જ અજોડ છે, તો પછી શા માટે બીજા સાથે સરખામણી કરીને તમારી પોતાની ભવ્યતાને ઝાંખી પાડો છો? નકારાત્મકતા એ એવો ઉધઈ છે જે આત્મવિશ્વાસના મજબૂત લાકડાને અંદરથી પોલું કરી નાખે છે. જ્યારે આપણે સતત આપણા વિશે ખરાબ વિચારીએ છીએ, ત્યારે આપણે અજાણતા જ બ્રહ્માંડને એવો સંદેશ આપીએ છીએ કે આપણે ખુશીઓ માટે લાયક નથીપારસમણિ ક્યાંય બહાર શોધવા જવાની જરૂર નથી, એ તમારા સકારાત્મક અભિગમમાં છુપાયેલો છે. જે ક્ષણે તમે તમારી જાતને પ્રેમ કરવાનું અને આદર આપવાનું શરૂ કરો છો, તે જ ક્ષણે તમારા જીવનનું લોખંડ સોનામાં પરિવર્તિત થવા લાગે છે. તમારી ભૂલો એ તમારી નિષ્ફળતા નથી, પણ તમારા જીવંત હોવાની સાબિતી છે. સ્વ-પ્રેમ એ સ્વાર્થ નથી, પણ એક નૈતિક જવાબદારી છે. જે દીવો પોતે પ્રજ્વલિત નથી, તે બીજાને પ્રકાશ કેવી રીતે આપી શકે? તમારી ભીતર એક અતૂટ શક્તિનો સ્ત્રોત વહી રહ્યો છે, તેને નકારાત્મકતાના પથ્થરોથી રૂંધી ન નાખો.આવો, આજથી જ એક નવો સંકલ્પ કરીએ. ભૂતકાળના પસ્તાવા અને ભવિષ્યની ચિંતાઓના પોટલાં બાજુ પર મૂકી, વર્તમાનની આ પળમાં આપણી જાતને ગળે લગાવીએ. તમારી જાત સાથેનો સંવાદ બદલો; જ્યારે મન નકારાત્મકતા તરફ વળે, ત્યારે તેને હળવેકથી કહો કે 'હું શ્રેષ્ઠ છું, હું શક્તિશાળી છું અને હું પ્રેમ કરવાને લાયક છું.' સૂરજ અને ચંદ્ર પોતાના નિર્ધારિત સમયે જ ચમકે છે, તેમ તમારી સફળતાનો સૂર્યોદય પણ ચોક્કસ થશે જ. બસ, શરત એટલી કે તમારે તમારી પોતાની નજરમાં ઊંચા ઉઠવું પડશે. જ્યારે તમે તમારી ભીતરના 'સ્મિત'ને જગાડશો, ત્યારે આ દુનિયા આપોઆપ વધુ સુંદર અને રહેવા લાયક લાગવા માંડશે. તમારી કલમ અને તમારા વિચારોના શિલ્પી તમે પોતે જ છો, તો પછી શા માટે એક નબળી મૂર્તિ કંડારવી? ઉઠો, આત્મવિશ્વાસના તેજથી તમારા ભાગ્યને ઝળહળતું કરો..

## રાશીફળ (તા.14-03-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજનો દિવસ થોડો ઉતાર-ચઢાવ ભરેલો રહી શકે છે. ધૈર્ય રાખો અને વિચારીને નિર્ણય લો. કાર્યક્ષેત્રમાં સાવધાની જરૂરી છે |
| વૃષભ (બ.વ.ઉ) | ધનલાભના યોગ બની રહ્યા છે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે. અટકેલા કામ પૂર્ણ થઈ શકે છે |
| મિથુન (ક.છ.ઘ) | નવી યોજનાઓ પર કામ શરૂ કરવા માટે સારો દિવસ છે. મિત્રોનો સહયોગ મળશે. મુસાફરીના યોગ છે |
| કર્ક (ડ.હ) | ભાવનાઓ પર નિયંત્રણ રાખો. પરિવાર સાથે સમય પસાર કરવાથી મન પ્રસન્ન રહેશે. આરોગ્યનું ધ્યાન રાખો। |
| સિંહ (મ.ટ) | માન-સન્માનમાં વધારો થશે. નેતૃત્વ ક્ષમતા નીખરશે. અધિકારીઓનો સહયોગ મળશે। |
| કન્યા (પ.ઠ.ણ) | કાર્યમાં વ્યસ્તતા રહેશે. મહેનતનું ફળ મળશે. ખર્ચ પર નિયંત્રણ રાખો। |
| તુલા (ર.ત) | જીવનસાથીનો સહયોગ મળશે. સામાજિક કાર્યોમાં ભાગીદારી વધશે. મન પ્રસન્ન રહેશે। |
| વૃશ્ચિક (ન.ય.) | ગુપ્ત શત્રુઓથી સાવધાન રહો. નિર્ણયો વિચારીને લો. ધૈર્યથી કામ લો। |
| ધન (ભ.ધ.ફ.ઢ) | ભાગ્યનો સાથ મળશે. શિક્ષણ અને કારકિર્દી સંબંધિત બાબતોમાં સફળતા મળશે. શુભ સમાચાર મળી શકે છે |
| મકર (ખ.જ) | કામકાજમાં જવાબદારીઓ વધી શકે છે. પરિશ્રમથી સફળતા મળશે. આરોગ્યનું ધ્યાન રાખો। |
| કુંભ (ગ.શ.સ.ષ) | નવા અવસર મળી શકે છે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે. મિત્રો તરફથી લાભ મળશે। |
| મીન (દ.ચ.ઝ.થ) | મન આધ્યાત્મિકતા તરફ વળશે. માનસિક શાંતિ મળશે. પરિવાર સાથે મધુર સંબંધો રહેશે। |

# શું આ ગુડ ગવર્નન્સ છે? :ગુજરાતના વર્તમાન પ્રવાહો પર એક કડવું ચિંતન

લેખક અશ્વિન ગોહિલ ની કલમે (શિક્ષક, કવિ, સાહિત્યકાર)

ગુજરાત એટલે મહાત્મા ગાંધી અને સરદાર પટેલની પુણ્યશાળી ધરતી. એક એવો પ્રદેશ જેણે વિશ્વને અહિંસા, નૈતિકતા અને સુશાસનનો પાઠ ભણાવ્યો છે. દાયકાઓથી આપણે 'સુશાસન' (Good Governance)ના ગુણગાન ગાતા આવ્યા છીએ. પરંતુ આજે જ્યારે અખબારોના પાના ઉથલાવીએ છીએ અથવા સમાજની વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીએ છીએ, ત્યારે હૃદયમાં એક વેધક પ્રશ્ન જન્મે છે - 'શું આ ખરેખર ગુડ ગવર્નન્સ છે?'

સુશાસન એટલે માત્ર ચળકતા રસ્તાઓ કે ઊંચી ઈમારતો નહીં, પણ સુશાસન એટલે કાયદાનો ડર, સામાન્ય નાગરિકની સુરક્ષા, ભ્રષ્ટાચાર મુક્ત વહીવટ અને ન્યાયતંત્રની ગરિમાનું જાળવવું. કમનસીબે, આજના ગુજરાતમાં આ વ્યાખ્યાઓ ધૂંધળી થતી જાય છે.

૧. ગાંધીના ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સની હેલી

સૌથી મોટી વરવી વાસ્તવિકતા 'દારૂબંધી' છે. ગુજરાતમાં કાગળ પર દારૂબંધી છે, પણ હકીકત એ છે કે આજે દારૂ ગમે ત્યાં, ગમે ત્યારે ઉપલબ્ધ છે. જ્યારે કાયદો માત્ર કાગળ પર રહી જાય અને અમલવારીમાં છીંડાં હોય, ત્યારે તેને સુશાસન કહી શકાય? હદ તો ત્યારે થાય છે જ્યારે દારૂની સાથે સાથે હવે 'ડ્રગ્સ'ના ઝેરનું નેટવર્ક ગુજરાતના ખૂણેખૂણે પહોંચી ગયું છે.

યુવા પેઢી જે દેશનું ભવિષ્ય છે, તે આ નશાના રવાડે ચડી રહી છે. દર થોડા દિવસે બંદરો પરથી હજારો કરોડનું ડ્રગ્સ પકડાય છે, છતાં તે બજાર સુધી કેવી રીતે પહોંચે છે? ગલીએ-ગલીએ વેચાતા નશાના કારોબાર પાછળ કોના આશીર્વાદ છે? જ્યારે પોલીસ તંત્ર નશાખોરો અને નશાના સોદાગરો સામે લાચાર દેખાય, ત્યારે સમજવું કે ગવર્નન્સમાં ક્યાંક મોટી ખામી છે.

૨. ભૂ-માફિયાઓ અને ગુંડાઓનો બેફામ આતંક

જમીન એ મનુષ્યની સૌથી કિંમતી મૂડી છે, પણ આજે ગુજરાતમાં ભૂ-માફિયાઓ જાણે કાયદાથી ઉપર વટ હોવાનું અનુભવી રહ્યા છે. ગરીબ ખેડૂતોની જમીનો પચાવી પાડવી, ખોટા દસ્તાવેજો બનાવવા અને ધાક-ધમકીથી મિલકતો હડપવી એ સામાન્ય બની ગયું છે. ગુંડા તત્વોમાં પોલીસનો ભય રહ્યો નથી.

ગુંડાઓ હવે છડેચોક હુમલા કરે છે, ખંડણી માંગે છે અને સોશિયલ મીડિયા પર પોતાની 'દાદાગીરી'ના પ્રદર્શન કરે છે. જ્યારે સામાન્ય માણસ પોતાની જમીન કે ઘર બચાવવા માટે સરકારી કચેરીઓના ધક્કા ખાતો હોય અને માફિયાઓ એસી ઓફિસોમાં બેસીને કાવતરાં ઘડતા હોય, ત્યારે ન્યાય ક્યાં છે?

૩. અફવાઓનું સામ્રાજ્ય અને તંત્રની લાચારી

હાલમાં એક નવી ફેશન જોવા મળી છે - બોમ્બની અફવા ફેલાવવી. કોઈ પણ સામાન્ય ટપોરી વ્યક્તિ ઈમેઈલ કે ફોન દ્વારા બોમ્બ હોવાની ખોટી અફવા ફેલાવે છે અને સમગ્ર પોલીસ તંત્ર, બોમ્બ સ્કવોડ અને વહીવટી તંત્ર કલાકો સુધી દોડતું થઈ જાય છે. શાળાઓ, એરપોર્ટ અને હોસ્પિટલોમાં ભયનું વાતાવરણ ઉભું થાય છે.

આશ્ચર્યની વાત તો એ છે કે, આધુનિક ટેકનોલોજી હોવા છતાં આપણે આવા અફવાખોરોને પકડવામાં નિષ્ફળ જઈએ છીએ અથવા પકડાયા પછી તેમને એવો કડક પાઠ નથી ભણાવી શકતા કે બીજી વાર કોઈ આવું કરવાનું વિચારે પણ નહીં. આ તંત્રની નબળાઈ છે કે ગુનેગારોની હોશિયારી? આ સવાલ જનતા પૂછી રહી છે.



૪. બાબુશાહી અને મંત્રીઓની નબળાઈ

લોકશાહીમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ એટલે કે મંત્રીઓ સર્વોપરી હોવા જોઈએ, કારણ કે તેઓ જનતાને જવાબદાર છે. પરંતુ વર્તમાન સમયમાં 'બાબુશાહી' (Bureaucracy) હાવી થઈ ગઈ હોય તેવું લાગે છે. સરકારી અધિકારીઓ મંત્રીઓના આદેશોને પણ ઘોળીને પી જાય છે. જ્યારે મંત્રીઓ અધિકારીઓને ગાંઠતા ન હોય, ત્યારે વહીવટ કથળે છે.

સામાન્ય નાગરિક જ્યારે કામ માટે જાય છે ત્યારે તેને નિયમોની માયાજાળમાં ફસાવી દેવામાં આવે છે, જ્યારે વગદાર લોકો માટે નિયમો બદલાઈ જાય છે. આ 'બાબુશાહી' સુશાસનના પાયા ખોખલા કરી રહી છે.

૫. શિક્ષણના નામે લૂંટ

શિક્ષણ એ વ્યવસાય નહીં પણ સંસ્કારનું ધામ હોવું જોઈએ. પરંતુ આજે ગુજરાતમાં શિક્ષણના ધામો 'લૂંટના અડ્ડા' બની ગયા છે. ખાનગી શાળાઓ અને કોલેજો ફી ના નામે વાલીઓનું લોહી ચૂસી રહી છે. સરકારના 'ફી રેગ્યુલેશન એક્ટ' છતાં કોઈને કોઈ બહાને વાલીઓ પાસેથી મબલખ નાણાં ખંખેરવામાં આવે છે.

શિક્ષણનું વ્યાપારીકરણ એટલી હદે વધી ગયું છે કે સામાન્ય માણસ પોતાના બાળકને સારી શાળામાં ભણાવતા પહેલા સો વાર વિચાર કરે છે. પુસ્તકો, ગણવેશ અને અન્ય પ્રવૃત્તિઓના નામે ચાલતી આ ઉઘાડી લૂંટ સામે તંત્ર મૌન કેમ છે? શું શિક્ષણ માફિયાઓ સરકાર કરતા વધુ શક્તિશાળી છે?

૬. રીલ્સની દુનિયા અને પોલીસને પડકાર

સોશિયલ મીડિયાના યુગમાં 'રીલ્સ' બનાવવાનું ભૂત સૌના માથે સવાર છે. પરંતુ ચિંતાની વાત એ છે કે આવારા તત્વો હથિયારો સાથે, પોલીસની ગાડીઓ પાસે અથવા પોલીસ સ્ટેશનની બહાર રીલ્સ બનાવીને કાયદાની મજાક ઉડાવે છે. તેઓ પોલીસને ખુલ્લો પડકાર ફેંકે છે.

જ્યારે કાયદાના રક્ષકોની મજાક ઉડાવવામાં આવે અને ગુનેગારો 'હીરો' તરીકે પ્રોજેક્ટ થાય, ત્યારે સમાજમાં ખોટો સંદેશ જાય છે. પોલીસનો ખોફ હોવો જોઈએ, પણ અહીં તો ગુનેગારો પોલીસના ખોફનો આનંદ માણી રહ્યા છે.

૭. ધોળાવીરા અને પુરાતત્વ વિભાગની બેશરમી

સૌથી વધુ આઘાતજનક કિસ્સો ધોળાવીરાનો છે. વિશ્વ વિરાસત (World Heritage) એવી આ જમીનો માટે ખેડૂતોએ પોતાની જમીનો આપી, પણ બદલામાં તેમને શું મળ્યું? વળતર માટે ખેડૂતોએ કોર્ટના દરવાજા ખખડાવવા પડ્યા. કોર્ટે આદેશ આપ્યો છતાં સરકારી તંત્ર અને પુરાતત્વ વિભાગ વળતર ચૂકવતું નથી.

આ બાબતે કોર્ટે છેવટે આકરો આદેશ આપવો પડ્યો કે જો વળતર ન ચૂકવાય તો પુરાતત્વ વિભાગની ઓફિસ અને તેની મિલકતો જપ્ત કરવામાં આવે. એક સરકારી વિભાગ સામે કોર્ટે આવો હુકમ કરવો પડે, તે ગવર્નન્સ માટે શરમજનક બાબત છે. કાયદાનું પાલન કરાવવાની જેની જવાબદારી છે, એ જ વિભાગ જ્યારે કાયદાનું ઉલ્લંઘન કરે ત્યારે સામાન્ય માણસ કોની પાસે આશા રાખે?

૮. કાયદાના ભયનો અંત: આત્મચિંતનનો સમય

કોઈપણ રાજ્યની પ્રગતિ ત્યારે જ થાય જ્યારે ગુનેગારના મનમાં કાયદાનો ફફડાટ હોય. આજે કાયદાનો ભય રહ્યો નથી. ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બની ગયો છે. નાનામાં નાનું કામ કરાવવા માટે પણ 'વહીવટ' કરવો પડે છે.

જો આ જ પરિસ્થિતિ રહી, તો ભવિષ્યમાં આપણે માત્ર આંકડાઓમાં જ 'નંબર વન' રહીશું, વાસ્તવિકતામાં નહીં. 'ગુડ ગવર્નન્સ' એટલે માત્ર જાહેરાતો નહીં, પણ જમીની હકીકત હોવી જોઈએ. સરકારે જાગવાની જરૂર છે, અધિકારીઓએ જવાબદારી સ્વીકારવાની જરૂર છે અને જનતાએ સવાલ પૂછવાની જરૂર છે.

શું આપણે ખરેખર એવું ગુજરાત ઈચ્છીએ છીએ જ્યાં ગુંડાઓ બેફામ હોય અને ન્યાય માંગનાર લાચાર? વિચારજો... કારણ કે આ પ્રશ્ન આપણા સૌના ભવિષ્યનો છે.

લેખક અશ્વિન ગોહિલ ની કલમે (લેખક, કવિ, સાહિત્યકાર)

# રાજકોટમાં બનશે આધુનિક ફૂડ લેબોરેટરી:સૌરાષ્ટ્ર ભરના ખાદ્ય પદાર્થોનાં નમુના બહાર મોકલવા નહીં પડે

### બે મહિને આવતા રિપોર્ટ બે-ત્રણ દિવસમાં મળશે; આરોગ્ય કેન્દ્રનું પણ નિર્માણ

• રાજકોટ

ગુજરાતમાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળના કિસ્સાઓ વધી રહ્યા છે, ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહત્વકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. રાજકોટનાં કાલાવડ રોડ પાસેથી નાનામવા રોડ તરફ જતાં પ્લોટમાં TRP ગેમ ઝોન નજીક અંદાજે રૂ. 4.60 કરોડના ખર્ચે એક વિશાળ અને આધુનિક ફૂડ લેબોરેટરી અને આરોગ્ય સુવિધા ભવનનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય સૌરાષ્ટ્રના ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવાની પ્રક્રિયાને વધુ ઝડપી, સચોટ અને સ્થાનિક સ્તરે ઉપલબ્ધ કરાવવાનો છે.

આ લેબોરેટરી તૈયાર થતા રાજકોટ અને સૌરાષ્ટ્રભરનાં જિલ્લાઓમાં ફૂડ વિભાગ દ્વારા લેવાતા નમુના તપાસ માટે વડોદરા મોકલવા નહીં પડે અને રાજકોટમાં તેની તપાસ થશે. અત્યારે વડોદરાથી બે-ત્રણ મહિને આવતા રિપોર્ટ રાજકોટની ફૂડ લેબોરેટરીમાં બે-ત્રણ દિવસમાં મળી જશે. આ સાથે અહીં તબીબી સારવાર માટે આરોગ્ય કેન્દ્રનું નિર્માણ પણ કરવામાં આવશે, જેને લઈને ઈમરજન્સીમાં લોકોને સારવાર પણ મળી રહેશે.

આધુનિક ફૂડ લેબોરેટરીની સાથે આરોગ્ય સુવિધા ભવનનું પણ નિર્માણ કરાશે.વર્તમાન વ્યવસ્થા મુજબ, રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય



વિભાગ દ્વારા લેવામાં આવતા ખાદ્ય પદાર્થોના નમૂનાઓ (સેમ્પલ) ચકાસણી માટે વડોદરા ખાતેની લેબોરેટરીમાં મોકલવા પડે છે. આ પ્રક્રિયામાં ઘણો સમય વ્યતીત થાય છે અને રિપોર્ટ આવવામાં વિલંબ થવાથી દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં પણ મુશ્કેલી પડે છે. પરંતુ નવું બિલ્ડિંગ કાર્યરત થયા બાદ રાજકોટમાં જ અત્યાધુનિક ફૂડ ટેસ્ટિંગ લેબોરેટરી ઉપલબ્ધ થશે, જેના પરિણામે દૂધ, ઘી, તેલ કે અન્ય ખાદ્ય સામગ્રીમાં થતી ભેળસેળને પકડવા માટેના રિપોર્ટ ગણતરીના દિવસોમાં જ મળી શકશે. આનાથી ભેળસેળિયા તત્વોની સામે ઝડપથી કાર્યવાહી કરી શકાશે અને નાગરિકોને શુદ્ધ આહાર મળવાની ખાતરી થશે.વડોદરા મોકવામાં આવતા સેમ્પલની તપાસ પણ રાજકોટમાં જ થશે.આ બિલ્ડિંગના આયોજન અને સ્થાપત્યની વાત કરીએ તો, તેને કુલ ત્રણ મુખ્ય ભાગમાં વહેંચવામાં આવ્યું છે. જેમાં આરોગ્ય અને ખાદ્ય સુરક્ષા બંનેનો સમન્વય જોવા મળશે. બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર સામાન્ય જનતા માટે પાયાની અને કટોકટીની તબીબી સેવાઓ કેન્દ્રિત કરવામાં આવી છે. અહીં તાત્કાલિક સારવાર માટે 3 ઈમરજન્સી બેડની વ્યવસ્થા હશે, જે અકસ્માત કે ગંભીર બીમારીના સમયે દર્દીને સ્થિર કરવામાં મદદરૂપ થશે. આ ઉપરાંત 2 કન્સલ્ટેશન રૂમ, દવા વિતરણ કેન્દ્ર, મેડિકલ સ્ટોર અને રજીસ્ટ્રેશન કાઉન્ટરની સુવિધા ઉપલબ્ધ હશે. ખાસ કરીને માતૃ-બાળ કલ્યાણ માટે B.F. કોર્નર, ઈમ્યુનાઈઝેશન (રસીકરણ) રૂમ અને RBSK (રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ) રૂમની ફાળવણી કરવામાં આવી છે.

વિરોધ

માતાએ કહ્યું- 'મારા દીકરાને સમાધાન માટે બોલાવી મારી નાખ્યો'

# રાજકોટમાં 6 શખસોએ કુહાડી-પાઈપના ઘા ફટકારી યુવકનું ખૂન કર્યું:પરિવારનો મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર

### 6 શખસોએ કુહાડી અને પાઈપના ઘા મારી એક યુવકનું ઢીમ ઢાળી દીધાનો બનાવ સામે આવ્યો છે

• રાજકોટ

રાજકોટશહેરના150ફૂટરીંગરોડપરજૂની અદાવતમાં 6 શખસોએ કુહાડી અને પાઈપના ઘા મારી એક યુવકનું ઢીમ ઢાળી દીધાનો બનાવ સામે આવ્યો છે. પરિવારજનોએ કહ્યું કે, એટલો ક્રુરતાથી માર મારવામાં આવ્યો હતો કે શરીરનું એકેય અંગ બાકી નથી રાખ્યું. જ્યાં સુધી આરોપી ન ઝડપાય ત્યાં સુધી પરિવારે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દેતા પોલીસે સમજાવટના પ્રયાસો હાથ ધર્યા છે. મૃતક ભાવેશ પરિણીત અને બે સંતાનો હોવાનું જાણવા મળ્યું છે.મૃતકના માતાએ રડતા રડતા જણાવ્યું હતું કે, મારા દીકરો 2 લાખ રૂપિયા લઈ સમાધાન માટે ગયો હતો. તેઓએ છેતરીને મારા દીકરા પર ઘા કર્યો.

રસના ચિચોડા બાબતે ભાવેશ દ્વારા કરાયેલી અરજીનો ખાર રાખી હુમલો કરાયો. નર્સિંગ ના વ્યવસાય સાથે સંકળાયેલ રાહુલ પરમાર દ્વારા પોલીસને આપવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, રવિવારના રોજ રાત્રિના સમયે પોતાના મિત્ર ભાવેશ વાણવી તેમજ પ્રિન્સ વાણવી સાથે સોપાન હાઈટ્સ પાસે બેઠા હતા. તેમજ ત્યારબાદ ત્રણેય મિત્રો ઘરે જમવા માટે નીકળ્યા હતા. દરમિયાન ડ્રીમ સિટીની સામે પહોંચતા 4 થી 5 અજાણ્યા વ્યક્તિઓ સ્વીફ્ટ કાર તેમજ બાઈક લઈને અમારી પાછળ આવ્યા હતા. તેમજ તેમના દ્વારા લાકડી, ધારિયા, કુહાડી સહિતના હથિયારો વડે ભાવેશ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. તેમજ પ્રિન્સ પણ ત્યાં ઉભો રહેતા પ્રિન્સને પણ માર મારવામાં આવ્યો હતો. ડર લાગવાના કારણે હું ત્યાંથી સાઈડમાં જતો રહ્યો હતો. ત્યારબાદ કારમાં આવેલા વ્યક્તિઓ ભાવેશને કારમાં બેસાડીને ત્યાંથી લઈને જતા રહ્યા હતા. પ્રિન્સને માથાના ભાગે ઈજા પહોંચતા તેને સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે.

મૃતક ભાવેશ વાણવી સામે પાસા થઈ હોય થોડાસમયપહેલાજજેલમાંથીમુક્તથયોહતો. રસના ચિચોડા બાબતે મહાનગરપાલિકામાં કરેલી અરજી કારણભૂતબનાવ સંદર્ભે પ્રિન્સ ને પૂછતા તેણે જણાવ્યું હતું કે હમીર જોગરાણા સાથે ચિચોડો રાખવા બાબતે ભાવેશ વાણવી દ્વારા મહાનગરપાલિકામાં અરજી કરવામાં આવી હતી. જે બાબતનો ખાર રાખીને હમીર જોગરાણા સહિતના વ્યક્તિઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ભાવેશ ઉપર જીવલેણ હુમલો કર્યા બાદ તેને માર મારીને રસ્તામાં



ફેંકી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ સારવાર છે તેને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા ટૂંકી સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

મૃતક ભાવેશના માતા ગીતાબેન વાણવીએ રડતા રડતા જણાવ્યું હતું કે, હું ઘરે આવે ત્યારે ભાવલાએ કહ્યું હું થોડીવારમાં આવું છું. અમને કોઈને બોલવા ન દે એવો મારો દીકરો હોશિયાર હતો. વીડિયો વાઈરલ કર્યો એમાં એ લોકોએ વિશ્વાસઘાત કર્યો. ધમકી દઈ મારા દીકરા પાસે સમાધાન કરાવી લીધું. 2 લાખ રૂપિયા સમાધાન માટે લઈ ગયો હતો. વીડિયો કઢાવી નાખી છેતરીને મારા દીકરા પર ઘા કર્યો છે.

યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ રુમે ખસેડવામાં આવતા ત્યાં સંબંધીઓ અને તેમના સમાજના આગેવાનો ત્યાં દોડી ગયા હતા અને આરોપી પકડાયા બાદ જ તેમનો મૃતદેહ સ્વીકારવામાં આવશે તેવું પરિવારજનોએ જણાવ્યું હતું.મૃતક પત્રકાર હોવાનું હાલ પ્રાથમિક તપાસમાં જાણવા જાણવા મળ્યું છે.

સામાજિક આગેવાન માવજીભાઈ રાખસીયાએજણાવ્યુંહતુંકે,અમારાસમાજના યુવાન ભાવેશ વાણવીની બેરહેમીથી હત્યા કરવામાં આવી છે. 10 થી 12 શખ્સોએ હૂમલો કર્યો હતો. જેમાં યુવાનનું એક પણ અંગ એવું નથી જ્યાં માર ન માર્યો હોય. જેથી પોલીસ આરોપીઓની સાન ઠેકાણે લાવે તેવી માંગણી છે.DCP ઝોન-2 રાકેશ દેસાઈએ જણાવ્યુ હતુ કે, મૃતક ભાવેશ વાણવીને હમીર ભરવાડ અને તેમની સાથેના શખ્સો દ્વારા માર મારવામાં આવ્યો હતો. જે બાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન યુવાનનું મૃત્યુ થતા યુનિવર્સિટી પોલીસ મથકમાં હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. રસના ચીચોડાના જૂના મનદુ:ખમાં યુવાનની હત્યા થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે. જેથી રાજકોટ શહેર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અલગ અલગ ટીમો બનાવી આરોપીઓને ઝડપી લેવા તપાસ શરૂ કરી છે.

રાધે ચોક પાસે થઈ રહ્યું છે સાઉથ ઝોન કચેરીનું નિર્માણ

# રાજકોટ મહાનગરપાલિકાની સાઉથ ઝોન કચેરીનું કામ પુરજોશમાં:વર્ષના અંત સુધીમાં કાર્યરત થવાની શક્યતા

રાજકોટ મહાનગરપાલિકા

### વોર્ડ નંબર 15,16,17 અને 18ના નાગરિકોએ કામગીરી માટે સેન્ટ્રલ ઝોન કચેરી લાંબુ નહી થવું પડે

• રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકામાં હાલ ઈસ્ટ, વેસ્ટ તેમજ સેન્ટ્રલ સહિતની ત્રણ ઝોન કચેરીઓ કાર્યરત છે. જોકે શહેરની દક્ષિણમાં આવેલા વોર્ડ નંબર 15,16,17 અને 18નાં અંદાજે 5 લાખ કરતા વધુ લોકોને જન્મ-મરણનાં દાખલા, આધારકાર્ડ સહિત કોર્પોરેશનને લગત તમામ કામગીરી માટે સેન્ટ્રલ ઝોનમાં આવેલી મુખ્ય કચેરી સુધી આવવું પડે છે. જોકે મનપાનો વિસ્તાર વધી રહ્યો હોય લોકોની સુવિધા માટે કોઠારીયા વિસ્તારમાં આવેલા રાધે ચોક પાસે હાલ રૂ. 32.54 કરોડનાં ખર્ચે નવી સાઉથ ઝોન કચેરીનાં નિર્માણની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ કામ પૂર્ણ થતાં જુદા-જુદા 4 વોર્ડમાં રહેતા લાખો લોકોનાં નાના-મોટા કામો ઘરઆંગણે



થશે. એટલું જ નહીં આ કચેરી માટે ખાસ અધિકારીઓ ફાળવવામાં આવતા તમામ વોર્ડનો વિકાસ ઝડપી થશે.વર્ષના અંત સુધીમાં કચેરીનું બિલ્ડિંગ બનીને તૈયાર થઈ જાય તેવી શક્યતા. રાજકોટ ધારાસભ્ય રમેશ ટીલાળાની રજૂઆતો બાદ મનપાનાં બજેટમાં સાઉથ ઝોન કચેરીનો સમાવેશ થયો હતો. ત્યારબાદ આ માટે જરૂરી ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. અને છેલ્લા 9 મહિનાથી રાધે ચોક ખાતેના વિશાળ પ્લોટમાં સાઉથ ઝોન કચેરીનાં નિર્માણનું કામ ઝડપભેર કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં કમિશ્નર તુષાર સુમેરાએ પણ અહીંચાલી રહેલા કામની રૂબરૂમાં મુલાકાત લઈને આ કામ ગુણવત્તાયુક્ત રીતે અને નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચનાઓ આપી હતી. આ કચેરી માટે ખાસ ડેપ્યુટી કમિશ્નર અને સિટી ઈજનેરની પોસ્ટ ફાળવવામાં આવનાર છે. જેને લઈને અહીંના લોકોને નાના-મોટા કામ માટે સેન્ટ્રલ ઝોન સુધી ધક્કો ખાવો પડશે નહીં.મ્યુ. કમિશ્નર તુષાર સુમેરાએ દિવ્યભાસ્કર સાથે કરેલી વાતચીતમાં આ અંગે જણાવ્યું કે, મહાનગરપાલિકામાં હાલ ત્રણ ઝોન કાર્યરત છે, ઈસ્ટ, વેસ્ટ અને સેન્ટ્રલ ઝોન. લાંબા સમયથી એક ડિમાન્ડ હતી કે સાઉથ ઝોન પણ બને જેથી કાર્યભારની વ્યવસ્થિત રીતે વહેંચણી થઈ શકે. આ બાબતે વર્ષ 2024-25 ના બજેટ આઈટમ તરીકે સાઉથ ઝોન ઓફિસ અને સાઉથ ઝોન બનાવવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેની ઓફિસનાં નિર્માણનું કામ હાલ ઝડપભેર ચાલી રહ્યું છે.રાજકોટ મનપા દ્વારા રૂ. 32.54 કરોડનાં ખર્ચે આખું સાઉથ ઝોનનું એક મોર્ડન ઓફિસ બિલ્ડિંગ બનાવાઈ રહ્યું છે. આ ઝોનમાં અમે અત્યારે ટેન્ટેટિવલી 4 વોર્ડનો સમાવેશ કરવાનું વિચારી રહ્યા છીએ. હજુ તેની અંદર આખું રિસ્ટ્રક્ચરિંગ કરવાનું થશે. લગભગ આવતા 6 થી 8 મહિનામાં અમે વિચારી રહ્યા છીએ કે આ એન્ટાયર સ્ટાફ સાથેની ફુલ્લી ફંક્શનલ ઓફિસ કાર્યરત થઈ જશે. અત્યારે આ પ્રોજેક્ટનું લગભગ 50 ટકાથી પણ વધુ કામ પૂર્ણ થઈ ગયું છે.કચેરી કાર્યરત થતા સ્થાનિક લોકોએ સેન્ટ્રલ ઝોન કચેરીનો ધક્કો નહીં ખાવો પડેમનપાની સાઉથ ઝોન ઓફિસ અન્ય તમામ કચેરીઓ કરતા વધુ આધુનિક હશે. જેમાં પ્રજાલક્ષી સેવાઓ લોકોને ડાયરેક્ટ મળી રહે તે માટે એક આખો અલગ સેક્શન બનાવવામાં આવશે.

પોલીસ જાપ્તામાં 5 આરોપીને પરીક્ષા કેન્દ્ર લઈ જવાયા

# રાજકોટ AIIMSના ઈન્ટર્ન ડૉક્ટર આપઘાત કેસમાં આરોપીઓ આજે MBBS ફાઈનલ યરની પરીક્ષા આપશે

• રાજકોટ

રાજકોટ સ્થિત AIIMS હોસ્પિટલના ઈન્ટર્ન ડૉક્ટર રતનકુમાર મેઘવાલના આપઘાત પ્રકરણમાં ધરપકડ કરાયેલા 5 આરોપી વિદ્યાર્થીઓને આજે(16 માર્ચ) પોલીસ જાપ્તા હેઠળ પરીક્ષા આપવા લઈ જવામાં આવ્યા હતા. આ તમામ આરોપીઓ MBBS ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓ છે અને તેઓએ જેલમાંથી પરીક્ષા આપવા માટે કોર્ટમાં રજૂઆત કરી હતી. કોર્ટ દ્વારા રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતા, તમામ 5 આરોપીઓને રાજકોટ સેન્ટ્રલ જેલ ખાતેથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે પરીક્ષા કેન્દ્ર પર મોકલવામાં આવ્યા હતા. નોંધનીય છે કે શનિવારના રોજ પોલીસ ફરિયાદ નોંધાયાના ગણતરીની મિનિટોમાં જ પોલીસે આરોપીઓની ધરપકડ કરી લીધી હતી અને રવિવારે કોર્ટમાં રજૂ કરતા તેઓને જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ જેલ હવાલે કરવામાં આવ્યા હતા.આ ચકચારી કેસની વિગત મુજબ, રાજસ્થાનના





મૃતક

જેસલમેરનો વતની રતનકુમાર 13 માર્ચે રાજસ્થાનથી રાજકોટ આવ્યો હતો અને 14 માર્ચની વહેલી સવારે પરાપીપળીયા પાસે ટ્રેન હેઠળ ઝંપલાવી જીવન ટૂંકાવી લીધું હતું. આપઘાત પૂર્વે યુવાને પોતાના ઈન્સ્ટાગ્રામ પર 18 પેજની સુસાઈડ નોટ મૂકી હતી, જેમાં તેની સાથે જ અભ્યાસ કરતા સહપાઠીઓ દ્વારા અપાતા શારીરિક અને માનસિક ત્રાસનો ગંભીર ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ સુસાઈડ નોટમાં એક સ્ત્રી મિત્રનો પણ ઉલ્લેખ કરાયો છે, જે મૃતક અને આરોપી બંનેની મિત્ર હોવાનું સામે આવ્યું છે. મૃતક યુવાને પોતાની વ્યથામાં સાથી વિદ્યાર્થીઓના ત્રાસને જ અંતિમ પગલું ભરવાનું મુખ્ય કારણ ગણાવ્યું હતું.પોલીસ તપાસમાં એવું બહાર આવ્યું છે કે રતનકુમારે અગાઉ પણ 2 વખત આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમાં 28 જાન્યુઆરી 2026ના રોજ પરાપીપળીયા ફાટક પાસે ટ્રેન નીચે પડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યારે તેને બચાવી લેવાયો હતો. ત્યારબાદ તેનું આ અંગે કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું અને મનોચિકિત્સકની દવા પણ ચાલુ હતી. તે સમયે તે થોડો સમય પોતાના વતન જેસલમેર પણ રહ્યો હતો, જ્યાં પણ તેણે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું ખુલ્યું છે.

# બેંક ખાતાને નેટ બેન્કિંગના માધ્યમથી હેક કરી 20 લાખની છેતરપિંડી

### સાયબર ક્રાઇમે ત્રણને દબોચ્યા, રૂ. 7.44 લાખ પરત અપાવ્યા; રાજકોટમાં સાયબર માફિયાઓનો આતંક

• રાજકોટ

રાજકોટમાં સાયબર ફ્રોડમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે વધુ એક ફ્રોડની ઘટના સામે આવી હતી. જેમાં રૂ. 19,99,400ની છેતરપીંડીની ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનાનો ભેદ ઉકેલવામાં સાયબર ક્રાઈમ પોલીસને મોટી સફળતા મળી છે. સાયબર ક્રાઈમ પોલીસે આ મામલે ત્રણ આરોપીઓને ઝડપી લઈ રૂ. 7,44,400 ની રકમ રિકવર કરી છે. હાલ પોલીસે બાકીની રકમ રિકવર કરવા સહિતના મામલે આરોપીઓની પૂછપરછ હાથ ધરી છે.ડિજિટલ યુગમાં સામાન્ય માણસની મહેનતની કમાણી હડપ કરવા માટે સાયબર ગઠિયાઓ અવનવા કીમિયા અપનાવતા હોય છે. રાજકોટમાં બનેલી આ ઘટનામાં પણ ભેજાબાજ ગુનેગારોએ ફરિયાદીના બેંક ખાતાને નેટ બેન્કિંગના માધ્યમથી હેક કરી લીધું હતું. અને કોઈને ગંધ સુધ્ધાં ન આવે તે રીતે ટેકનોલોજીનો દુરુપયોગ કરી, આ ઠગબાજોએ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા ખાતામાંથી રૂ. 19,99,400ની મત્તા સેરવી લીધી હતી. જ્યારે ફરિયાદીને આ બાબતની જાણ થઈ ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ મથકે ભારતીય ન્યાય સંહિતા, 2023 અને આઈ.ટી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.પોલીસની તપાસ દરમિયાન ટેકનિકલ એનાલિસિસ અને ખાનગી બાતમીદારોની મદદથી આ મામલે 3 શખ્સોના લોકેશન ટ્રેસ કરવામાં આવ્યા હતા. પોલીસની અલગ-અલગ ટીમોએ દરોડા પાડીને ઉના અને રાજકોટના વિસ્તારોમાંથી ત્રણ આરોપીઓને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં 43 વર્ષીય વિનોદભાઈ તારાચંદ ભોજવાણી (રહે. ઉના, જી. ગીર સોમનાથ), 24 વર્ષીય યશભાઈ પ્રફુલભાઈ જાદવ (રહે. વર્ધમાન નગર, રાજકોટ) અને 20 વર્ષીય મહમ્મદદાનિશ મોહમ્મદસિદિક સિપાઈ (રહે. બાપુનગર, રાજકોટ) નો સમાવેશ થાય છે.

# ગોંડલમાં ગાઢ ધુમ્મસ:વહેલી સવારે વિઝિબિલિટી ઘટી, વાહનચાલકોને હાલાકી



• ગોંડલ

ગોંડલ શહેર અને પંથકમાં આજે વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું. આ ધુમ્મસને કારણે વિઝિબિલિટીમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, જેના પરિણામે જનજીવન અને વાહનવ્યવહાર પર સીધી અસર પડી હતી.ધુમ્મસ એટલું ગાઢ હતું કે 100 ફૂટ દૂર જોવું પણ મુશ્કેલ બન્યું હતું. શહેરના મુખ્ય માર્ગો ધુમ્મસમાં ગરકાવ થઈ ગયા હતા. ઝાકળવર્ષાને કારણે રસ્તાઓ પણ ભીના થઈ ગયા હતા.ખાસ કરીને રાજકોટ નેશનલ હાઈવે પર પસાર થતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વાહનચાલકોને ફરજિયાતપણે હેડલાઈટ અને પાર્કિંગ લાઈટ ચાલુ રાખીને ધીમી ગતિએ વાહન ચલાવવાની ફરજ પડી હતી. વિઝિબિલિટીના અભાવે હેવી વાહનોના પૈડાં પણ થોડીવાર માટે થંભી ગયા હતા.

ઘરફોડ ચોરી કરતા બંટી-બબલી ઝડપાયા

# વેપારી સાથે રૂ.20 લાખનું સાયબર ફ્રોડ, વિંટી ચોર્યાનો આરોપ લાગતા પરિણીતાનો આપઘાત

• રાજકોટ

રાજકોટના યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારમાં 2 જગ્યાએ તેમજ પડધરીમાં એક જગ્યાએ થયેલી ઘરફોડ ચોરીનો ભેદ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ઉકેલી નાખ્યો છે. રૈયાધારમાં રહેતા હિતેષ દિનેશભાઈ ડવ અને તેની પત્ની ઈલાબેનને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે. પોલીસે સોનાની કાનની બૂટી, ચેઈન, પેન્ડલ ઉપરાંત ચાંદીનો કંદોરો, સાંકળા, કમરનો ઝૂડો, પગમાં પહેરવાના કડલા, ચાંદીનો સિક્કો સહિતના દાગીના કબજે કર્યા હતા. આ સાથે જ રૂ.35000ની રોકડ, મોબાઈલ, બાઈક સહિત રૂ.15,51,575નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હથ ધરી છે.સુરેન્દ્રનગરના ચોટીલાના ભેટસુડા ગામે રહેતા અને ખેતી કામ કરતા વિશાલ નનુભાઈ કુકડીયાએ થોરાળા પોલીસ મથકમાં ગંજીવાડામાં રહેતા વશરામભાઈ મકવાણા અને તેની પુત્રી આરતી સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, ગત 23 એપ્રિલ, 2025ના મારી બહેન છાયાના લગ્ન ગંજીવાડામાં રહેતા રણજીત મકવાણા સાથે થયા હતાં. લગ્ન બાદ મારી બેનના સસરા વશરામભાઈ અને નણંદ આરતી વીંટી ચોર્યાનો ખોટો આરોપ લગાવતા હતા, જેથી 9 માર્ચના બહેન છાયાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસે મૃતક મહિલાના ભાઈની ફરિયાદ પરથી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.વેપારીનું નેટ બેન્કિંગ, મેઈલના ઍક્સેસ મેળવી ભેજાબાજોએ રૂ.20 લાખ ઉપાડી લીધા રાજકોટમાં 26 વર્ષીય ખુરબાન ડામરા નામના કૃષિ ઉત્પાદનોની લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી દ્વારા સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન રાજકોટ શહેર ખાતે બીએનએસની કલમ 318 (4), 61(2) તેમજ આઈટી એક્ટ સહિતની કલમ હેઠળ વિનોદ ભોજવાણી, રોનક જેઠવા તેમજ તપાસમાં ખુલે તે તમામ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ઘુંટા ગામ ખાતે રહેતા તેમજ રાજકોટ શહેરના રાજપૂત પરા વિસ્તારમાં ઓમ એન્ટરપ્રાઈઝ નામની પેઢી ચલાવનારા ડામરા દ્વારા પોલીસને આપવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, 5 માર્ચ, 2026ના રોજ મારી પેઢીમાં કામકાજ કરનારા વિમલ કાથરોટીયા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, તેઓ બેંક ખાતે અન્ય પેઢીને ચૂકવણી કરવા માટે આરટીજીએસ મારફતે પૈસા ટ્રાન્સફર કરવા ગયા હતા, પરંતુ બેંક દ્વારા જણાવવામાં આવ્યું હતું કે પેઢીના બેંક એકાઉન્ટમાં પૂરતું બેલેન્સ નથી. તેમજ હાલમાં રૂ.19,99,400ના ત્રણ અલગ અલગ ટ્રાન્જેક્શન એક જ બેંક એકાઉન્ટમાં થવા પામ્યા છે.આ બાબતની જાણ થતા મેં મારી ઓફિસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, મારી પેઢીની જાણ બહાર પેઢીના બેંક એકાઉન્ટમાંથી નાણા ઉપડી ગયા છે. તેમજ બેંકમાં રજિસ્ટર થયેલ પેઢીનું મેઈલ આઈડી ચેક કરતા તે પણ ખુલવા પામ્યું ન હતુ. તેમજ તેનો એક્સેસ પણ અમારી પાસેથી જતો રહ્યો હતો. જે બાબતે સાઈબર ક્રાઈમ હેલ્પ નંબર 1930 પર કોલ કરી અરજી પણ નોંધાવી હતી. દરમિયાન જે એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર થયા હતા.

'તારામાં બહુ દમ છે' સુરતમાં બોર્ડ પરીક્ષાના બાકીના પેપર આપી શકશે નહી; બહેનના એન્યુઅલ ફંક્શનમાં ગયો 'તો

# ચાર સગીરોનો ધો. 10ના વિદ્યાર્થી પર ચપ્પુથી જીવલેણ હુમલો:ત્રણ ઘા ઝીંકતા હાલત ગંભીર

**ગંભીર રીતે ઈજાગ્રસ્ત વિદ્યાર્થીની સર્જરી કરવામાં આવી છે. આ હુમલાને કારણે તે આજે ધોરણ 10ની બોર્ડની પરીક્ષાનું પેપર આપી શક્યો નથી, જેના કારણે તેનું વર્ષ બગડવાની ભીતિ સેવાઈ રહી છે**

• સુરત

સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં એક હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે, જેમાં નજીવી બાબતની અદાવતમાં ચાર સગીરોએ ધોરણ 10માં ભણતા એક વિદ્યાર્થી પર શાળાના ગેટ પાસે જ ચપ્પુથી જીવલેણ હુમલો કર્યો હતો.ભોગ બનનાર વિદ્યાર્થી પોતાની માતા સાથે બહેનના સ્કૂલ ફંક્શનમાં ગયો હતો, ત્યારે બદલાની ભાવના રાખીને બેઠેલા અન્ય વિદ્યાર્થીઓએ તેના પર તીક્ષ્ણ હથિયારના ત્રણ ઘા ઝીંકી દીધા હતાં.

ગંભીર રીતે ઈજાગ્રસ્ત વિદ્યાર્થીની સર્જરી કરવામાં આવી છે. આ હુમલાને કારણે તે આજે ધોરણ 10ની બોર્ડની પરીક્ષાનું પેપર આપી શક્યો નથી, જેના કારણે તેનું વર્ષ બગડવાની ભીતિ સેવાઈ રહી છે. પિતાએ આરોપ લગાવ્યો કે, ઈકોમર્સ સાઈટ પરથી હથિયારો મંગાવાયા હતાં.સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં સામાન્ય બોલાચાલીની અદાવત રાખીને એક વિદ્યાર્થી પર જીવલેણ હુમલો થયાની ઘટના સામે આવી છે. કર્મયોગી સોસાયટી પાસે આવેલી ગેલેક્સી આર્મી ઈન્ટરનેશનલ સ્કૂલ ગેટની બહાર ઘટનામાં ચાર વિદ્યાર્થીઓ ભેગા મળીને એક વિદ્યાર્થીને આંતરીને માર માર્યો હતો અને ત્યારબાદ ચપ્પુ વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી.

મળતી માહિતી મુજબ, ભોગ બનનાર વિદ્યાર્થી જ્યારે શાળાએથી છૂટીને ઘરે પરત ફરી રહ્યો હતો, ત્યારે તેની જ શાળામાં અભ્યાસ કરતા અન્ય વિદ્યાર્થીઓ સાથે અગાઉ થયેલી બોલાચાલીનું મનદુ:ખ રાખીને તેને રસ્તામાં રોકવામાં આવ્યો હતો. આરોપીઓએ ઉશ્કેરાઈને વિદ્યાર્થી સાથે ઝઘડો શરૂ કર્યો હતો અને 'તારામાં બહુ દમ છે' તેમ કહી અપશબ્દો બોલી મારપીટ કરી હતી. આ દરમિયાન એક વિદ્યાર્થીએ ચપ્પુ કાઢી પીઠ અને પેટના ભાગે ઘા ઝીંક્યા હતા, જેના કારણે ઈજાગ્રસ્ત વિદ્યાર્થી લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યો હતો.

હુમલો કર્યા બાદ તમામ હુમલાખોર વિદ્યાર્થીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં પોલીસ દ્વારા આ મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.



આ ઘટનામાં ઈજાગ્રસ્ત વિદ્યાર્થીના પિતાએ અત્યંત ગંભીર અને ચોંકાવનારો આરોપ લગાવ્યો છે. પિતાના જણાવ્યા અનુસાર, હુમલો કરનાર સગીરોએ ગુનાહિત માનસિકતા સાથે ઓનલાઈન સાઈટ પરથી ચપ્પુ મંગાવ્યા હતાં. પિતાએ આક્ષેપ કર્યો છે કે, ડિજિટલ પ્લેટફોર્મ પર હથિયારો સરળતાથી ઉપલબ્ધ હોવાને કારણે સગીરોમાં હિંસાનું પ્રમાણ વધી રહ્યું છે. અગાઉ થયેલી સામાન્ય ટક્કર બાદ જ્યારે વિદ્યાર્થીએ ટકોર કરી હતી, ત્યારે તેનો ખાર રાખીને આ સગીરોએ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે ઓનલાઈન હથિયાર વસાવી આ હુમલાને અંજામ આપ્યો હોવાનું પિતાનું કહેવું છે.ગેલેક્સી આર્મી ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રિન્સિપાલ કૃણાલ શાહે જણાવ્યું હતું કે, શાળામાં વાર્ષિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં માત્ર ભાગ લેનાર બાળકો અને તેમના વાલીઓને જ આમંત્રણ હતું.પ્રિન્સિપાલ શાહે વધુમાં ઉમેર્યું કે, ઈજાગ્રસ્ત વિદ્યાર્થી અને હુમલાખોરો વચ્ચે કોઈ જૂની અદાવત કે મેટર હોઈ શકે છે, જેની શાળા પ્રશાસનને અગાઉથી કોઈ જાણ નહોતી. કાર્યક્રમ દરમિયાન સુરક્ષા માટે સિક્યુરિટી તૈનાત હતી જ, પરંતુ આ સમગ્ર બનાવ સ્કૂલ પ્રિમાઈસીસની બહાર બન્યો હોવાથી શરૂઆતમાં કોઈને ખ્યાલ આવ્યો ન હતો. રાત્રે 9:30થી 10:00 વાગ્યાના અરસામાં આ ગંભીર ઘટનાની જાણ થતા અરેરાટી વ્યાપી ગઈ હતી. હાલ આ મામલે પોલીસ તપાસ ચાલી રહી છે અને સ્કૂલ મેનેજમેન્ટ પોલીસને તમામ જરૂરી વિગતો આપીને સહયોગ કરી રહ્યું છે. તપાસ બાદ જ હુમલાનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.ઘટનાની જાણ થતા જ પાંડેસરા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને હુમલો કરનાર ચારેય વિદ્યાર્થીઓને પકડી પાડ્યા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ચારેય આરોપીઓ કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકો છે. હાલ પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે કે ખરેખર હથિયારો ક્યાંથી મેળવવામાં આવ્યા હતાં. એક તરફ પુત્ર હોસ્પિટલના બિછાને લોહીલુહાણ હાલતમાં છે અને તેની પરીક્ષા છૂટી ગઈ છે, ત્યારે બીજી તરફ પરિવારજનો આવા હિંસક સગીરો સામે કડકમાં કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.અમદાવાદ શહેરમાં સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકોમાં મારામારીના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. ખોખરા વિસ્તારમાં સેન્ટ ઝેવિયર્સ અને ઘાટલોડિયાની નેશનલ સ્કૂલ બાદ શહેરના હીરાવાડી વિસ્તારમાં ધો.11માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને બીજા વિદ્યાર્થીએ ટ્યુશન ક્લાસમાં બીજા રૂમમાં બેસવા બાબતે છરીનો ઘા મારી દીધો હતો. પેટમાં છરીનો ઘા વાગવાથી ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સમગ્ર મામલે બાપુનગર પોલીસે છરી મારનાર સગીર વિદ્યાર્થી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. 19 ઓગસ્ટ, 2025ના દિવસે અમદાવાદના ખોખરામાં આવેલી સેવન્થ ડે સ્કૂલના ધોરણ 10ના વિદ્યાર્થી નયનની તેની જ સ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ 10ના એક વિદ્યાર્થીએ બોક્સ કટર મારીને હત્યા કરી હતી. આ ઘટનાના 15 દિવસ એટલે કે, 2 સપ્ટેમ્બરના રોજ સ્કૂલના CCTV સામે આવ્યા હતાં. મૃતક વિદ્યાર્થી નયન ઈજાગ્રસ્ત હાલતમાં સ્કૂલના એન્ટ્રી ગેટથી અંદર પ્રવેશ કરતો જોવા મળે છે. બપોરે 12:53 કલાકે નયનને જ્યાં ઈજા પહોંચી એ પેટના ભાગને હાથથી દબાવીને સ્કૂલમાં પ્રવેશ કરતો જોવા મળે છે.જોકે થોડીવાર બાદ નયન ઢળી પડતાં આસપાસમાં વિદ્યાર્થીઓનું ટોળું ભેગું થઈ જાય છે. આ દરમિયાન સ્કૂલના સ્ટાફ કે સિક્યોરિટી ગાર્ડ દ્વારા નયનને કોઈ મદદ કરવામાં આવી નહોતી અને લોકો ત્યાં ઊભાં ઊભાં માત્ર બધું જોઈ રહ્યા હતા૦.

રમઝાનમાં મુસ્લિમ સમાજના બે જૂથ વચ્ચે માથાકૂટ

# ઝાંપાબજારમાં મસ્જિદમાં જવા માંગતાં રિક્ષાચાલક અને પાડોશી વચ્ચે થયેલાં પાર્કિંગના ઝઘડાએ ઉગ્ર રૂપ લીધું

**અંતે સમાધાન** બે જૂથ વચ્ચે મારામારીની ઘટનાનો કોલ મળતાં મહીધરપુરા પોલીસની ટીમ ત્યાં ધસી ગઇ હતી

• સુરત

સુરતમાં રમઝાન માસમાં ઝાંપાબજાર, કુંભારવાડમાં આવેલી મસ્જિદમાં જવા માંગતાં રિક્ષાચાલક અને પાડોશી વચ્ચે થયેલાં પાર્કિંગના ઝઘડાએ રાત્રે ઉગ્ર રૂપ લીધું હતું. ~~મુસ્લિમ સમાજના બે ટોળાં સામસામે~~ આવી જતાં મામલો ઉગ્ર બન્યો હતો. પોલીસે લાઠીચાર્જ કરી પરિસ્થિતિ ઉપર કાબુ મેળવ્યો હતો. આ સમગ્ર ઘટનાના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. મામલો વધુ બગડે નહિ તે માટે પોલીસે કાફલો પણ તહેનાત કરી દીધો હતો.કુંભારવાડામાં મસ્જિદમાં નમાઝ અદા કરવા માટે રાત્રે રિક્ષા લઈને આવેલાં એક યુવકે કરેલા પાર્કિંગને લઈ મામલો બિચક્યો હતો. રિક્ષા પાર્કિંગને લઈ આ ચાલક સાથે મસ્જિદની સામે રહેતાં એક શખ્સનાં પુત્રની બોલાચાલી



થઈ હતી. જેણે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. ઝઘડા દરમિયાન રિક્ષાચાલકને પણ ઈજા થયાની વાતો ફેલાતાં બે જૂથનાં ટોળાં ભેગા થઈ ગયા હતા. ટોળું ત્યાં ભેગું થઈ હંગામો કરતું હોઈ કોઈએ પોલીસને જાણ કરી દીધી હતી.

બે જૂથ વચ્ચે મારામારીની ઘટનાનો કોલ મળતાં મહીધરપુરા પોલીસની ટીમ ત્યાં ધસી ગઈ હતી. પોલીસની વોર્નિંગ બાદ પણ ટોળું હટવા તૈયાર નહિ હોઈ પોલીસને ઘટનાસ્થળ સુધી જવામાં અડચણ ઉભું કરતું હોઈ પોલીસે હળવો લાઠીચાર્જનો સહારો લીધો હતો. પોલીસે હળવો લાઠીચાર્જ કરી ટોળાંને વિખેરી નાંખી પરિસ્થિત પર કાબુ મેળવ્યો હતો. મામલો વધુ નહિ બગડે તે માટે પોલીસ અધિકારીઓ પણ ત્યાં ધસી ગયા હતા અને ચાંપતો બંદોબસ્ત ગોઠવી લોકોને શાંતિ રાખવા અપીલ કરી હતી.પોલીસના લાઠીચાર્જ બાદ મામલો સંપૂર્ણ પણે શાંત થઈ ગયો હતો. જોકે દોડાદોડી અને ધીંગાણામાં માટલા વેપારીઓનાં માટલાં અને બીજી સામગ્રી તૂટી જતાં તેમને નુકસાન થયું હતું. કેટલાંકને આ તૂટેલાં માટલાઓની ઈજા પણ થઈ હતી. રમઝાન માસમાં મુસ્લિમ સમાજના બે જૂથ વચ્ચે થયેલાં ઝઘડાએ શહેરમાં ચર્ચા અને અફવા બંનેને વેગ આપવાનું કામ કર્યું હતું. સોશિયલ મીડિયામાં આ ઘટનાને લઈ અલગ અલગ પ્રકારની અફવાઓ ચાલી હતી.મહિધરપુરા પોલીસના જણાવ્યા પ્રમાણે, પાર્કિંગને લઈ મસ્જિદ સામે રહેતાં એક શખ્સનાં પુત્રોએ યુવકને માર માર્યો હોવાની ફરિયાદ સાથે યુવક અને કેટલાંક લોકો મહિધરપુરા પોલીસ મથકે આવ્યા હતા. પોલીસ આ યુવકને લઈને માર મારનાર શખ્સના ઘરે પહોંચી હતી. અહીં યુવકને ડિટેઈન કર્યો તે સાથે જ અહીં ભેગાં થયેલાં એક જૂથે આ યુવકને માર મારવાના ઈરાદે ઘર્ષણ કરવા લાગ્યા હતા.પોલીસની હાજરીમાં આ પરિવાર સાથે મારમારી કરવાની કોશિશ થતાં પોલીસે લાઠીચાર્જનો સહારો લેવો પડયો હતો. પોલીસના લાઠીચાર્જ બાદ ટોળું વિખેરાઈ ગયું હતું અને હાલ પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબુમાં આવી ગઈ છે. લોકોએ અફવા પર ધ્યાન નહિ આપવા પણ પોલીસે અપીલ કરી હતી. બંને પૈકી એક પણ પક્ષ ફરિયાદ કરવા નહિ માંગતું હોઈ કોઈ પણ ગુનો નોંધાયો ન હતો.

લોકાર્પણના એક અઠવાડિયામાં ડુમસ સી ફ્રેસમાં ગંદકી

# લોકજાગૃતિ માટે સુરત પાલિકાએ સ્પેશિયલ સફાઈ ઝુંબેશ અને જનજાગૃતિ અભિયાન શરૂ કરવું પડ્યું

• સુરત

સુરત શહેરના મનોરંજન અને પ્રવાસન ક્ષેત્રે એક નવું છોગું ઉમેરાયું છે, ડુમસ સી-ફેસ 8 માર્ચ 2026ના રોજ જ્યારે આ ભવ્ય પ્રોજેક્ટને લોકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો ત્યારે સુરતીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. જોકે, આ ઉત્સાહની સાથે નાગરિક શિસ્તનો અભાવ પણ જોવા મળ્યો, જેના પરિણામે લોકાર્પણના એક જ અઠવાડિયામાં આ સુંદર સ્થળ કચરાપેટીમાં ફેરવાઈ ગયું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતાં. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને લેતા સુરત મહાનગરપાલિકાના કમિશનરે તાત્કાલિક ધોરણે સ્પેશિયલ સફાઈ ઝુંબેશ અને જનજાગૃતિ અભિયાનના આદેશ આપ્યા છે.

8 માર્ચના રોજ ડુમસ સી-ફેસના લોકાર્પણ પ્રસંગે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતીઓને સંબોધતા અત્યંત ભાવુક અને મક્કમ અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સરકાર કરોડોના ખર્ચે સુવિધાઓ ઉભી કરી શકે છે, પરંતુ તેની જાળવણી રાખવી એ નાગરિકોના હાથમાં છે. તેમણે ખાસ કરીને પાનની પિચકારી મારીને દીવાલો ગંદી ન કરવા અને પ્લાસ્ટિકનો કચરો ગમે ત્યાં ન ફેંકવા વિનંતી કરી હતી. તેમ છતાં, લોકાર્પણના પ્રથમ અઠવાડિયામાં જ આ અપીલની અવગણના થતી જોવા મળી હતી.આ શનિવારે હજારોની સંખ્યામાં લોકો ડુમસ સી-ફેસની મુલાકાતે ઉમટી પડ્યા હતાં. લોકોના ભારે ધસારાને કારણે ખાણી-પીણીની લારીઓ અને સહેલાણીઓ દ્વારા ફેંકવામાં આવેલા પ્લાસ્ટિકના કપ, પ્લેટ્સ અને એઠવાડને કારણે સી-ફેસની સુંદરતા પર ગ્રહણ લાગ્યું હતું. ગંદકીના અનેક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા, જેમાં જાગૃત નાગરિકોએ તંત્ર અને બેજવાબદાર લોકો સામે રોષ ઠાલવ્યો હતો.સુરત મહાનગરપાલિકાના કમિશનરની સીધી સૂચના મુજબ ડુમસ સી-ફેસ ખાતે એક મોટી સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ માત્ર સફાઈ પૂરતી સીમિત ન રહેતા 'જનજાગૃતિ' લાવવા પર વધુ કેન્દ્રિત હતી.આ કામગીરીમાં સુરત મહાનગરપાલિકાના હેલ્થ ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીઓ મેદાને ઉતર્યા હતા. અઠવા ઝોનના આસિસ્ટન્ટ હેલ્થ ઓફિસર અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકના સીધા માર્ગદર્શન હેઠળ આ આખું ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. જેમાં 12થી 15 જેટલા સુપરવાઈઝરોએ સ્થળ પર રહીને મોનિટરિંગ કર્યું હતું અને સુરતના 5 અલગ-અલગ ઝોનની બિન-સરકારી સંસ્થાઓ NGOની ટીમો સ્વયંસેવક તરીકે જોડાઈ હતી. અંદાજે 70થી 80 જેટલા લોકોએ સતત મહેનત કરીને સી-ફેસને ચમકાવ્યો હતો.કચરો ઉપાડવાથી સમસ્યાનો અંત આવતો નથી તેથી SMCએ બિહેવિયરલ ચેન્જ લાવવા માટે સફાઈ કામદારોએ ફરવા આવેલા લોકોને સૂકો અને ભીનો કચરો અલગ-અલગ ડસ્ટબિનમાં કેમ નાખવો જોઈએ તેની પ્રત્યક્ષ સમજ આપી હતી. મોટા સ્પીકર લગાવી લોકોને સ્વચ્છતા માટે જાગૃત કરવામાં આવ્યા હતા અને જ્યાં ત્યાં કચરો ન નાખવા અપીલ કરવામાં આવી હતી સૂત્રો દ્વારા પણ લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. આ સાથે આરોગ્યની દ્રષ્ટિએ મચ્છરોનો ઉપદ્રવ ન વધે તે માટે સૂકો શનિવાર અભિયાનને વેગ આપવામાં આવ્યો હતો. જાહેર સ્થળો પર પાણીનો ભરાવો ન થાય અને સફાઈ જળવાય તે માટે ભાર મૂકવામાં આવ્યો.

# સુરત શહેરમાં વધુ એક હત્યા:યુવકને ક્રિષ્ના AC મોલ બહાર ચપ્પુ, છરા અને કોયતાથી રહેંસી નાંખ્યો

• સુરત

'ડાયમંડ સિટી' સુરત શહેર હવે ધીમે ધીમે ગુનાખોરીના ભરડામાં આવી રહ્યું હોય તેમ જણાય છે. શહેરના ડિંડોલી વિસ્તારમાં આજે વધુ એક સનસનીખેજ હત્યાની ઘટના સામે આવી છે. ક્રિષ્ના AC મોલ જેવા ધમધમતા વિસ્તારમાં જાહેરમાં એક યુવકની હત્યા કરી દેવામાં આવતા સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.મળતી માહિતી મુજબ, ડિંડોલી વિસ્તારમાં આવેલા ક્રિષ્ના AC મોલની બહાર જાહેર રોડ પર આ લોહિયાળ ખેલ ખેલાયો હતો. 26 વર્ષીય આશિષસિંહ રાજપૂત નામનો યુવક જ્યારે ત્યાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે અચાનક કેટલાક અજાણ્યા ઈસમોએ તેના પર ઘાતક હુમલો કર્યો હતો. આ હુમલાખોરો એટલા બેફામ હતા કે જાહેરમાં જ આશિષસિંહ રાજપૂતને મોતને ઘાટ ઉતારી ત્યાંથી ફરાર થઈ ગયા હતા.ઘટનાની જાણ થતા જ ડિંડોલી પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. બીજી તરફ, હત્યાના સમાચાર મળતા જ આશિષસિંહના પરિવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા હતા અને તાત્કાલિક ખાનગી હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. હોસ્પિટલ પરિસરમાં હાલ કરુણ દ્રશ્યો સર્જાયા છે.

પાટીલના બર્થ ડેને લઈ યોજાયેલા કેમ્પમાં બ્લડ ડોનેટ કરીને આવતો હતો મૃતકના મિત્ર કુંદન સિંહે જણાવ્યું હતું કે, અમારી સાથે અમારા મિત્ર હતા, જેમને હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યા છે. તેમનું નામ આશિષસિંહ છે. અમે નીલગીરી સર્કલ ગયા હતા, આજે સી.આર. પાટીલનો જન્મદિવસ હતો એટલે ત્યાં બ્લડ ડોનેશન કેમ્પ હતો. અમે ત્યાં બ્લડ આપીને પરત ફરી રહ્યા હતા ત્યારે અમારી ગાડી ડીંડોલી તળાવ પાસે શ્રી કૃષ્ણ એસી મોલની બાજુમાં આવેલી ઓફિસ પાસે પાર્ક કરેલી હતી. આશિષ સિંહની બાઈક પણ ત્યાં જ હતી. અમે જેવી અમારી ફોર-વ્હીલર ત્યાં ઉભી રાખી અને બાઈક લેવા નીચે ઉતર્યા, ત્યાં જ 3થી 4 ગાડીઓ આવી, જેમાં એક ફોર-વ્હીલર અને 3-4 બાઈક હતી.

# સુરતમાં કોંગ્રેસ દ્વારા ભારે વિરોધ બાદ પહેલા બેનરો હટાવાયા હવે 'સુરક્ષિત ભારત' કાર્યક્રમ રદ્દ કરાયો

• સુરત

સુરત શહેરના સિટીલાઈટ વિસ્તારમાં આજરોજ સુરક્ષિત ભારત કાર્યક્રમ યોજાનાર હતો. જોકે આ કાર્યક્રમમાં નથુરામ ગોડસેના વંશજને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ સાથે નથુરામની તસવીર સાથેના બેનરો પણ લગાવવામાં આવ્યા હતાં. જેને લઈને કોંગ્રેસ દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. જેથી પહેલા બેનરો હટાવવામાં આવ્યા હતાં. જોકે કાર્યક્રમ થશે તો કઈ પણ થશે તો જવાબદારી આયોજકોની રહેશે તેવી કોંગ્રેસ દ્વારા ચીમકી આપવામાં આવી હતી. જેથી આખરે કાર્યક્રમ રદ કરવાની ફરજ પડી હતી. આજે પણ કોંગ્રેસ દ્વારા કાર્યક્રમ સ્થળ પર પહોંચતા પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.સુરત શહેરના સિટી લાઈટ વિસ્તારમાં સ્થિત મહેશ્વરી ભવન ખાતે 'શ્રીરામ કૃષ્ણ સમિતિ' દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. "સુરક્ષિત ભારત સનાતન અતીત, વર્તમાન અને ભવિષ્યના પડકાર અને સમાધાન' વિષયક આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અજિંક્ય ગોડસેને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેઓ નથુરામ ગોડસેના વંશજ તરીકે ઓળખાય છે. આ આમંત્રણ સાથે લગાવવામાં આવેલા પોસ્ટરોમાં ગોડસેની તસ્વીર હોવાને કારણે શહેરમાં ચર્ચાનો માહોલ ઉભો થયો હતો.કાર્યક્રમના પ્રચાર માટે સુરતના અનેક મુખ્ય માર્ગો પર મોટા હોર્ડિંગ્સ પણ લગાવવામાં આવ્યા હતા. આ બેનરોમાં નથુરામ ગોડસેને 'દેશભકત' તરીકે દર્શાવવાનો પ્રયાસ થયો હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. પોસ્ટરો સામે આવતા જ ગાંધીવાદી વિચારધારા ધરાવતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને આ મુદ્દો રાજકીય ચર્ચાનો કેન્દ્ર બની ગયો હતો.

સુરતમાં પૂર્વ રાષ્ટ્રપતિ, રાજ્યપાલની હાજરીમાં સાંસદ ગોવિંદ ધોળકિયાનું સન્માન, સમાજને કુરીતિઓમાંથી મુક્ત કરવાનું સામર્થ્ય

# વધુ 1111 હનુમાનજી મંદિર નિર્માણની જાહેરાત

• સુરત

સુરતના વરિયાવ સ્થિત કલાકૃતિ લોન ખાતે દિવ્ય અને આધ્યાત્મિક વાતાવરણમાં આયોજિત સમારોહમાં શ્રી રામકૃષ્ણ નોલેજ ફાઉન્ડેશન (SRKKF)ના નેજા હેઠળ દંડકારણ્યની ભૂમિ ડાંગ જિલ્લાના 311 ગામોમાં હનુમાનજી મંદિર અને હનુમાન ભવન (કોમ્યુનિટી હોલ) નિર્માણ કરવાનો પવિત્ર સંકલ્પ કરનાર રાજ્યસભા સાંસદ અને અગ્રણી ઉદ્યોગપતિ ગોવિંદ ધોળકિયાનું મહાનુભાવો દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં, આ તકે ગોવિંદ ધોળકિયાએ ડાંગથી આગળ વધી રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં વધુ 1111 હનુમાનજી મંદિર નિર્માણની જાહેરાત કરતા તેમના આ પવિત્ર સંકલ્પને ઉપસ્થિત પૂર્વ રાષ્ટ્રપતિ, રાજ્યપાલ સહિત તમામ મહાનુભાવોએ હર્ષનાદ સાથે વધાવવામાં આવ્યા હતા.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગોવિંદ ધોળકિયાના સેવાકીય અભિગમને બિરદાવતા કહ્યું હતું કે, 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ' ના સૂત્રને ચરિતાર્થ કરતા આ કાર્યથી આવનારી પેઢીને સંસ્કાર અને માર્ગદર્શન મળશે. ગોવિંદભાઈ અને તેમની સહયોગી દાતા ટીમ દ્વારા સંસ્કૃતિના સંવર્ધન માટે કરવામાં આવતું કાર્ય અભિનંદનીય છે. દિવાસી વિસ્તારોમાં નિર્મિત હનુમાનજી મંદિરો માત્ર સિમેન્ટ-કોંક્રિટના ભવનો નથી, પરંતુ તે વિચારોની અગ્નિ અને જ્ઞાનના પ્રકાશ કેન્દ્રો બન્યા છે. આદિવાસી વિસ્તારોમાં હનુમાન મંદિર પરિસરમાં થતા ભજન-કીર્તન અને સાંસ્કૃતિક કાર્યક્રમોને કારણે નવી પેઢી વ્યસનોથી મુક્ત થઈ રહી છે અને ભારતીય જીવનમૂલ્યો તરફ વળી રહી છે. આધ્યાત્મિક વિચારો જ સમાજને કુરીતિઓમાંથી મુક્ત કરવાનું સામર્થ્ય ધરાવે છે.વધુમાં રાજ્યપાલે જણાવ્યું કે, સુકા લાકડા જેવી જડતા ક્યારેય ટકી શકતી નથી, પરંતુ નમ્રતા અને સેવાભાવ જ માનવીને આદર અપાવે છે. રાજ્ય સરકારે ડાંગને સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી ધરાવતો જિલ્લો જાહેર કર્યો છે, ત્યારે ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતી દ્વારા આવનારી પેઢીનું ભવિષ્ય સુરક્ષિત કરવું એ આપણી નૈતિક જવાબદારી છે.

311 મંદિર નિર્માણનો સંકલ્પ લેનાર રાજ્યસભાના સાંસદ ગોવિંદ ધોળકિયાએ જણાવ્યું હતું કે, સહયોગી દાતાઓના ટીપમાં 200 પરિવારો મંદિર નિર્માણના યજ્ઞમાં જોડાઈ ગયા છે. 311 મંદિરો પૈકી 200 મંદિરોનું નિર્માણ પૂર્ણ થઈ ચૂક્યું છે, જેમાં 175 મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થઈ ચૂકી છે. હનુમાન મંદિર નિર્માણના પ્રેરણામૂર્તિ ડાંગના પ્રયોશા પ્રતિષ્ઠાનના સંસ્થાપકશ્રી પી.પી.સ્વામીજીએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં મંદિર નિર્માણના યજ્ઞ સમાન કાર્યની રૂપરેખા આપી પ્રસન્નતા વ્યક્ત કરી હતી.દાતા અને અગ્રણી ઉદ્યોગપતિ રાકેશ દુધાતે હતું કે, 2017માં પૂ. પી.પી. સ્વામીજી અને ગોવિંદકાકાના ડાંગ પ્રવાસ દરમિયાન થયેલી ચર્ચા અને આસ્થાના પરિપાક રૂપે 311 હનુમાન મંદિર નિર્માણ ભગીરથ કાર્યનો આરંભ થયો છે. જે અંતર્ગત ડાંગના ગામેગામ હનુમાનજી ભવનના લોકાર્પણ અને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ હાલ ઉજવાઈ રહ્યા છે. આ વેળાએ રામનાથ કોવિંદના હસ્તે શ્રીમદ્ ભાગવત ગીતાના આદર્શ જીવનસંદેશને જન જન સુધી લઈ જવા માટે શ્રી ગીતા જ્ઞાન રથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# ઈન્ડિયન વેલ્સ સેમિફાઈનલમાં અલ્કારેઝ હાર્યો : મેદવેદેવે 6-3, 7-6 થી હરાવ્યો

## વુમન્સ સિંગલ્સની ફાઇનલમાં આર્યના સબાલેન્કા પહોંચી; રાયબાકીના સામે થશે મુકાબલો



કેલિફોર્નિયામાં ચાલી રહેલા ઈન્ડિયન વેલ્સ ઓપનમાં મોટો અપસેટ જોવા મળ્યો છે. વર્લ્ડ નંબર-1 ટેનિસ ખેલાડી કાર્લોસ અલ્કારેઝને મેન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો છે. રશિયાના ડેનિયલ મેદવેદેવે અલ્કારેઝને સીધા સેટમાં હરાવીને ટુર્નામેન્ટમાંથી બહાર કરી દીધો.અલ્કારેઝે વર્ષનો પહેલો ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપન પોતાના નામે કર્યો હતો. જ્યારે, વુમન્સ સિંગલ્સમાં ટોપ સીડ આર્યના સબાલેન્કાએ પોતાનું શાનદાર ફોર્મ જાળવી રાખીને ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. હવે ટાઇટલ માટે તેનો મુકાબલો એલિના રાયબાકિના સાથે થશેમેન્સ સિંગલ્સની પહેલી સેમિફાઈનલમાં ડેનિયલ મેદવેદેવે કાર્લોસ અલ્કારેઝને 6-3, 7-6(3) થી હરાવ્યો. રશિયન ખેલાડીએ પહેલા સેટમાં શરૂઆતી બ્રેક લઈને મેચ પર નિયંત્રણ મેળવી લીધું અને પહેલો સેટ 6-3 થી પોતાના નામે કર્યો. સેટમાં અલ્કારેઝે વાપસી કરવાનો પ્રયાસ કર્યો અને રમતને ટાઈ-બ્રેકર સુધી ખેંચી ગયો. જોકે, ટાઈ-બ્રેકમાં મેદવેદેવે પોતાના અનુભવનો ઉપયોગ કરીને 7-6(3) થી જીત મેળવી અને ફાઈનલની ટિકિટ પાકી કરી. ડેનિયલ મેદવેદેવે કાર્લોસ અલ્કારેઝને 6-3, 7-6(3) થી હરાવીને ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. જાનિક સિનર સામે થશે મેદવેદેવનો ફાઈનલ મુકાબલોખિતાબી મુકાબલામાં મેદવેદવ સામે વર્લ્ડ નંબર-2 જાનિક સિનરનો પડકાર હશે. સિનરે બીજી સેમિફાઈનલમાં જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવને એકતરફી અંદાજમાં 6-2, 6-4 થી હરાવ્યો. ઝ્વેરેવ ATP માસ્ટર્સ-1000ની તમામ નવ ટુર્નામેન્ટમાં સેમિફાઈનલ રમનાર માત્ર પાંચમો ખેલાડી છે. તેની પહેલાં રાફેલ નડાલ, નોવાક યોકોવિચ, રોજર ફેડરર અને એન્ડી મરેએ આ સિદ્ધિ હાંસલ કરી હતી.

સિનરે બીજી સેમિફાઈનલમાં જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવને એકતરફી અંદાજમાં 6-2, 6-4 થી હરાવીને ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું.સિનરે બીજી સેમિફાઈનલમાં જર્મનીના એલેક્ઝાન્ડર ઝ્વેરેવને એકતરફી અંદાજમાં 6-2, 6-4 થી હરાવીને ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. વુમન્સ સિંગલ્સ સેમિફાઈનલમાં બેલારુસની આર્યના સબાલેન્કાનું પ્રભુત્વ જોવા મળ્યું. તેણે ચેક રિપબ્લિકની લિન્ડા નોસ્કોવાને 6-3, 6-4 થી હરાવી. આર્યના સબાલેન્કા ઓસ્ટ્રેલિયન ઓપનના ફાઈનલમાં પણ એલિના રાયબાકિના સામે ટકરાઈ હતી.બીજી મહિલા સેમિફાઈનલમાં કઝાકિસ્તાનની એલિના રાયબાકિનાએ યુક્રેનની એલિના સ્વિટોલિનાને સખત મુકાબલામાં 7-5, 6-4 થી હરાવી. પ્રથમ સેટમાં બંને ખેલાડીઓ વચ્ચે બરાબરીની ટક્કર જોવા મળી, પરંતુ રાયબાકિનાએ મહત્વપૂર્ણ તકો પર બ્રેક પોઈન્ટ મેળવીને સેટ પોતાના નામે કર્યો. બીજા સેટમાં પણ તેણે પોતાની લય જાળવી રાખી અને જીત મેળવીને સબાલેન્કા સાથે ટાઈટલની ટક્કર નક્કી કરી.

રિસેપ્શન

### કુલદીપ યાદવનાં ગ્રાન્ડ રિસેપ્શનમાં વિરાટ-ધોની હાજરી આપશે

# લખનઉના 'ધ સેન્ટ્રમ'માં CM યોગી સહિત 800 મહેમાનો માટે 5 હજારની એક થાળી, 52 ડિશ અને લાઈવ કુકિંગ સ્ટેશન

## ટીમ ઈન્ડિયાના સ્પિનર કુલદીપ યાદવે 14 માર્ચે પોતાની નાનપણની ફ્રેન્ડ વંશિકા સિંહ સાથે મસૂરીમાં લગ્ન કર્યા છે

• લખનઉ



ટીમ ઈન્ડિયાના સ્પિનર કુલદીપ યાદવે 14 માર્ચે પોતાની નાનપણની ફ્રેન્ડ વંશિકા સિંહ સાથે મસૂરીમાં લગ્ન કર્યા છે. હવે 17 માર્ચે લખનઉની લક્ઝરી હોટેલ 'ધ સેન્ટ્રમ'માં ગ્રાન્ડ રિસેપ્શન યોજાશે, જેના માટે બંનેના પરિવાર મસૂરીથી રવાના થઈ ગયા છે.જ્યારે, લખનઉમાં હોટેલ સ્ટાફે પણ આ ખાસ આયોજન માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે.આ શાહી આયોજનને લઈને હોટેલ સૂત્રો અને પરિવારના નજીકના લોકો સાથે વાતચીત કરી છે. જેમાં આ રિસેપ્શનનું બજેટ, મહેમાનોની યાદી, ભોજનનું મેન્યુ અને ડેકોરેશનની જે વિગતો સામે આવી છે, તે કોઈ શાહી લગ્નથી ઓછું નથી. આવો, તમને ક્રમબદ્ધ રીતે જણાવીએ કે કુલદીપ યાદવના આ ગ્રાન્ડ રિસેપ્શનમાં શું-શું ખાસ થવાનું છે.ડિનરમાં પ્લેટિનમ મેનુ હશે, જેમાં 52 સ્વાદિષ્ટ વાનગીઓ પીરસવામાં આવશે.ડિનરમાં પ્લેટિનમ મેનુ હશે, જેમાં 52 સ્વાદિષ્ટ વાનગીઓ પીરસવામાં આવશે.CM યોગી-જય શાહ સહિત 800થી વધુ મહેમાનો હાજરી આપશેજાણકારી અનુસાર, આ ભવ્ય રિસેપ્શનમાં લગભગ 800થી વધુ મહેમાનો માટે વ્યવસ્થા કરવામાં આવી છે. રિસેપ્શનમાં મહેન્દ્ર સિંહ ધોની, વિરાટ કોહલી, રોહિત શર્મા અને ICC ચેરમેન જય શાહ પણ હાજર રહેશે.જ્યારે, રાજકારણના ક્ષેત્રમાંથી ઉત્તરપ્રદેશના CM યોગી આદિત્યનાથ, પૂર્વ મુખ્યમંત્રી અને સપા પ્રમુખ અખિલેશ યાદવ, યુપી વિધાનસભા અધ્યક્ષ સતીશ મહાના, કાનપુરના સાંસદ રમેશ અવસ્થી સહિત રાજકારણના ઘણા મોટા ચહેરાઓ હાજર રહેશે. હોટેલમાં લાઈવ કુકિંગ સ્ટેશનની પણ વ્યવસ્થા છે, જેમાં મહેમાનો જાતે પણ રસોઈ બનાવવાનો અનુભવ લઈ શકે છે.હોટેલમાં લાઈવ કુકિંગ સ્ટેશનની પણ વ્યવસ્થા છે, જેમાં મહેમાનો જાતે પણ રસોઈ બનાવવાનો અનુભવ લઈ શકે છે.સમગ્ર આયોજન માટે હોટલનું એક દિવસનું ભાડું 26 લાખ રૂપિયા છે. વેન્યુને શાહી મહેલનો લુક આપવા માટે 7 લાખ રૂપિયા માત્ર ફૂલ, લાઈટ્સ અને સ્ટેજની સજાવટ પર ખર્ચ કરવામાં આવી રહ્યા છે. ખાવા-પીવા, રૂમના ભાડા, જગ્યા અને સજાવટનો ખર્ચ 33 લાખ રૂપિયાથી વધુ છે.પરિવારના નજીકના સૂત્રોનું માનીએ તો મહેમાનોની આગતા-સ્વાગતામાં કોઈ કમી ન રહે, તે માટે હોટલના ખાસ 'પ્લેટિનમ' પેકેજની પસંદગી કરવામાં આવી છે. પ્લેટિનમ મિક્સ ડિનર હોટલનું સૌથી ભવ્ય પેકેજ છે, જેમાં એક પ્લેટની કિંમત 5000 રૂપિયા (+ ટેક્સ) છે.આમાં મહેમાનોને 52 શાનદાર ડિશની સાથે-સાથે લાઈવ કુકિંગ સ્ટેશનની સુવિધા પણ મળશે. આ પેકેજમાં 8 વેલકમ ડ્રિંક્સ, 2 લાઈવ કુકિંગ સ્ટેશન, 1 વેજ બિરયાની અને 3 પ્રીમિયમ આઈસ્ક્રીમ સહિત કુલ 52 ડિશનો સમાવેશ કરવામાં આવ્યો છે.હોટલ તરફથી 200mlની બ્રાન્ડેડ પાણીની બોટલો સર્વ કરવામાં આવશે, જેમાં હિમાલયાઝ કે વેદિકા જેવી પ્રીમિયમ બ્રાન્ડ રાખવામાં આવી છે. ડિનરની સંપૂર્ણ વ્યવસ્થા બુફે સિસ્ટમ પર હશે.આ ભવ્ય રિસેપ્શન માટે હોટલના સૌથી મોટા અને ભવ્ય સ્થળનો ઉપયોગ કરવામાં આવ્યો છે. લેબર્નમ લૉન હોટલનો સૌથી મોટો ખુલ્લો ભાગ છે. અહીં 800થી વધુ મહેમાનો હાજર રહેશે. જ્યારે, VVIP મહેમાનોના રોકાણ માટે 'ધ સેન્ટ્રમ'માં એક્ઝિક્યુટિવ સ્યુટ બુક કરવામાં આવ્યા છે, જેનું એક દિવસનું ભાડું 30,000 રૂપિયા છે.જ્યારે સંબંધીઓ અને પરિવારના સભ્યો માટે ડીલક્સ અને પ્રીમિયમ રૂમ બુક છે.જેનું ભાડું આશરે 16,000 રૂપિયા છે. હોટલના સેન્ટ્રમ વિલાને મોટા સ્ટાર્સ અને રાજકારણીઓ માટે બુક કરવામાં આવ્યું છે. જેનું ભાડું 45,000 રૂપિયા છે.

### પંડ્યાનો નવાબી અંદાજ જોઈને ફેન્સ ઓળઘોળ

# હાર્દિકે કરોડોની કાર ખરીદી, :ફેરારી 12 સિલિન્ડ્રી કારમાં ગર્લફ્રેન્ડ માહિકા સાથે રાઈડ પર નીકળ્યો

## ફેરારી 12 સિલિન્ડ્રી કંપનીની નવી V12 ગ્રાન્ડ-ટૂરિંગ સુપરકાર છે, જે ખાસ કરીને અમીર ખરીદદારો માટે ડિઝાઇન કરવામાં આવી છે



ઈન્ડિયન ટીમે સૂર્યકુમાર યાદવની આગેવાનીમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ICC મેન્સ T20 વર્લ્ડ કપ જીત્યો. T20 વર્લ્ડ કપની જીતમાં હાર્દિક પંડ્યાએ પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. હાર્દિકે વર્લ્ડ કપ જીત્યા બાદ એક લક્ઝરી કાર ખરીદી છે.ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ પોતાના લક્ઝરી કાર કલેક્શનમાં વધુ એક શાનદાર કાર ઉમેરી છે. T20 વર્લ્ડ કપ 2026માં ટીમ ઈન્ડિયાની ઐતિહાસિક જીત બાદ હાર્દિક પંડ્યાએ ફેરારી 12 સિલિન્ડ્રી (Ferrari 12Cilindri) ખરીદી છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા એક વીડિયોમાં હાર્દિક પંડ્યા આ નવી ફેરારી ડ્રાઈવ કરતો જોવા મળ્યો હતો. હાર્દિકની ગર્લફ્રેન્ડ માહિકા શર્મા પણ તેની સાથે હતી. વીડિયોમાં બ્લેક રંગની આ શાનદાર કન્વર્ટિબલ ફેરારી દેખાઈ રહી છે, જેમાં હાર્દિક અને માહિકા બેઠેલા છે. આ કાર ટુ-સીટર છે અને ભારતમાં અત્યંત દુર્લભ માનવામાં આવે છે.ફેરારી 12 સિલિન્ડ્રી કંપનીની નવી V12 ગ્રાન્ડ-ટૂરિંગ સુપરકાર છે, જે ખાસ કરીને અમીર ખરીદદારો માટે ડિઝાઈન કરવામાં આવી છે. તેની ઓન-રોડ કિંમત 10 કરોડ રૂપિયાથી વધુ છે. આ કારની ટોપ સ્પીડ અંદાજે 340-350 કિમી/કલાક છે અને માત્ર 2.9 સેકન્ડમાં આ કાર 100 કિમી પ્રતિ કલાકની ઝડપ પકડી શકે છે. આ ફેરારીની એવી સુપરકાર્સમાંથી એક છે જેમાં પ્યોર V12 એન્જિન આપવામાં આવ્યું છે અને તેમાં હાઈબ્રિડ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો નથી.

હાર્દિક પંડ્યાએ T20 વર્લ્ડ કપ 2026માં ભારતીય ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. હાર્દિકે 9 મેચમાં 27.12ની એવરેજથી 217 રન બનાવ્યા હતા, જેમાં બે અડધી સદી સામેલ હતી. જ્યારે બોલિંગમાં તેણે 32.33ની એવરેજથી 9 વિકેટ ઝડપી હતી. તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલી તસવીરોમાં નતાશા સ્ટેનકોવિક અને અગસ્ત્ય એક લક્ઝરી Land Rover Defender સાથે પોઝ આપતા જોવા મળ્યા હતા. આ લક્ઝરી કારની કિંમત અંદાજે 4 કરોડ હોવાનું મનાય છે.ગાડીના વિક્રેતાએ શેર કરેલી પોસ્ટમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, હાર્દિક પંડ્યાએ ફરી એકવાર તેમના પર વિશ્વાસ મૂકીને આ શાનદાર ગાડી ખરીદી છે. આ ગાડી ખાસ કરીને અગસ્ત્ય પંડ્યા અને નતાશા સ્ટેનકોવિક માટે છે. ફેન્સ આ ગ્રાન્ડ જેસ્ચર હાર્દિક તરફથી તેના દીકરા અને એક્સ વાઈફને ગિફ્ટ કરવામાં આવી છે. ઉપરાંત પાછળ એક પોસ્ટર જોવા મળી રહ્યું છે, જેના પર લખ્યું હતું- 'Papa to Agastya' હાર્દિક પંડ્યા પાસે પહેલેથી જ ઘણી મોંઘી અને હાઈ પરફોર્મન્સ કારો છે. તેના ગેરેજમાં રોલ્સ રોયસ ફેન્ટમ, લેમ્બોર્ગિની હુરાકાન EVO, લેમ્બોર્ગિની ઉરુસ, મર્સિડીઝ-AMG G63, રેન્જ રોવર વોગ અને ઓડી A6 જેવી ગાડીઓ સામેલ છે.

# ઈરાન મહિલા ફૂટબોલ ટીમની 3 વધુ સભ્યો પરત ફરશે ઓસ્ટ્રેલિયામાં શરણાર્થી તરીકે રહેવાનો નિર્ણય બદલ્યો



ઓસ્ટ્રેલિયામાં શરણ લેવાનો નિર્ણય કરનારી સાત ઈરાની મહિલા ફૂટબોલ ટીમની ત્રણ ખેલાડીઓએ પોતાનો નિર્ણય બદલી નાખ્યો છે અને હવે તેઓ પોતાના દેશ ઈરાન પરત ફરી રહી છે. ઓસ્ટ્રેલિયાના ગૃહ મંત્રી ટોની બર્કે રવિવારે જાહેર કરેલા નિવેદનમાં તેની પુષ્ટિ કરી. આ ત્રણ ખેલાડીઓના પરત ફર્યા પછી, હવે ફક્ત ચાર ખેલાડીઓ જ ઓસ્ટ્રેલિયામાં રહી ગઈ છે. હકીકતમાં, એશિયા કપ દરમિયાન સાઉથ કોરિયા સામેની મેચમાં ઈરાની ટીમે પોતાનું રાષ્ટ્રગાન ગાયું ન હતું. ત્યારબાદ ઈરાનમાં કેટલાક લોકોએ ટીમની સખત ટીકા કરી અને ખેલાડીઓ વિરુદ્ધ કડક કાર્યવાહીની માગ કરી. આ જ ડરને કારણે પહેલા પાંચ ખેલાડીઓએ અને પછી ટીમના અન્ય બે સભ્યોએ ઓસ્ટ્રેલિયન સરકાર પાસે શરણ માગી હતી. ઓસ્ટ્રેલિયાએ તેમને માનવીય આધાર પર વિઝા આપીને દેશમાં રહેવાની મંજૂરી આપી હતી. ટીમમાં કુલ 26 ખેલાડીઓ અને સ્ટાફ હાજર હતા, પરંતુ સાત ખેલાડીઓએ જ શરણ માગી હતી.ગૃહમંત્રી ટોની બર્કે જણાવ્યું કે શનિવારે રાત્રે ઈરાની ટીમના ત્રણ સભ્યોએ બાકીની ટીમ સાથે જોડાવા અને ઈરાન પાછા જવાનો નિર્ણય કર્યો. બર્ક અનુસાર, જ્યારે આ ખેલાડીઓએ ઓસ્ટ્રેલિયન અધિકારીઓને પોતાના નિર્ણય વિશે જણાવ્યું, ત્યારે તેમને પોતાની પસંદ અને વિકલ્પો પર ફરીથી વિચાર કરવા માટે ઘણી તક આપી, જેથી તેઓ કોઈપણ દબાણ વિના નિર્ણય લઈ શકે.સરકારી અધિકારીઓ અનુસાર, શનિવારે રાત્રે ત્રણ સભ્યો સિડનીથી કુઆલાલંપુર (મલેશિયા) માટે રવાના થયા. ઈરાનની ટીમ ઓસ્ટ્રેલિયાથી નીકળ્યા પછી કુઆલાલંપુરમાં જ રોકાઈ છે. ઈરાનની તસ્નીમ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું કે પરત ફરનારા આ ત્રણ સભ્યોમાં બે ખેલાડી અને એક સપોર્ટ સ્ટાફ સામેલ છે.ખેલાડીઓના પાછા ફરવાના નિર્ણય પર ઈરાનની ન્યૂઝ એજન્સીએ તીખી પ્રતિક્રિયા આપી છે. તસ્નીમ ન્યૂઝ એજન્સીએ તેને 'અમેરિકી-ઓસ્ટ્રેલિયન પ્રોજેક્ટ'ની શરમજનક હાર ગણાવી છે. સાથે જ તેને ડોનાલ્ડ ટ્રમ્પ માટે વધુ એક નિષ્ફળતા ગણાવી છે. હાલમાં ઓસ્ટ્રેલિયામાં બચેલા ત્રણ સભ્યોના ભવિષ્ય અંગે હજુ કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી.

# IPL 2026ના સૌથી વધુ વય ધરાવતા ટોપ-10 ખેલાડીઓમાં 7 ભારતીય દિગ્ગજો સામેલ

## રસપ્રદ વાત એ છે કે, આ વખતે સૌથી વયસ્ક ટોપ-10 ખેલાડીઓની યાદીમાં ભારતીય ક્રિકેટના બે દિગ્ગજ સુપરસ્ટાર રોહિત શર્મા અને વિરાટ કોહલી પણ સામેલ છે

IPL 2026ની શરૂઆત આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. આગામી 28 માર્ચના રોજ રોયલ ચેલેન્જર્સ બેંગલોર(RCB) અને સનરાઈઝર્સ હૈદરાબાદ(SRH) વચ્ચેના મુકાબલાથી આ ધમાકેદાર ટુર્નામેન્ટનો પ્રારંભ થશે. આ સીઝન શરૂ થાય તે પહેલાં સૌથી વધુ ચર્ચા આ લીગના સૌથી વયસ્ક ખેલાડીઓની થઈ રહી છે. આ યાદીમાં સૌથી મોટું નામ ચેન્નઈ સુપર કિંગ્સના પૂર્વ કેપ્ટન એમએસ ધોનીનું છે, જે 44 વર્ષની વયે મેદાનમાં ઉતરશે. એવી પણ અટકળો તેજ બની છે કે 7 જુલાઈએ 45 વર્ષના થનારા ધોની માટે આ કદાચ છેલ્લી આઈપીએલ સીઝન હોઈ શકે છે.

રસપ્રદ વાત એ છે કે, આ વખતે સૌથી વયસ્ક ટોપ-10 ખેલાડીઓની યાદીમાં ભારતીય ક્રિકેટના બે દિગ્ગજ સુપરસ્ટાર રોહિત શર્મા અને વિરાટ કોહલી પણ સામેલ છે. 'હિટમેન' રોહિત શર્મા 38 વર્ષની ઉંમરે આ સીઝન રમશે અને આ લિસ્ટમાં બીજા ક્રમે છે, જ્યારે વિરાટ કોહલી 37 વર્ષની ઉંમરે આ યાદીમાં ત્રીજા ક્રમે છે. કોહલી ઉપરાંત સુનીલ નરેન, અજિંક્ય રહાણે અને ઈશાંત શર્મા જેવા ખેલાડીઓ પણ 37 વર્ષની વયે આ ટુર્નામેન્ટમાં પોતાનો જાદુ વિખેરવા તૈયાર છે.આ યાદીમાં અન્ય એક મોટો ફેરફાર રવીન્દ્ર જાડેજાના રૂપમાં જોવા મળ્યો છે. 36 વર્ષીય જાડેજા આ વખતે પીળી જર્સીમાં નહીં, પરંતુ રાજસ્થાન રોયલ્સની ગુલાબી જર્સીમાં રમતા જોવા મળશે, કારણ કે CSKએ સંજુ સેમસનના બદલામાં તેને ટ્રેડ કર્યો છે. આ ઉપરાંત મિચેલ સ્ટાર્ક, મોહમ્મદ શમી અને ભુવનેશ્વર કુમાર જેવા અનુભવી બોલરો પણ 35 વર્ષની વયે આ લીગમાં ભાગ લઈ રહ્યા છે. આ વયસ્ક ખેલાડીઓનો અનુભવ મેદાન પર યુવા ખેલાડીઓ માટે પડકારરૂપ સાબિત થઈ શકે છે.

# ગિલ-મંધાના બેસ્ટ ઈન્ટરનેશનલ ક્રિકેટર ઓફ ધ યર:2 વર્ષમાં ICC ટ્રોફી જીતનારી પાંચેય ટીમો સન્માનિત, દ્રવિડ-મિથાલીને લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ

• નવી દિલ્હી

ભારતીય કેપ્ટન શુભમન ગિલ અને સ્મૃતિ મંધાનાને રવિવારે BCCI ઈન્ટરનેશનલ ક્રિકેટર ઓફ ધ યર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ સાથે BCCI દ્વારા 1983 વર્લ્ડકપ વિજેતા ટીમના સભ્ય રોજર બિન્ની અને પૂર્વ કેપ્ટન રાહુલ દ્રવિડને કર્નલ સીકે નાયડુ લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. BCCI રવિવારે દિલ્હીમાં નમન એવોર્ડ 2026નું આયોજન કર્યું. આ દરમિયાન ભારતીય મહિલા ટીમના પૂર્વ કેપ્ટન મિતાલી રાજને BCCI લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો. આ સાથે અંડર-19 ટીમના કેપ્ટન આયુષ મ્હાત્રેને ડોમેસ્ટિકમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે લાલા અમરનાથ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા. આ ઉપરાંત 2024-26 સુધીમાં 5 ICC ટુર્નામેન્ટ જીતનારી પાંચેય ટીમોને સન્માનિત કરવામાં આવી. આમાં મેન્સ ટી-20 વર્લ્ડકપ, ચેમ્પિયન્સ ટ્રોફી, વુમન્સ વર્લ્ડકપ ઉપરાંત, અંડર-19 વર્લ્ડ કપ જીતનારી મેન્સ-વુમન્સ ટીમોનો સમાવેશ થાય છે. આ સાથે અંડર-19 ટીમના કેપ્ટન આયુષ મ્હાત્રેને ડોમેસ્ટિકમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે લાલા અમરનાથ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા. આ ઉપરાંત 2024-26 સુધીમાં 5 ICC ટુર્નામેન્ટ જીતનારી પાંચેય ટીમોને સન્માનિત કરવામાં આવી. આમાં મેન્સ ટી-20 વર્લ્ડકપ, ચેમ્પિયન્સ ટ્રોફી, વુમન્સ વર્લ્ડકપ ઉપરાંત, અંડર-19 વર્લ્ડ કપ જીતનારી મેન્સ-વુમન્સ ટીમોનો સમાવેશ થાય છે.

### સીરિઝ ગુમાવ્યા બાદ પાકિસ્તાને નોંધાવી ફરિયાદ

# બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે વધ્યો વિવાદ! સીરિઝ ગુમાવ્યા બાદ પાકિસ્તાને નોંધાવી ફરિયાદ



પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે ત્રણ મેચની વનડે સીરિઝનો છેલ્લો મુકાબલો મીરપુર (ઢાકા)ના શેર-એ-બાંગ્લા નેશનલ સ્ટેડિયમમાં રમાયો હતો. રવિવાર, 15 માર્ચના રોજ રમાયેલી આ હાઈ-વોલ્ટેજ મેચમાં બાંગ્લાદેશે પાકિસ્તાનને 11 રનથી હરાવીને સીરિઝ 2-1થી પોતાના નામે કરી લીધી હતી. બાંગ્લાદેશે 11 વર્ષ બાદ પાકિસ્તાન સામે વનડે સીરિઝ જીતી, પરંતુ મેચની અંતિમ ઓવરમાં થયેલા DRSને લઈને વિવાદ ઉભો થયો છે. એક અહેવાલ પ્રમાણે હાર બાદ પાકિસ્તાની ટીમે આ મામલે ICCના મેચ રેફરી નિયામુર રશીદ સામે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. આ પહેલા વનડે સીરિઝની પ્રથમ મેચમાં સલમાન અલી આગાને બાંગ્લાદેશી કેપ્ટન મેહદી હસન મિરાઝે રન આઉટ કર્યો હતો, જેના કારણે ખૂબ હોબાળો મચ્યો હતો.

પાકિસ્તાની ટીમનો આરોપ છે કે, ત્રીજી વનડે દરમિયાન છેલ્લી ઓવરમાં બાંગ્લાદેશને ખોટી રીતે રિવ્યૂ લેવાની મંજૂરી આપવામાં આવી હતી. આ ઘટના પાકિસ્તાનની ઈનિંગ્સની છેલ્લી ઓવરના પાંચમા બોલ પર બની હતી. તે સમયે બાંગ્લાદેશી સ્પિનર રિશાદ હુસૈન બોલિંગ કરી રહ્યો હતો અને પાકિસ્તાની કેપ્ટન શાહીન શાહ આફ્રિદી તેની સામે હતો. શ્રીલંકાના અમ્પાયર કુમાર ધર્મસેનાએ આ બોલને વાઈડ ગણાવ્યો હતો, પરંતુ બાંગ્લાદેશના વિકેટકીપર લિટન દાસ અને બોલરને લાગ્યું કે બેટ્સમેન LBW થવાની શક્યતા છે.ત્યારબાદ બાંગ્લાદેશે રિવ્યૂ લીધો, જેને અમ્પાયરે સ્વીકારી લીધો. પાકિસ્તાની ટીમનું કહેવું છે કે, વાઈડના નિર્ણય પર રિવ્યૂ ન લઈ શકાય અને બાંગ્લાદેશે જાયન્ટ સ્ક્રીન પર રિપ્લે જોયા બાદ રિવ્યૂ લીધો. પાકિસ્તાની ટીમ એ વાતથી પણ નારાજ છે કે રિવ્યૂ લેવા માટે 15 સેકન્ડની સમય મર્યાદા પણ પસાર થઈ ગઈ હતી. જોકે, ટીવી પ્રસારણ પર કોઈ ટાઈમર નહોતું દેખાયું, તેથી રિવ્યૂ સમયસર લેવામાં આવ્યો હતો કે નહીં તેની પુષ્ટિ થઈ શકી નથી.

### 80 લાખનો ડ્રેસ અને કરોડોની જ્વેલરી!

# ઓસ્કરમાં ઈશા અંબાણી અને પ્રિયંકાનો 'રોયલ ઠાઠ' જોઈ હોલિવૂડની આંખો અંજાઈ

**હોલિવૂડનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ શો 'ઓસ્કર 2026' લોસ એન્જલસના ડોલ્બી થિયેટરમાં ધામધૂમથી યોજાયો. આ વર્ષે રેડ કાર્પેટ પર માત્ર હોલિવૂડ જ નહીં,**

હોલિવૂડનો સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ શો 'ઓસ્કર 2026' લોસ એન્જલસના ડોલ્બી થિયેટરમાં ધામધૂમથી યોજાયો. આ વર્ષે રેડ કાર્પેટ પર માત્ર હોલિવૂડ જ નહીં, પરંતુ ભારતીય સેલેબ્સ પણ લાઈમલાઈટમાં રહ્યા. બિઝનેસ વુમન ઈશા અંબાણીથી લઈને ગ્લોબલ આઈકોન પ્રિયંકા ચોપરા સુધી, દરેકના લુકની ચર્ચા સોશિયલ મીડિયા પર થઈ રહી છે.

ઈશા અંબાણીએ પતિ આનંદ પીરામલ સાથે ઓસ્કરના રેડ કાર્પેટ પર શાનદાર ડેબ્યૂ કર્યું. ઈશાના ગાઉન પર મલ્ટી કલરની ફ્લોરલ એમ્બ્રોઈડરી કરવામાં આવી હતી. તેના લુકમાં જેણે સૌથી વધુ ધ્યાન ખેંચ્યું તે હતું લોરેન શ્વાર્ટ્ઝનું ડાયમંડ પૂરિત વેલ્વેટ ચોકર અને સ્ટેટમેન્ટ ઈયરરિંગ્સ. સબટલ મેકઅપ અને ક્લાસી હેરસ્ટાઈલમાં ઈશા અત્યંત







ગ્રેસફુલ લાગી રહી હતી.

ઈશાએ વેલેન્ટિનોના ફોલ 2006 કોચર કલેક્શનનું વિન્ટેજ બ્લેક અને ક્રીમ સ્ટ્રેપલેસ ગાઉન પહેર્યું હતું. વેલેન્ટિનોના કોચર ગાઉનની કિંમત સામાન્ય રીતે આશરે 40 લાખ થી 80 લાખની વચ્ચે હોય છે. લોરેન શ્વાર્ટ્ઝનું ડાયમંડ ચોકર પહેર્યું હતું. આ બ્રાન્ડની જ્વેલરી કરોડોમાં હોય છે. અંદાજે આ જ્વેલરી સેટની કિંમત 5 થી 10 કરોડ કે તેથી વધુ હોઈ શકે છે.આ 'વિન્ટેજ' અને 'રેર' પીસ હોવાથી 80 લાખથી વધુ કિંમત પણ હોઈ શકે છે. આ 'વિન્ટેજ' અને 'રેર' પીસ હોવાથી 80 લાખથી વધુ કિંમત પણ હોઈ શકે છે.પ્રિયંકા ચોપરા આ વખતેઓસ્કરમાં એવોર્ડ પ્રેઝન્ટર તરીકે જોવા મળી હતી. તેણે Dior નું સુંદર વ્હાઈટ સ્ટ્રેપલેસ ગાઉન પહેર્યું હતું, જેમાં ફેધર ડિટેલિંગ અને હાઈ સ્લિટ હતી. જોકે, સોશિયલ મીડિયા પર પ્રિયંકાના પતિ નિક જોનાસે વધારે વાહવાહી મેળવી. નિક જોનાસના કાંડા પર લાલ રંગનું રક્ષા સૂત્ર જોવા મળ્યું હતું, જે જોઈને ભારતીય ચાહકો ખુશ થઈ ગયા હતા. સોશિયલ મીડિયા પર નિકના આ 'દેશી ટચ'ના ખૂબ વખાણ થઈ રહ્યા છે.'દેશી' ગર્લના પતિનો દેશી અંદાજ

પ્રિયંકાનાં કસ્ટમ-મેડ વ્હાઈટ ગાઉનની કિંમત આશરે 80 લાખથી 1.6 કરોડની આસપાસ હોઈ શકે છે. પ્રિયંકાએ બુલગારીનો ડાયમંડ નેકલેસ પહેર્યો હતો. બુલગારીના હાઈ-જ્વેલરી કલેક્શનની કિંમત ઘણીવાર 10 કરોડથી શરૂ કરીને 50 કરોડ સુધી પહોંચી શકે છે.

### એક્ટિંગના જોરે નેશનલ એવોર્ડ સહિત 6 ફિલ્મફેર એવોર્ડ જીતી નૂતન-કાજોલના રેકોર્ડ તોડ્યા

# આલિયાએ પ્રેગ્નેન્સીમાં એક્શન સીન કર્યાં:નેપોટિઝમ પર ટ્રોલ થઈ



આલિયા ભટ્ટે વર્ષ 2012માં માત્ર 19 વર્ષની ઉંમરે 'સ્ટુડન્ટ ઓફ ધ યર'થી ફિલ્મોની દુનિયામાં પગ મૂક્યો અને ખૂબ જ ઓછા સમયમાં તેણે બોલિવૂડની ટોચની એક્ટ્રેસિસમાં સ્થાન પામ્યું. ફિલ્મોમાં તેનું ડેબ્યૂ ભલે સરળ રહ્યું હોય, પરંતુ ઈન્ડસ્ટ્રીમાં આવ્યા પછી તેને નેપોટિઝમ અને અન્ય કારણોસર ટ્રોલિંગ અને ટીકાનો સામનો પણ કરવો પડ્યો.જોકે, આ બધું હોવા છતાં, આલિયાએ પોતાની અદ્ભુત એક્ટિંગથી પોતાને સાબિત કરી. 'ઉડતા પંજાબ', 'રાઝી' અને 'ગંગૂબાઈ કાઠિયાવાડી' જેવી ફિલ્મોમાં શાનદાર અભિનયના દમ પર તેણે માત્ર દર્શકોનો પ્રેમ જ નહીં, પરંતુ ફિલ્મફેર એવોર્ડની સાથે-સાથે નેશનલ એવોર્ડ પણ પોતાના નામે કર્યો. આલિયાનો જન્મ 15 માર્ચ 1993ના રોજ મુંબઈમાં એક એવા પરિવારમાં થયો હતો, જે દાયકાઓથી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલો છે. તે ફિલ્મમેકર મહેશ ભટ્ટ અને એક્ટ્રેસ સોની રાઝદાનની દીકરી છે. સોની રાઝદાન મહેશ ભટ્ટની બીજી પત્ની છે. આ લગ્નથી તેમને બે દીકરીઓ, શાહીન અને આલિયા છે.

આલિયાના પિતા મહેશ ભટ્ટે 'સારાંશ' અને 'આશિકી' જેવી ફિલ્મોનું ડિરેક્શન કર્યું છે, જ્યારે માતા સોની રાઝદાને 'સડક' અને 'સારાંશ' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. આલિયાના પિતા મહેશ ભટ્ટે 'સારાંશ' અને 'આશિકી' જેવી ફિલ્મોનું ડિરેક્શન કર્યું છે, જ્યારે માતા સોની રાઝદાને 'સડક' અને 'સારાંશ' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. આલિયા પ્રખ્યાત પ્રોડ્યુસર-ડિરેક્ટર નાનાભાઈ ભટ્ટની પૌત્રી છે. નાનાભાઈએ 'મિસ્ટર એક્સ' (1957), 'ઝિમ્બો કમ્સ ટુ ટાઉન' (1960) અને 'લાલ કિલ્લા' (1960) જેવી ઘણી ફિલ્મો બનાવી છે. જ્યારે 'દિલ હૈ કી માનતા નહીં' ફેમ એક્ટ્રેસ પૂજા ભટ્ટ અને રાહુલ ભટ્ટ તેના સાવકા ભાઈ-બહેન છે. જ્યારે એક્ટર ઈમરાન હાશ્મી અને ડિરેક્ટર મોહિત સૂરી તેના પિતરાઈ ભાઈઓ છે, જ્યારે પ્રોડ્યુસર મુકેશ ભટ્ટ તેના કાકા છે.

આલિયાના પિતા મહેશ ભટ્ટ અને તેમના બેનર 'વિશેષ ફિલ્મ્સ' પ્રોડક્શન હાઉસે બોલિવૂડમાં ઘણા એવા કલાકારોને મોટો બ્રેક આપ્યો, જેમનો ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે પહેલા કોઈ સંબંધ નહોતો. આ કલાકારોમાં અનુપમ ખેર, કંગના રનૌત, આશુતોષ રાણા અને બિપાશા બાસુ જેવા નામ સામેલ છે. જોકે, જ્યારે મહેશ ભટ્ટની દીકરી આલિયાએ ફિલ્મોમાં પગ મૂક્યો, ત્યારે તેની સાથે 'નેપોટિઝમ'નો ટેગ જોડાઈ ગયો.

આલિયા ભટ્ટ અને મહેશ ભટ્ટે મુખ્યત્વે ફિલ્મ 'સડક 2' (2020) માં એકસાથે કામ કર્યું છે. આલિયા ભટ્ટ અને મહેશ ભટ્ટે મુખ્યત્વે ફિલ્મ 'સડક 2' (2020) માં એકસાથે કામ કર્યું છેઆલિયાએ 2012માં કરણ જોહરની ફિલ્મ 'સ્ટુડન્ટ ઑફ ધ યર'થી ડેબ્યૂ કર્યું હતું. તેના પિતા કે તેની સાથે સંકળાયેલા પ્રોડક્શન હાઉસે તેને લૉન્ચ કરી ન હતી, પરંતુ આલિયા ભટ્ટના ફિલ્મોમાં ડેબ્યૂ કર્યા પછી બોલિવૂડમાં સ્ટાર કિડ અને નેપોટિઝમ જેવા મુદ્દાઓ પર ચર્ચા થવા લાગી. બોલિવૂડમાં નેપોટિઝમનો અર્થ એ થાય છે કે, ભાઈ-ભત્રીજાવાદને કારણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીની બહારથી આવતા ટેલેન્ટેડ લોકોને સમાન તકો મળતી નથી.વર્ષ 2023માં 'હાર્પર બજાર અરેબિયા' (ફેશન મેગેઝિન)ને આપેલા ઈન્ટરવ્યુમાં પ્રિવિલેજ અને નેપોટિઝમ વિશે આલિયાએ કહ્યું હતું કે, તે તેને સ્વીકારે છે અને પોતાના કામને ક્યારેય હળવાશથી લેતી નથી. તે સમજે છે કે, કદાચ તેના માટે દરવાજામાંથી અંદર આવવું અન્ય કોઈ વ્યક્તિની સરખામણીમાં સરળ રહ્યું છે.

આલિયાએ એમ પણ કહ્યું હતું કે, તે આ વાત માને છે કે તેને આ ફાયદો મળ્યો છે. તેની પાસે તે પ્રિવિલેજ છે, આ જ કારણ છે કે તે દરરોજ પોતાનું 100 ટકા આપે છે અને પોતાના કામને ક્યારેય હળવાશથી લેતી નથી. તેના મતે, તે ફક્ત એટલું જ કરી શકે છે કે પોતાનું માથું નીચું રાખીને કામ કરતી રહે.તે જ સમયે, નેપોટિઝમ અને ટ્રોલિંગ વિશે આલિયાએ 'મિડ-ડે' સાથેની વાતચીતમાં એમ પણ કહ્યું હતું કે, 'હું દર વખતે શબ્દોમાં મારી સફાઈ આપી શકતી નથી. જો તમને હું પસંદ ન હોઉં, તો મને ન જુઓ. આમાં હું કંઈ કરી શકતી નથી. લોકો પાસે હંમેશા કંઈક ને કંઈક કહેવા માટે હોય છે. આશા છે કે મારી ફિલ્મો દ્વારા હું સાબિત કરી શકીશ કે, હું જે જગ્યાએ છું, તેની હકદાર છું.'વર્ષ 2013માં કરણ જોહરના શો 'કોફી વિથ કરણ'ના એક એપિસોડમાં આલિયા ભટ્ટ, સિદ્ધાર્થ મલ્હોત્રા અને વરુણ ધવન પહોંચ્યાં હતાં. શો દરમિયાન રેપિડ ફાયર રાઉન્ડમાં કરણ જોહરે પ્રશ્ન પૂછ્યો કે, ભારતના રાષ્ટ્રપતિ કોણ છે? તેના જવાબમાં આલિયાએ કહી દીધું, 'પૃથ્વીરાજ ચૌહાણ!'

### 'ગોવિંદા હજુ પણ બેસ્ટ એક્ટર છે'

# ડેવિડ ધવને કહ્યું- ટેલેન્ટના મામલે તેમનો કોઈ મુકાબલો નથી; સેટ પર મોડા આવવા મામલે બચાવ કર્યો



ડિરેક્ટર ડેવિડ ધવને કહ્યું છે કે- તેની સાથે કામ કરનારા કલાકારોમાં ગોવિંદા હજુ પણ બેસ્ટ એક્ટર છે. ડેવિડ તેના પુત્ર વરુણ સાથે 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ના ગ્રાન્ડ ફિનાલેમાં ગેસ્ટ બનીને પહોંચ્યા હતા. શો દરમિયાન ડેવિડે તેના જૂના મિત્ર ગોવિંદાના ખૂબ વખાણ કર્યા. તેણે ગોવિંદાના સેટ પર મોડા આવવાના સમાચારો પર તેનો બચાવ કર્યો અને જણાવ્યું કે કામના ટેલેન્ટના મામલે તેનો કોઈ મુકાબલો નથી. ડેવિડ ધવને ગોવિંદાના સેટ પર મોડા આવવાના જૂના વિવાદો પર પોતાનો અભિપ્રાય આપ્યો. તેણે કહ્યું- લોકો કહે છે ને કે તે સેટ પર મોડો આવે છે, આજે કોણ મોડું નથી આવતું? તે આવે છે અને પોતાનું કામ સંપૂર્ણપણે પૂરું કરીને જાય છે. ડેવિડે આગળ કહ્યું કે તેમણે બોલિવૂડના ઘણા મોટા સ્ટાર્સ સાથે કામ કર્યું છે, પરંતુ તે બધામાં ગોવિંદા તેમને આજે પણ શ્રેષ્ઠ લાગે છે. એપિસોડ દરમિયાન વરુણ ધવને જણાવ્યું કે તેમના પિતા આજે પણ ગોવિંદાના કામના ખૂબ મોટા ફેન છે. વરુણે કહ્યું, આજે પણ જ્યારે કોઈ નવો સીન લખવામાં આવે છે, ત્યારે પપ્પાને ચી ચી ભૈયા (ગોવિંદા) યાદ આવે છે. તે મને કહે છે કે જો ગોવિંદા અહીં હોત, તો તે આ કેવી રીતે કરત? તેઓ અવારનવાર મારી સરખામણી સલમાન ખાન, ગોવિંદા અને અનિલ કપૂર સાથે કરે છે.વરુણે મજાકિયા અંદાજમાં એ પણ જણાવ્યું કે જો સેટ પર કોઈ એક્ટર ખરાબ કામ કરે, તો ડેવિડ માઈક પર જ તેને 'ઠંડો એક્ટર' કહી દે છે. 'પાર્ટનર' ફિલ્મનો રસપ્રદ કિસ્સો સંભળાવ્યો ડેવિડે ફિલ્મ 'પાર્ટનર'ના શૂટિંગનો એક કિસ્સો શેર કર્યો. તેણે જણાવ્યું કે ગોવિંદાએ ચાર પાનાનો લાંબો સીન માત્ર એક જ વાર વાંચ્યો અને તેને એક જ ટેકમાં પૂરો કરી દીધો. ડેવિડે કહ્યું- તમે વિશ્વાસ નહીં કરો, તે ચાર પાનાનો સીન હતો. મેં શૉટ સેટ કરવાનું શરૂ કર્યું તો તેણે કહ્યું કે અત્યારે સેટ ન કરો, બસ મને પરફોર્મ કરતા જુઓ. તે સીનમાં તેણે એવી કરતબો બતાવી કે હું દંગ રહી ગયો. ગોવિંદા ખરેખર કમાલનો છે. ડેવિડ અને ગોવિંદાએ સાથે મળીને 'કુલી નંબર 1', 'સાજન ચલે સસુરાલ' અને 'હીરો નંબર 1' જેવી ઘણી બ્લોકબસ્ટર ફિલ્મો આપી. જોકે, પાછળથી તેમના સંબંધોમાં કડવાશ આવી ગઈ હતી. ગોવિંદાએ એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે તેમણે ડેવિડને 'ચશ્મે બદ્દૂર' ફિલ્મનો આઈડિયા આપ્યો હતો, પરંતુ ડેવિડે તેમને જાણ કર્યા વિના તે ફિલ્મ બીજા કોઈ સાથે બનાવી લીધી.વરુણે મજાકિયા અંદાજમાં એ પણ જણાવ્યું કે જો સેટ પર કોઈ એક્ટર ખરાબ કામ કરે, તો ડેવિડ માઈક પર જ તેને 'ઠંડો એક્ટર' કહી દે છે. 'પાર્ટનર' ફિલ્મનો રસપ્રદ કિસ્સો સંભળાવ્યો ડેવિડે ફિલ્મ 'પાર્ટનર'ના શૂટિંગનો એક કિસ્સો શેર કર્યો. તેણે જણાવ્યું કે ગોવિંદાએ ચાર પાનાનો લાંબો સીન માત્ર એક જ વાર વાંચ્યો અને તેને એક જ ટેકમાં પૂરો કરી દીધો. ડેવિડે કહ્યું- તમે વિશ્વાસ નહીં કરો, તે ચાર પાનાનો સીન હતો. મેં શૉટ સેટ કરવાનું શરૂ કર્યું તો તેણે કહ્યું કે અત્યારે સેટ ન કરો, બસ મને પરફોર્મ કરતા જુઓ. તે સીનમાં તેણે એવી કરતબો બતાવી કે હું દંગ રહી ગયો. ગોવિંદા ખરેખર કમાલનો છે. ડેવિડ અને ગોવિંદાએ સાથે મળીને 'કુલી નંબર 1', 'સાજન ચલે સસુરાલ' અને 'હીરો નંબર 1' જેવી ઘણી બ્લોકબસ્ટર ફિલ્મો આપી. જોકે, પાછળથી તેમના સંબંધોમાં કડવાશ આવી ગઈ હતી. ગોવિંદાએ એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે તેમણે ડેવિડને 'ચશ્મે બદ્દૂર' ફિલ્મનો આઈડિયા આપ્યો હતો, પરંતુ ડેવિડે તેમને જાણ કર્યા વિના તે ફિલ્મ બીજા કોઈ સાથે બનાવી લીધી. ગોવિંદાને આ વાતનું દુઃખ થયું કે તેમના જૂના મિત્રએ તેમને આ વિશે ફોન પણ ન કર્યો. આ પછી બંને વચ્ચે અંતર વધી ગયું.

### સોશિયલ મીડિયા પર ફોટો શેર કર્યો

# સલમાનને મળ્યા અખિલેશ યાદવ:પિતા સલીમ ખાનની તબિયત પૂછવા મુંબઈ આવ્યા



સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે રવિવારે બોલિવૂડ સ્ટાર સલમાન ખાન સાથે મુલાકાત કરી છે. અખિલેશ યાદવે પોતે સલમાન ખાન સાથેની પોતાની એક તસવીર ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અખિલેશ યાદવ સલમાનના પિતા સલીમ ખાનના સ્વાસ્થ્ય વિશે જાણવા પહોંચ્યા હતા. જોકે, આ મુલાકાતનું કોઈ સત્તાવાર કારણ હજુ સુધી સામે આવ્યું નથી.અખિલેશ યાદવ અને સલમાન ખાઅખિલેશ યાદવે આ મુલાકાતની તસવીર પોસ્ટ કરતા કેપ્શનમાં 'મુંબઈ મિલન' લખ્યું છે. ફોટોમાં બંને એકસાથે પોઝ આપતા જોવા મળી રહ્યા છે. પોસ્ટ થતા જ આ તસવીર વાઈરલ થઈ ગઈ અને થોડા જ કલાકોમાં તેને લાખો લાઈક્સ મળી ગયા. ત્યાં જ ચાહકો આ મુલાકાત પાછળના હેતુને લઈને અનેક અટકળો લગાવી રહ્યા છે.સલીમ ખાન સવારે મગજ સંબંધિત સમસ્યા પછી લીલાવતી હોસ્પિટલમાં દાખલ છે. સલીમ ખાન સવારે મગજ સંબંધિત સમસ્યા પછી લીલાવતી હોસ્પિટલમાં દાખલ છે.સલીમ ખાનને 17 ફેબ્રુઆરીના રોજ સવારે મગજ સંબંધિત સમસ્યા પછી લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેને સવારે લગભગ 8:30 વાગ્યે ઈમરજન્સીમાં લાવવામાં આવ્યા હતા. પ્રારંભિક તપાસ પછી, ડોકટરોની એક વિશેષ ટીમ બનાવવામાં આવી, જેણે તેની સ્થિતિનું મૂલ્યાંકન કર્યું.18 ફેબ્રુઆરીના રોજ લીલાવતી હોસ્પિટલના ડોક્ટર જલીલ પારકરે માહિતી આપી હતી કે સલીમ ખાનની ડિજિટલ સબસ્ટ્રેક્શન એન્જીયોગ્રાફી (DSA) કરવામાં આવી હતી. ડોકટરોના મતે, આ બ્રેઈન સર્જરી નથી. DSA એક અદ્યતન ડાયગ્નોસ્ટિક ટેસ્ટ છે, જેનાથી મગજની નસોની સ્થિતિ અને સંભવિત બ્લોકેજને સ્પષ્ટ રીતે જોઈ શકાય છે.સલમાન ખાનના પરિવાર સાથે અલગ-અલગ પક્ષોના રાજકારણીઓના જૂના સંબંધો રહ્યા છે. આ પહેલા પણ અખિલેશ યાદવ અને અન્ય ઘણા મોટા નેતાઓ સલમાન અને સલીમ ખાનને મળતા રહ્યા છે. સલીમ ખાન બોલિવૂડના દિગ્ગજ લેખક છે અને તેમની તબિયત ખરાબ હોવાના સમાચાર મળ્યા પછી જ ઘણી મોટી હસ્તીઓ ખાન પરિવારના હાલચાલ જાણવા તેમને મળવા પહોંચી છે.

### ફિલ્મો ફ્લોપ થવા પર કેનેડા જવાનો નિર્ણય લીધો હતો

# દેશભક્તિની ફિલ્મો ઈમેજ માટે નથી કરતો' અક્ષય કુમારે કહ્યું- પાસપોર્ટ માત્ર એક કાગળ છે



બોલિવૂડ સ્ટાર અક્ષય કુમારે પોતાની કેનેડિયન નાગરિકતા વિશે ખુલીને વાત કરી છે. ઈન્ડિયા ટુડે કોન્ક્લેવમાં અક્ષયે જણાવ્યું કે- તેણે કેનેડા શિફ્ટ થવાનો નિર્ણય ત્યારે લીધો હતો, જ્યારે તેમની સતત 16-17 ફિલ્મો ફ્લોપ થઈ ગઈ હતી. અક્ષયે સ્પષ્ટ કર્યું કે તે દેશભક્તિવાળી ફિલ્મો પોતાની કોઈ ખાસ છબી બનાવવા માટે નથી કરતા, પરંતુ એટલા માટે કરે છે કારણ કે તેમને તે વિષય યોગ્ય લાગે છે.અક્ષય કુમારે જણાવ્યું કે- તેની કારકિર્દીમાં એક એવો સમય આવ્યો હતો જ્યારે તેની 16-17 ફિલ્મો સતત ફ્લોપ થઈ ગઈ હતી. અક્ષયના મતે, મારી પાસે કામ તો હતું પણ માત્ર 3-4 ફિલ્મો બાકી હતી. તે સમયે મને લાગ્યું કે હવે કંઈક બીજું કરવું જોઈએ. મને કેનેડામાં કામ મળી રહ્યું હતું, તો મેં ત્યાં જઈને નાનો બિઝનેસ કરવાનો પ્લાન બનાવ્યો હતો. આ દરમિયાન અક્ષયે કેનેડાની નાગરિકતા લીધી અને તેમને ત્યાંનો પાસપોર્ટ મળી ગયો.વર્ષ 2023માં સ્વતંત્રતા દિવસ પર અક્ષયે જણાવ્યું હતું કે તેમને હવે ભારતીય પાસપોર્ટ મળી ગયો છે.વર્ષ 2023માં સ્વતંત્રતા દિવસ પર અક્ષયે જણાવ્યું હતું કે તેમને હવે ભારતીય પાસપોર્ટ મળી ગયો છે.

અક્ષયે કહ્યું કે કમાલની વાત એ રહી કે મારી જે 3 ફિલ્મો રિલીઝ થવાની હતી, તે ત્રણેય હિટ થઈ ગઈ. મને ફરીથી ભારતમાં કામ મળવા લાગ્યું. મેં મારા મિત્રને કહી દીધું કે હું હવે નથી આવી રહ્યો અને ભારતમાં જ રહીશ. તે દરમિયાન હું પાસપોર્ટની વાત ભૂલી ગયો. મારા માટે તે ફક્ત એક ટ્રાવેલ ડોક્યુમેન્ટ હતું.

અક્ષયે મુંબઈ આવીને મોડેલ તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. અક્ષયે મુંબઈ આવીને મોડેલ તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી.જ્યારે અક્ષયને પૂછવામાં આવ્યું કે શું 'કેસરી' જેવી ફિલ્મો તેણે નેશનાલિસ્ટ હીરોની ઈમેજ બનાવવા માટે કરી હતી? આના પર તેણે કહ્યું, હું જે પણ કામ કરું છું, તે મારી ઈમેજ બનાવવા માટે નથી કરતો. હું ઘણું કામ કરું છું, પરંતુ દેશભક્તની ઈમેજ બનાવવા માટે નહીં. હું તે કામ કરું છું જે મને ગમે છે. તેણે કહ્યું કે લોકોને લાગે છે કે હું ટ્રોલિંગથી બચવા માટે આવી ફિલ્મો કરું છું, જ્યારે એવું નથી. અક્ષય કુમારે કહ્યું કે તે ઈમેજ બનાવવા માટે દેશભક્તિની ફિલ્મો નથી કરતા.ટ્રોલિંગ પર દુઃખ વ્યક્ત કરતા અક્ષયે કહ્યું, લોકો મને કેનેડિયન-કેનેડિયન કહેવા લાગ્યા, તો મેં પાસપોર્ટ જ બદલી નાખ્યો. મને સમજાતું નથી કે લોકો આટલું શા માટે બોલવા માંગે છે? તે માત્ર એક પાસપોર્ટ હતો, જ્યારે હું ટેક્સ ભારતમાં ભરું છું. જ્યારે હું કેનેડિયન હતો, ત્યારે પણ મેં ભારતમાં સૌથી વધુ ટેક્સ ભર્યો. મેં કેનેડામાં ક્યારેય ટેક્સ ભર્યો નથી, પરંતુ તેની કોઈ વાત કરતું નથી.અક્ષય કુમાર પાસે લાંબા સમય સુધી કેનેડાની નાગરિકતા રહી હતી, જેના કારણે તેમને સોશિયલ મીડિયા પર ખૂબ ટ્રોલ કરવામાં આવતા હતા. વર્ષ 2023માં સ્વતંત્રતા દિવસના અવસરે અક્ષયે જાણકારી આપી હતી કે તેમને હવે ભારતીય નાગરિકતા અને પાસપોર્ટ મળી ગયો છે. આ પહેલા તેઓ કેનેડિયન નાગરિક હોવાને કારણે ભારતમાં વોટ પણ આપી શકતા ન હતા.